અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ ડિસેમ્બર ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર વદ ૧૨ | અંક : ૧૭૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**વિપક્ષના સવાલોનો ચૂંટણી પંચે આપ્યો જવાબ** I જેમને મતદાનની ટકાવારીમાં ગેરરીતિની શંકા હોય તેઓ ફોર્મ-17C સાથે મેચ કરી શકે છે

## ચૂંટણી પ્રક્રિયાને સમજ્યા વિના મતદાન ટકાવારી પર સવાલ ઊભા કરવા એ ખોટું

### ફોર્મ 17C એ કોઈપણ મતદાન મથક પર થયેલા કુલ મતોનો એક માત્ર કાનૂની સ્ત્રોત છે અને તે મતદાન મથક બંધ થાય તે પહેલાં ઉમેદવારોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે

I (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ I

લોકસભાની ચૂંટણીના સમયથી ચૂંટણી પંચે મતદાનની ટકાવારી અંગે મોરચો ખોલનારા વિપક્ષોને માત્ર મતદાનની ટકાવારી એકત્ર કરવાનું સંપૂર્ણ ગણિત જ સમજાવ્યું નથી, પરંતુ સમજ્યા વિના ચૂંટણી પ્રક્રિયા પર શંકા ઉભી કરવાની બાબત પણ ખોટી ગણાવી છે.

ચૂંટણી પંચે કહ્યું કે, કોઈપણ રીતે ચૂંટણી પૂરી થયા પછી તમામ બૂથ પર વર્તમાન રાજકીય પક્ષોના એજન્ટને ફોર્મ-17C આપવામાં આવે છે, જેમાં તે બૂથ પર પડેલા મતોની સંપૂર્ણ વિગતો ઉપલબ્ધ હોય છે. જેમને મતદાનની ટકાવારીમાં ગેરરીતિની શંકા હોય તેઓ ફોર્મ-17C સાથે મેચ કરી શકે છે.

પંચે લોકસભા ચૂંટણી વખતે કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી પાર્ટીઓને પણ આ જવાબ આપ્યો હતો, પરંતુ હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણી દરમિયાન જ્યારે વિપક્ષે આ મુદ્દો ફરીથી ઉઠાવ્યો ત્યારે પંચે મંગળવારે માત્ર લેખિત જ જવાબ ન આપતા આયોગે પૂછેલા પ્રશ્નોની યાદીમાં આને લગતા પ્રશ્નો અને



જવાબોનો પણ સમાવેશ કર્યો છે. ચૂંટણી પંચે તાજેતરમાં પૂર્ણ થયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં કોંગ્રેસની ફરિયાદોનો જવાબ આપતા, ચૂંટણી દરમિયાન મતદાર યાદી અને મતદાર યાદી તૈયારીની પ્રક્રિયા વિશે વિગતવાર સમજાવ્યું. ECએ જણાવ્યું હતું કે, ફોર્મ 17C એ કોઈપણ મતદાન મથક પર થયેલા કુલ મતોનો એક માત્ર કાનૂની સ્ત્રોત છે અને તે મતદાન મથક બંધ થાય તે પહેલાં ઉમેદવારોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

પંચના જણાવ્યા મુજબ, ક્યારેક મતદાનનો સમય ૬ વાગ્યા સુધી રહે છે, તો ક્યારેક લાંબી લાઈનોને કારણે, મતદાન રાત્રે ૮ વાગ્યા સુધી ચાલુ રહે છે. આવું એટલા માટે થાય છે કારણ કે પંચનો નિયમ છે કે મતદાનના સમય સુધી લાઈનમાં ઉભા રહેલા તમામ લોકોને મતદાન કરવાની તક આપવામાં આવશે. મતદાન પૂર્ણ થતાની સાથે જ મતદાન કર્મચારીઓ બૂથમાં મતદાનની સંપૂર્ણ વિગતો ફોર્મ-17Cમાં દાખલ કરે છે, તેની એક નકલ તમામ ઉમેદવારોના એજન્ટને આપે છે અને તેમની સામે EVM સીલ કરીને જમા કરાવવામાં આવે છે.

સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ જમા કરાવવાનું કામ સામાન્ય રીતે સાત વાગ્યે શરૂ થાય છે, જે આખી રાત ચાલુ રહે છે. આ સમયગાળા દરમિયાન, જેમ જેમ EVM મશીનો એકઠા થાય છે, તે બૂથના મતદાનની અંતિમ વિગતો પણ ઓનલાઈન અપલોડ કરવામાં આવે છે.

કમિશનના જણાવ્યા અનુસાર, તે સામાન્ય રીતે ૧૧.૩૦ વાગ્યે નોંધાયેલી વિગતો જાહેર કરે છે. પરંતુ આ પછી પણ મતદાન ટીમો આવવાનું, ઈવીએમ એકત્રિત કરવાનું અને વિગતો અપલોડ કરવાનું કામ ચાલુ રહે છે, ત્યારબાદ તમામ વિગતો અપલોડ થયા પછી બીજા દિવસે મતદાનની અંતિમ ટકાવારી જાહેર કરવામાં આવે છે. પંચે મતદાનના દિવસે અને અંતિમ આંકડામાં મતદાનની ટકાવારી વધારવા અંગે વિપક્ષના પ્રશ્નોના જવાબ પણ આપ્યા છે. જેમ કમિશને કહ્યું કે, જ્યાં સુધી દરેક બૂથ પર મતદાનની વિગતો ફોર્મ-17C સાથે મેચ કરીને રેકોર્ડ કરવામાં ન આવે ત્યાં સુધી માત્ર મતદાનની ટકાવારીના અંદાજિત આંકડા જ આપવામાં આવે છે. આની નોંધણી કરવાનું કામ સામાન્ય રીતે મતદાનના બીજા દિવસે સવાર સુધી ચાલુ રહે છે. આવી સ્થિતિમાં અંતિમ આંકડા બીજા દિવસે જ આવે છે.

પંચના મતે, કોઈપણ રીતે મતદાનના દિવસે મતદાન અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા આંકડામાં થોડો ઘટાડો કરવામાં આવે છે, જેથી જો મતગણતરીમાં કોઈ વિસંગતતા હોય તો તેને સુધારી શકાય. પંચે મતદાનના ચાર દિવસ પછી મતદાનની ટકાવારીમાં ફેરફારના આરોપો અંગે પણ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે પુનઃ મતદાનના કિસ્સામાં ચાર દિવસ પછી મતદાનના અંતિમ આંકડા જાહેર કરવામાં આવે છે.

---

વડાપ્રધાને કેન-બેતવા 'રિવર લિન્કિંગ પ્રોજેક્ટ'નું ભૂમિપૂજન કર્યું

## જળસ્ત્રોતોના વિકાસમાં આંબેડકરના ફાળાને કોંગ્રેસે અવગણ્યો : પીએમ મોદી

### અટલ બિહારી વાજપેયીના જન્મદિન પ્રસંગે મોદીએ જણાવ્યું હતું કે, જળસુરક્ષા ૨૧મી સદીનો સૌથી મોટો પડકાર છે

I (એજન્સી) ખજુરાહો, તા.૨૬ I

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એક વાર કોંગ્રેસ પર આંબેડકરની અવગણનાનો આરોપ મૂક્યો છે. તેમણે મધ્યપ્રદેશમાં કેન-બેતવા 'રિવર લિન્કિંગ પ્રોજેક્ટ'ના ભૂમિપૂજન પ્રસંગે જણાવ્યું હતું કે, કોંગ્રેસે જળસ્ત્રોતોના વિકાસમાં ડો. આંબેડકરના યોગદાનની અવગણના કરી છે. ખજુરાહો ખાતેના કાર્યક્રમમાં બોલતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ''૨૧મી સદીમાં પૂરતા અને યોગ્ય રીતે સંચાલિત જળસ્ત્રોતો ધરાવતા દેશો જ પ્રગતિ કરી શકશે.'' ઉલ્લેખનીય છે કે, મોદીનું આંબેડકર અંગેનું નિવેદન થોડા સમય પહેલાં ગૃહમંત્રી અમિત શાહની ટિપ્પણીથી થયેલા વિવાદ પછી આવ્યું છે. મોદીએ કહ્યું હતું કે, ''દેશમાં જળસ્ત્રોતોના વિકાસ, મેનેજમેન્ટ અને બંધના નિર્માણમાં આંબેડકરના વિઝન અને દૂરંદેશીએ મહત્વનું યોગદાન આપ્યું હતું. તેમણે મોટા 'રિવર વેલી પ્રોજેક્ટ્સ' અને



સેન્ટ્રલ વોટર કમિશનની રચનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.''રિવર લિંન્કિંગ કાર્યક્રમમાં બોલતી વખતે મોદીએ જણાવ્યું હતું કે, ''કોઈને પણ પૂછો કે સ્વતંત્રતા પછી દેશમાં જલશક્તિના દૂરંદેશી વિષય પર કોણે વિચાર્યું હતું? મારા પત્રકાર મિત્રો પણ આ પ્રશ્નનો જવાબ નહીં આપી શકે. કારણ કે દેશના જળસ્ત્રોતોનો જશ એક વ્યક્તિને આપવા માટે સત્યને દબાવી દેવાયું હતું. જળસ્ત્રોતોના વિકાસ, બંધના નિર્માણ જેવા વિષયોમાં એક મહાન વ્યક્તિનું યોગદાન હતું.

---

**ન્યૂઝ બ્રિફ**

### કૃષિ નિકાસ વધારવા છ વર્ષ જૂની નીતિની સમીક્ષા હાથ ધરવા વિચારણા

I (એજન્સી) મુંબઈ, તા.૨૬ I

વૈશ્વિક બજારના બદલાઈ રહેલા ગણિતોને ધ્યાનમાં રાખી છ વર્ષ જૂની કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવા સરકાર વિચારી રહી છે. ભારતની કૃષિ નિકાસ વધારવાના પ્રયાસો જરૂરી હોવાનું સરકાર માની રહી છે. કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવા પાછળનો હેતુ દેશની કૃષિ જણશોની સ્પર્ધાત્મકતા વધારવા, વૈશ્વિક ધોરણોનું પાલન કરવા તથા વેલ્યુ એડેડ પ્રોડક્ટસને પ્રોત્સાહન આપવાનો રહેલો છે. પરંપરાગત ભાગીદારો સાથે નિકાસ સંબંધો જાળવી રાખી સરકાર નવી ઊભરતી બજારોમાં દેશની કૃષિ પેદાશોને સ્થાન અપાવવા માગે છે, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. બદલાઈ રહેલી બજાર માગને ધ્યાનમાં રાખી કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવી રહી જેથી નિકાસ ટાર્ગેટસ સિદ્ધ કરી શકાય. નાણાં વર્ષ ૨૦૨૩માં ભારતની કૃષિ નિકાસનો આંક જે ૫૧.૧૨ અબજ ડોલર હતો તે નાણાં વર્ષ ૨૦૨૪માં ઘટી ૪૮.૭૭ અબજ ડોલર જોવા મળ્યો હતો.

### જાપાન એરલાઈન્સ પર સાયબર એટેક, હવાઈ સેવાઓ પ્રભાવિત

I (એજન્સી) ટોક્યો, તા.૨૬ I

જાપાન એરલાઈન્સ પર સાયબર એટેક થયો છે. એરલાઈન્સને તેની અસર થઈ છે. ટિકિટનું વેચાણ પણ બંધ કરી દેવામાં આવ્યું છે. એરલાઈન્સની બેગેજ ચેક-ઈન સિસ્ટમમાં પણ સમસ્યા છે. જાપાન એરલાઈન્સ સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરી રહી છે.જાપાન એરલાઈન્સ ગુરુવારે સવારે સાયબર એટેક હેઠળ આવી છે. જેના કારણે મોટી સંખ્યામાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે.

---

આ હુમલા બાદ તાલિબાને બદલો લેવાની ધમકી આપી છે

## પાકિસ્તાને અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઇક કર્યા બાદ બંને દેશો વચ્ચે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

I (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૬ I

પાકિસ્તાને અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક કર્યા બાદ બંને દેશો વચ્ચે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ ઊભી થઈ ગઈ છે. હાલની સ્થિતિ એવી છે કે, બંને દેશો વચ્ચે હવે યુદ્ધના ભણકારા શરુ થઈ ગયા છે. અફઘાનિસ્તાનની સત્તા પર કબજો જમાવનાર તાલિબાની સત્તાના ૧૫૦૦૦ લડવૈયાઓ પાકિસ્તાન તરફ આગળ વધી રહ્યા હોવાના અહેવાલ સામે આવ્યા છે. પાકિસ્તાને મંગળવારે અફઘાનિસ્તાનના પૂર્વ પક્તિકા પ્રાંત પર એરસ્ટ્રાઈક કરી હતી, જેમાં ૧૫ નાગરિકોના મોત થયા છે. આ ઘટનાની સૌથી મોટી વાત એ છે કે, પાકિસ્તાને અફઘાનિસ્તાનની સરહદમાં ઘૂસીને હુમલો



કર્યો છે, જેના કારણે તાલિબાનીઓ ભડકે બળ્યા છે. આ હુમલા બાદ તાલિબાને બદલો લેવાની ધમકી આપી છે. આવી સ્થિતિમાં આપણે જાણીએ કે, જો પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધ થાય તો કોની જીત થઈ શકે છે અને કોણ સૌથી વધુ શક્તિશાળી છે? બંને દેશની સેનાની તાકાતની વાત કરીએ તો પાકિસ્તાન સામે અફઘાનિસ્તાનની સેના તમામ મોરચા પર નબળી દેખાઈ રહી છે. રિપોર્ટ મુજબ પાકિસ્તાન પાસે ૬ લાખથી વધુ સૈનિકો છે, એરક્રાફ્ટ મામલે પણ પાકિસ્તાનનું પલડું ભારે છે, તેની પાસે ૧૪૦૦થી વધુ વિમાનો, ૩૦૦૦થી વધુ ટેક્રો, ૫૦,૦૦૦થી વધુ આર્મ્ડ વ્હીકલ છે. પાકિસ્તાન નેવીની તાકાત પણ અફઘાનિસ્તાનથી ઘણી શ્રેષ્ઠ છે. પાકિસ્તાન પાસે ૩૮૭ એરક્રાફ્ટ વિમાનો પણ છે. અફઘાનિસ્તાનની સેનાની વાત કરીએ તો તેની પાસે અફઘાન આર્મી, એરફોર્સ અને પોલીસ બળ સહિત ત્રણ લાખથી વધુ સૈનિકો છે. તેની વાયુ સેના પાસે કોઈ વિશેષ તાકાત નથી. અફઘાનિસ્તાન માટે સૌથી મોટો પડકાર તેના સૈનિકો જ છે, કારણ કે તેના સૈનિકો ટ્રેઈન નથી. આ ઉપરાંત તેની પાસે વાયુસેનાની તાકાત પણ ઓછી છે.

---

### ખોદકામ જારી, સંભલમાં મળી આવ્યો મૃત્યુ કૂવો

I (એજન્સી) સંભલ, તા.૨૬ I

ઉત્તર પ્રદેશના સંભલમાં ગુરુવારે જામા મસ્જિદથીલગભગ ૧૦૦ મીટર દૂર એક કૂવો મળી આવ્યો હતો. હાલ આ સ્થળે ખોદકામની કામગીરી ચાલી રહી છે. આ કૂવો હિંદુ પ્રભુત્વ ધરાવતા વિસ્તારમાં જોવા મળે છે. તેને 'મૃત્યુનો કૂવો' પણ કહેવામાં આવે છે. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે નજીકમાં એક મંદિર છે, જે મૃત્યુંજય મહાદેવ મંદિર હતું. આ મંદિર હવે માટી નીચે દટાયેલું છે. આ સાથે લોકોએ દાવો કર્યો છે કે જો અહીં ખોદકામ કરવામાં આવશે તો અહીં મંદિર નીકળશે. જેની દીવાલ આજે પણ જોવા મળે છે.

---

EVM મુદ્દે કોંગ્રેસને મોટો ઝટકો

## નક્કર પુરાવા ન હોય ત્યાં સુધી EVM ને દોષી ઠેરવવુ ખોટું છે : સુપ્રિયા સુલન

**મેં પોતે ૪ વખત આ ઈવીએમનો ઉપયોગ કરીને ચૂંટણી જીતી છે : શરદ પવારની પુત્રી-બારામતી સાંસદ સુપ્રિયા**

I (એજન્સી) મુંબઈ, તા.૨૬ I

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ મહાવિકાસ અઘાડી ઈવીએમ પર સવાલો ઉઠાવી રહી છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને કોંગ્રેસે બેલેટ પેપર દ્વારા ફરીથી ચૂંટણી કરાવવાની માંગ કરી હતી. ઈવીએમને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ દરમિયાન, તેમના પોતાના સહયોગી શરદ પવારની એનસીપીએ તેને ફગાવી દીધી છે. શરદ પવારની પુત્રી અને



બારામતીના સાંસદ સુપ્રિયા સુલનેએ કહ્યું કે, જ્યાં સુધી તેમની પાસે છેડછાડના દાવાઓને સમર્થન આપવા માટે નક્કર પુરાવા ન હોય ત્યાં સુધી ઈવીએમને દોષી ઠેરવવુ ખોટું છે. મેં પોતે ૪ વખત આ ઈવીએમનો ઉપયોગ કરીને ચૂંટણી જીતી છે.' પુણેની મુલાકાતે આવેલા સુપ્રિયા સુલેએ પત્રકારો સાથે વાત કરી હતી.

---

## કોંગ્રેસે નકશા પર જમ્મુ-કાશ્મીર પાકિસ્તાનનો ભાગ દેખાડ્યું

I (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ I

કોંગ્રેસનું બેલગાવી અધિવેશન હવે ખોટા કારણોસર ચર્ચામાં છે. આ અધિવેશન માટે કોંગ્રેસ દ્વારા લગાવવામાં આવેલા પોસ્ટરમાં ભારતનો નકશો ખોટી રીતે દર્શાવવામાં આવ્યો હતો. આ નકશામાં જમ્મુ-કાશ્મીરને પાકિસ્તાનના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યું છે. આ નકશાને લઈને ભાજપે કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. ભાજપે કહ્યું છે કે, કોંગ્રેસનો ઈરાદો ભારતને તોડવાનો છે. ભાજપના પ્રવક્તા શહજાદ પૂનાવાલાએ કહ્યું કે, કોંગ્રેસે તેના કાર્યક્રમમાં ભારતનો જે નકશો લગાવ્યો છે, તે તેમની દેશ પ્રત્યેની માનસિકતા દર્શાવે છે. કોંગ્રેસ પર આરોપ લગાવતા ભાજપના શહજાદ પૂનાવાલાએ કહ્યું કે, કોંગ્રેસ પાર્ટી કહે છે કે ભારતને એક કરો પરંતુ આજે તેમના દ્વારા બેલગાવી અધિવેશનમાં રજૂ કરવામાં આવેલા દેશના નકશા સાથે છેડછાડ કરવામાં આવી છે. આ નકશામાં ભારતનું જમ્મુ અને કાશ્મીર પાકિસ્તાનમાં અને અક્સાઈ ચીન ચીનમાં બતાવવામાં આવ્યું છે. તેના અધિવેશન દરમિયાન આ નકશાનો ઉપયોગ કરવાથી સ્પષ્ટ થાય છે કે, કોંગ્રેસની માનસિકતા હંમેશા ભારતને વિખેરી નાખવાની રહી છે.

---

## મેલબોર્નમાં ખાલિસ્તાનીઓ ઝંડા લઈને દેખાવ કરવા લાગ્યા

I (એજન્સી) મેલબોર્ન, તા.૨૬ I

બોર્ડર-ગાવસ્કર ટ્રોફી હેઠળ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમાઈ રહી છે. આ ટેસ્ટ શ્રેણીની ચોથી ટેસ્ટ મેચ મેલબોર્નમાં રમાઈ રહી છે. આ ટેસ્ટ મેચની શરૂઆત પહેલા મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG)ની બહાર ખાલિસ્તાની અને ભારતીય સમર્થકો વચ્ચે અથડામણ થઈ હતી. આ પહેલા મેદાનમાં કોહલી અને કાંગારૂ બેટર વચ્ચે ઝઘડો થયાનો વીડિયો સામે આવ્યો હતો. એક ડઝન ખાલિસ્તાની લોકો ઝંડા લઈને ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા, જેનો ભારતીય સમર્થકોએ જોરદાર વિરોધ કર્યો હતો. ભારતીય સમર્થકોએ ભારત ઝિંદાબાદના નારા લગાવીને તેમને શાંત પાડ્યા હતા. આ અથડામણનો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચોની ટેસ્ટ શ્રેણીની ચોથી ટેસ્ટ મેચ આજથી એટલે કે ૨૬ ડિસેમ્બરથી મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાઈ રહી છે. આ ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. આ ટેસ્ટ મેચ પહેલા મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડની બહાર ખાલિસ્તાની અને ભારતીય સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું હતું.

---

રાજસ્થાનની કરુણ ઘટના

## પત્ની માટે પતિએ VRS લીધું અને ફેરવેલ પાર્ટીમાં જ પત્નીનું મોત

I (એજન્સી) જયપુર, તા.૨૬ I

કોટામાં પત્નીની ખરાબ તબિયતને જોતા પતિએ સરકારી નોકરીમાંથી ફઈજી લીધું હતું. પતિએ રિટાયરમેન્ટની પાર્ટીનું આયોજન કર્યુ હતું. આ દરમિયાન પાર્ટીમાં જ પત્નીનું મોત નિપજ્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, દાદાવાડીમાં સેન્ટ્રલ વેરહાઉસના મેનેજર દેવેન્દ્ર કુમારના પત્ની હાર્ટ પેશન્ટ હતા. આથી નોકરી કરતી વખતે દેવેન્દ્ર કુમાર પત્ની



દિપીકાની તબિયત પર પૂરેપૂરું ધ્યાન આપી શકતા ન હતા. આથી નિવૃત્તિના ત્રણ વર્ષ પહેલા જ તેમણે ફઈજી લઈ લીધું હતું. તેણે નક્કી કર્યું હતું કે હવે હું ૨૪ કલાક પત્ની સાથે રહીને તેની સેવા કરીશ. એવામાં મંગળવારે સાંજે તેમની રિટાયરમેન્ટ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

---

અનેક ગુજરાતી લૂંટાયા, હિંસામાં ૧૫૦નાં મોત

## મોઝામ્બિકમાં ચૂંટણી બાદ હિંસક દેખાવ, ૧૫૦૦ કેદી જેલથી ફરાર

I (એજન્સી) મોઝામ્બિકા, તા.૨૬ I

આફ્રિકાના મોઝામ્બિકાની સુપ્રીમ કોર્ટના એક નિર્ણયના કારણે દેશમાં ઉથલપાથલ મચી ગઈ છે. દેશમાં અનેક જગ્યાએ હિંસા ફાટી નીકળી છે, જેમાં અત્યાર સુધીમાં કુલ ૧૫૦થી વધુ લોકોના મોત થયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. હિંસા દરમિયાન અનેક ગુજરાતીઓના મોલ અને વેરહાઉસમાં લૂંટફાટ કરવામાં આવી છે. ભીડે કેટલાક મોલમાં આંગ ચંપી કરી સળગાવી દીધા છે. વાસ્તવમાં ૯મી ઓક્ટોબર-૨૦૨૪માં દેશમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઈ હતી, જેમાં ઘણો વિવાદ થતા મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા હતો. ત્યારબાદ સુપ્રીમ કોર્ટે પોતાના



ચૂકાદામાં સત્તાધારી ફ્રીલીમો પાર્ટીમાંથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડેનિયલ ચૈપોને વિવાદાસ્પદ ચૂંટણીના વિજેતા જાહેર કર્યા છે, જેના કારણે ત્યાં હિંસા ભડકી ગઈ છે. પોલીસ અધિકારીઓએ મંગળવારે કહ્યું કે, તાજેતરની હિંસામાં બે પોલીસ અધિકારીઓ સહિત ઓછામાં ઓછા ૨૧ લોકોના મોત થયા છે.

---

વક્ફના ઈમામોનો ૧૭ મહિનાથી પગાર બાકી

## વક્ફના ઈમામો પગારની માગણી સાથે અરવિંદ કેજરીવાલના નિવાસે પહોંચ્યા

I (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ I

દિલ્હી ચૂંટણી પહેલા રાજધાનીના ઈમામોએ આજે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મળવાનો પ્રયાસ કર્યો હતો. દિલ્હીના ઈમામોનું કહેવું છે કે તેમને છેલ્લા ૧૭ મહિનાથી ૧૬-૧૮ હજાર રૂપિયાનો માસિક પગાર જે આપવામાં આવે છે તે મળ્યો નથી. જેનાં કારણે આજે ઈમામોએ ફિરોઝશાહ રોડ પર કેજરીવાલને મળવાનો પ્રયાસ કર્યો હતો. ઈમામોએ કહ્યું,કે 'આપણે રાજકારણમાં ન ખેંચાય. અમે અહીં એટલા માટે આવ્યા છીએ કારણ કે દિલ્હીના ઈમામો અને મુઅઝીનને છેલ્લા ૧૭ મહિનાથી પગાર નથી મળ્યો. દિલ્હીના ઈમામોનું કહેવું છે કે તેમને વક્ફ બોર્ડ તરફથી પગાર મળ્યો નથી. દિલ્હીની અલગ-અલગ મસ્જિદોના મૌલાનાઓ અને મુઅઝીન આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલના ૫ ફિરોઝશાહ સ્થિત નિવાસસ્થાને પહોંચ્યા છે. જોકે, તેઓ અરવિંદ કેજરીવાલને મળી શક્યા ન હતા. દિલ્હી વક્ફ બોર્ડ સાથે સંકળાયેલા કુલ ૨૫૦ ઈમામ અને મુઈઝીન પગાર અંગે અરવિંદ કેજરીવાલને મળવા માંગતા હતા, જે ૧૭ મહિનાથી મળ્યા નથી.

### અમદાવાદ શહેરમાં તસ્કરો બેફામ બન્યાં

# નવરંગપુરામાં ધોળા દિવસે તસ્કરો ૯.૨૫ લાખના દાગીના ચોરી ગયા

### ભાટની સ્વામિનારાયણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના ડાયરેક્ટરના ઘરે થયેલી ચોરીમાં પોલીસે તપાસ શરૂ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ભાટ ખાતેના સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના ડાયરેક્ટરના નવરંગપુરા ખાતેના ફ્લેટનું તાળું તોડીને તસ્કરો ધોળા દિવસે ૯.૨૫ લાખના દાગીના ચોરી ગયા હતા. જે અંગે નવરંગ પુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. ડાયરેક્ટર ઓફિસે ગયા અને તેમના પત્ની જ્વેલર્સમાં ગયા હતા ત્યારે માત્ર ચાર જ કલાકમાં તસ્કરો હાથફેરો કરી ગયા હતા. નવરંગપુરા સ્થિત ઈશ્વરભુવન ખાતેના સૂર્યા એપાર્ટમેન્ટમાં રહેતા ધર્મેશભાઈ વન્ડરા ભાટની સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં ડાયરેક્ટર તરીકે ફરજ બજાવે છે. તેમની પત્ની નિમેષાબેને નવંગપુરામાં ફરિયાદ નોંધાવી છે કે મંગળવારે તેમના પતિ ઓફિસે ગયા હતા. ત્યારબાદ લગભગ અઢી વાગ્યના સુમારે તેઓ ઘરને તાળું મારીને એક્ટિવા પર સેટેલાઈટ ખાતેના ઈન્દ્રીયા જ્વેલર્સ પર ગયા હતા. જ્યાં પોતાનું કામ પૂરું કરીને લગભગ સાડા છ વાગ્યે તેઓ ઘરે પહોંચ્યા હતા. ત્યારે તેમના પતિ પણ ઓફિસેથી આવી ગયા હતા. નિમેષાબેન સીડી ચઢીને ઘરે જઈ રહ્યા હતા ત્યારે તેમના ફ્લેટને મારેલું તાળું સીડીમાંથી મળ્યું હતું. તરત જ તેમણે ફ્લેટ પર જઈને જોતાં તાળું અને નકુચો તૂટેલા હતા. ઘરનું ઈન્ટરલોક પણ તૂટેલું હતું. જેથી તેમણે ઘરમાં જઈને તપાસ કરતાં ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ ૯.૨૫ લાખનો મુદ્દામાલ ગુમ હતો. જે અંગે તેમણે નવરંગપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ. દેસાઈએ વધુ તપાસ આદરી છે.

### બબાલ થતાં તાત્કાલિક અસરથી રાઇડ બંધ કરવામાં આવી

# વડોદરાના મેળામાં હેલિકોપ્ટર રાઈડનાં દરવાજા ખૂલતાં બાળકો પટકાયા હતા

### રાવપુરા પોલીસે ગુનો નોંધી ત્રણેયની અટકાયત કરી પોલીસ માર્ગ-મકાન વિભાગ પાસે રાઈડનું ચેકિંગ કરાવશે

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।



વડોદરામાં બાળકોના જીવ સાથે રમત રમનારા રાઈડ સંચાલકોની અટકાયત કરવામાં આવી હતી. મળતી જાણકારી અનુસાર, શહેરના માંજલપુરમાં ચાલી રહેલા રોયલ મેળામાં મોટી દુર્ઘટના ટળી હતી. નાના બાળકોની એક હેલિકોપ્ટર રાઈડ ચાલુ હતી ત્યારે અચાનક તેના લોક ખુલી જતા બાળકો નીચે પટકાયા હતા. ત્યાં હાજર સૌ કોઈએ બૂમ પાડીને તાત્કાલિક રાઈડ બંધ કરાવી દીધી હતી. આ ઘટનામાં ચાર બાળકોને સામાન્ય ઈજા થઈ હતી. ઘટનાને પગલે તંત્ર દોડતું થયું હતું. આ મામલે ત્રણ લોકોની અટકાયત કરવામાં આવી છે. જેમાં રોયલ મેળાના માલિક નિલેશ તુરખિયા, સુપર વાઈઝર હેમરાજ મોરે, રાઈડના ઓપરેટર યુનુસ મોહમ્મદની પણ અટ-કાયત કરવામાં આવી હતી. રાવપુરા પોલીસે ગુનો નોંધી ત્રણેય શખ્સની અટકાયત કરી હતી. પોલીસ માર્ગ-મકાન વિભાગ પાસે રાઈડનું ચેકિંગ કરાવશે. કોંગ્રેસ નેતા અમીબેન રાવતે કહ્યું હતું કે નિયમોને નેવે મૂકીને રાઈડની મંજૂરીઓ આપવામાં આવી હતી. અગાઉની ઘટનાઓ પરથી બોધપાઠ લેવાયો નથી. હરણીકાંડ બાદ કડક નિયમો બનાવ્યા તે કાગળ પર છે. નોંધનીય છે કે રોયલ મેળામાં દરરોજ મોટી સંખ્યામાં લોકો આવે છે. બુધવારે સાંજે આ મેળામાં નાના બાળકોની રાઈડનું લોક ખુલી જતા એક બાળકી નીચે પટકાઈ હતી. રાઈડ ચલાવનારે તરત જ રાઈડ બંધ કરી દીધી હતી. બાળકીને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. સમગ્ર ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.

રોયલ મેળામાં આવેલા લોકોએ કહ્યું હતું કે નાના બાળકોની રાઈડ એકદમ ફૂલ સ્પીડમાં ફરવા લાગી હતી. છોકરાઓ ચાલુ રાઈડમાં પડવા માંડ્યા હતા. દરવાજા પણ ખુલી ગયા હતા. લગભગ ત્રણથી ચાર બાળકો પડ્યા હતા. જ્યારે સમગ્ર બનાવને લઈને ઘટના સ્થળે આવી પહોંચેલા જોઈન્ટ પોલીસ કમિશનર લીના પાટીલે જણાવ્યું હતું કે, રોયલ મેળાના સુપરવાઈઝર અને ઓપ રેટરની અમે અટકાયત કરી છે. મેળામાં રાઈડ્સ માટે લેવાની જરૂરી પરવાનગી લેવામાં આવી છે કે નહીં તે દિશામાં પણ તપાસ થશે.

### ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે ૨૬ ડિસેમ્બર સુધી ફોર્મ ભરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટેના ફોર્મ ભરવાની મુદતમાં વધારો કર્યો છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૪ ડિસેમ્બર હતી, પરંતુ હજુ અમુક વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોય તેમ જણાતા મુદત બે દિવસ વધારી ૨૬ ડિસેમ્બર સુધીની કરવામાં આવી છે. ઉપરાંત પ્રિન્સિપાલ એપ્રુવલ સહિતની કામગીરી પણ પૂર્ણ કરવા માટે બોર્ડે સ્કૂલોને સૂચના આપી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે નોંધાયેલી સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમા ધરાવતી રાજ્યની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો, શિક્ષકો, વહીવટી કર્મચારીઓ, શાળાના સંચાલકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા પત્ર લખી જાણ કરવામાં આવી છે કે, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાના ફેબ્રુઆરી-૨૦૨૫ની બોર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્રો લેઈટ ફી સાથે ઓનલાઈન ભરવાની મુદત લંબાવવામાં આવી છે.

### વ્હાલસોયા દિકરાને ગુમાવતા માબાપ પર આભ તૂટી પડ્યું

# અમરેલીમાં દીપડાએ ૧૦ વર્ષીય બાળકને ફાડી ખાતા મચી ચકચાર

। (એજન્સી) અમરેલી, તા.૨૬ ।

અમરેલી જિલ્લાના રાજુલા જાફરબાદમાં દીપડાએ ૧૦ વર્ષીય બાળકને ફાડી ખાતા ચકચાર મચી ગઈ છે. જાફરાબાદમાં માસૂમ બાળકના મોતથી પરીવારમાં શોકનો માહોલ છવાયો છે. દીપડાના હુમલામાં ઘાયલ થયેલ બાળકને સારવાર માટે લઈ જવામાં આવ્યો. જ્યાં સારવાર દરમ્યાન બાળકનું મોત નિપજયું. બાળકના મોતને લઈને ધારાસભ્યની પ્રતિક્રિયા સામે આવી. ધારસભ્યે વન્યપ્રાણીના હુમલાથી બચવા પ્રજાજનોને ખુલ્લામાં ના સુવાની ચેતવણી આપી. રાજુલા જાફરાબાદમાં દીપડાના હુમલામાં બાળકનું મોત થયું. જેના બાદ ધારાસભ્યની પ્રતિક્રિયા સામે આવી. ધારાસભ્ય હીરા સોલંકીએ દીપડા જેવા હીંસક પ્રાણીના ઘાતકી હુમલાથી બચવા પ્રજાજનોને ખુલ્લામા ના સુવા અપીલ કરી. દીપડો વહેલી તકે પકડાઈ તે માટે વનવિભાગને સૂચના આપી છે. વધુમાં હીરા સોલંકીએ કહ્યું કે આવી ઘટનાઓ બને છે ત્યારે મને બહુ દુ:ખ થાય છે. વિસ્તારના જનપ્રતિનિધિ તરીકે પ્રજાને સંદેશો આપું છું કે તેઓ હજુ થોડા સમય વધુ સાવચેતી રાખે. વન વિભાગ દ્વારા દીપડાને પકડવા ૬ પાંજરા મૂકાયા. જાફરાબાદમાં દીપડાના હુમલામાં પોતાના વ્હાલસોયા દિકરાને ગુમાવતા માબાપ પર આભ તૂટી પડ્યું. અને સગાસંબંધીઓ પણ શોકાતુર થઈ ગયા છે.

પ્રાણીઓ પર જીવદયા કરવી કે પછી તેમને સજા કરવી તેને લઈને આ વિસ્તારના લોકોમાં ચિંતાના વાદળો છે. બાળકના મોત બાદ અન્ય લોકો પણ હવે પોતાના બાળકની સલામતીને લઈને ચિંતિત છે. ખુલ્લામાં રમતા બાળકો પર પણ હવે સતત હિંસક પ્રાણીઓનો ભય તોળાઈ રહ્યો છે.

### ફરી એકવાર કિરણ પટેલ જેવો જ એક મહાઠગ સામે આવ્યો

# આવાસ યોજનાની સ્કીમોમાં મકાનની લાલચ આપી ૨૫૦ લોકો સાથે ઠગાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ફરી એકવાર કિરણ પટેલ જેવો જ એક મહાઠગ સામે આવ્યો છે. વસ્ત્રાપુર, સોલા અને નારણપુરામાં ફરિયાદ નોંધાઈ હતી કે વિરમસિંગ ઉર્ફે વિરેન્દ્રસિંગ ઉર્ફે સાહેબ ભોજુભા રાઠોડ અલગ-અલગ જગ્યાએ જઈને જરૂરિયાતમંદ લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન અપાવવાનું વચન આપીને છેતરતો હતો.તે સચિવાલયમાં કામ કરતો હતો.

મહાઠગ વિરમસિંહે છેલ્લા બે વર્ષમાં દુકાનો અને મકાન અપાવવાના નામે ૨૫૦ લોકો પાસેથી રૂ.૩ કરોડની ઉચાપત કરી હતી. જે મામલે પોલીસે વિરમસિંગની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક પૂછપરછમાં તેણે કબૂલ્યું હતું કે તેણે આ છેતરપિંડીના પૈસાથી ફૂડ કોર્ટ, ગૃહ ઉદ્યોગ અને શેરબજારમાં રોકાણ કર્યું હતું અને ખોવાઈ ગયો હતો. તપાસ દરમિયાન ઘણી માહિતી સામે આવી શકે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઘર અપાવવાની લાલચ આપીને લોકો પાસેથી કરોડો રૂપિયા પડાવી લેનાર છેતરપિંડી કરનારની પોલીસે ધરપકડ કરી છે. એવું બહાર આવ્યું છે કે આરોપી સચિવાલયમાં કામ કરવાનો ડોળ કરતો હતો અને તેણે અત્યાર સુધીમાં લગભગ ૨૫૦ લોકો પાસેથી ૩ કરોડ રૂપિયાની રકમ વસૂલ કરી છે. ઝોન 1 LCB SCOD એ વીરમસિંહ ઉર્ફે વિરેન્દ્રસિંહ રાઠોડ નામના આરોપીની ધરપકડ કરી છે. મૂળ અમરેલીનો રહેવાસી અને છેલ્લા કેટલાક સમયથી અમદાવાદમાં રહેતા આ આરોપીએ ઘર બનાવવાનું વિચારતા અનેક લોકોના સપના ધૂળ ચડાવી દીધા છે.

આરોપી સચિવાલયમાં નોકરી કરતો હોવાનું જણાવીને સરકારી યોજના હેઠળ મકાન ખરીદવાનું વિચારી લોકોને લલચાવતો હતો અને બાદમાં હપ્તે પૈસા વસૂલ કરતો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીએ અત્યાર સુધીમાં ૨૫૦ થી વધુ લોકો સાથે ૩ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી છે. આ બદમાશ લોકોને વેબસાઈટ પર વિશ્વાસ અપાવવા માટે મકાન ફાળવણી પત્ર જેવા કેટલાક દસ્તાવેજો મેળવતો હતો અને તે વ્યક્તિના નામે નકલી દસ્તાવેજો બનાવીને પીડિતને આપ્યા હતા. એટલું જ નહીં, તે પીડિતાને સરકારી ઓફિસમાં પણ લઈ જતો હતો, જ્યાં તેણે નકલી દસ્તાવેજો પર સહી કરવાનું નાટક કર્યું હતું. આરોપીએ લોકોને છેતરવા માટે કેટલાક એજન્ટોની પણ નિમણૂક કરી હતી, જેમને તેણે અત્યાર સુધીમાં ૫૦ થી ૬૦ લાખ રૂપિયા કમિશન તરીકે આપ્યા છે. પોલીસે આવા એજન્ટોની માહિતી અને તેમના બેંક ખાતાની વિગતો પણ મેળવી છે.

શરૂઆતમાં, આરોપી ઘરના રજીસ્ટ્રેશન માટે રૂ. ૩૦,૦૦૦ અને દુકાનના રજીસ્ટ્રેશન માટે રૂ. ૫૦,૦૦૦ લેતો હતો, બાદમાં તે હપ્તે વધુ પૈસા વસૂલતો હતો. આરોપીઓ સામે વસ્ત્રાપુર, સોલા અને નારણપુરા એમ ત્રણ પોલીસ સ્ટેશનમાં અલગ-અલગ કેસ નોંધાયા છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓએ છેતરપિંડીથી મેળવેલા નાણાંનું ફૂડ કોર્ટ, શેર માર્કેટ અને હેન્ડીક્રાફ્ટ જેવા વ્યવસાયોમાં રોકાણ કરીને લાખો રૂપિયા ગુમાવ્યા છે.

### વડોદરામાં વેરો ના ભરનાર સામે મનપાએ કડક કાર્યવાહી હાથ ધરી

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

વડોદરામાં વેરો ના ભરનાર સામે મનપા એ કડક કાર્યવાહી હાથ ધરી. મનપા વેરો ના ભરનારાની મિલકતો સીઝ કરશે. મહાનગર પાલિકાએ વેરા ભરવાની ઝોન વાઈઝ તારીખો જાહેર કરી. આ મુજબ ૨૦૨૪-૨૫ના મિલકત વેરાના બિલો આપવાનું ૨ ડિસેમ્બરથી ચાલુ થશે. જ્યારે દક્ષિણ ઝોનમાં વોર્ડ નંબર ૧૬થી ૧૯માં છેલ્લી તારીખ ૧૬ જાન્યુઆરી જાહેર કરવામાં આવી છે. તેમજ પશ્ચિમ ઝોનમાં વોર્ડ નંબર ૮થી ૧૨માં છેલ્લી તારીખ ૨૩ જાન્યુઆરી અને ઉત્તર ઝોનમાં વોર્ડ નંબર ૧, ૨, ૩, ૭ અને ૧૩માં ૨૯ જાન્યુ. છેલ્લી તારીખ જાહેર કરી જ્યારે પૂર્વ ઝોનમાં વોર્ડ નંબર ૪, ૫, ૬, ૧૪ અને ૧૫માં છેલ્લી તારીખ ૩ ફેબ્રુઆરી જાહેર કરી. અગાઉ જાન્યુઆરી મહિનામાં આ મામલે કડક વલણ અપનાવતા ૩૫૦થી વધારે કોમર્શિયલ મિલકત સીલ કરી હતી. એક અધિકારીએ નામ ના આપવાની શરતે જણાવ્યું કે મનપાએ ૨૦૦૩થી અત્યાર સુધીમાં અંદાજે રૂ. ૧૬૭ કરોડનો વેરો વસૂલવાનો બાકી છે. અને અત્યાર સુધીમાં મહાનગર પાલિકાને વેરાની વસૂલાત પેટે રૂ. ૩૧૧ કરોડની આવક થઈ છે.

### સિગારેટ ન પકડતા ટપોરીએ યુવકની ગરદન પર છરી મૂકી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ઈસનપુર વિસ્તારમાં પરિવાર સાથે રહેતો યુવક ગત રવિવારે રાતે સોસાયટીના નાકે ઊભો હતો ત્યારે અચાનક એક સગીર સહિત ત્રણ ટપોરી આવ્યા અને યુવકને સિગારેટ હાથમાં પકડવાનું કહ્યું હતું. યુવકે સિગારેટ પકડવાથી ઈનકાર કરી દેતા તેને માર માર્યો અને ગરદન પર ચાકુ મૂકીને હું જે કહું તેમ કરવું પડશે નહીં તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ બનાવ સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતા પોલીસે ત્રણેય સામે ગુનો નોંધીને તમામની અટકાયત કરી છે. ઈસનપુરમાં જયશ્રી સોસાયટીમાં જિતેન્દ્રભાઈ મકવાણા (ઉં. ૫૧) પત્ની અને ત્રણ બાળકો સાથે રહે છે. ૨૨ ડિસેમ્બરે રાત્રે જિતેન્દ્રભાઈ અને પરિવારના સભ્યો ઘરમાં હાજર હતા ત્યારે તેમનો ૨૧ વર્ષીય દીકરો અયન ગભરાઈને ઘરમાં દોડીને આવ્યો અને કહેવા લાગ્યો કે સોસાયટીના નાકે ત્રણ છોકરાએ મને સિગારેટ પકડવાનું કહ્યું પરંતુ મેં ઈનકાર કરતા ત્રણમાંથી એકે મારી ગરદન પર છરી મૂકી અને હું કહું એમ કરવાનું નહિતર જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી.

# જામકંડોરણામાં રખડતા શ્વાને ત્રણ બાળકો પર કર્યો હુમલો

। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

રાજકોટ જિલ્લામાં રખડતા ઢોરનો આતંક વધતાં લોકોમાં ડર ફેલાયો છે. જામકંડોરણાના ઈન્દિરાનાગર વિસ્તારમાં ત્રણ બાળકો પર રખડતા શ્વાનના ટોળાએ આવીને હુમલો કર્યો હતો જેમાં એક બાળકનું સારવાર મળે તે પહેલા જ મોત થયું છે. આ બાળકને રખડતા શ્વાનોએ આખા શરીર પર બચકાં ભરી લીધા હતા. આ ત્રણેય બાળકો ખુલ્લા પ્લોટમાં કુદરતી હાજતે ગયા હતા આ દરમિયાન રખડતાં શ્વાનનું ટોળું આવી ગયું હતું. ત્યારે આ રખડતાં શ્વાનનું ખસીકરણ કરવાની માગ ઉઠી છે. એક તરફ તંત્ર શ્વાનના ખસીકરણની મસમોટી વાત કરે છે પરંતુ વાસ્તવિકતા કઈક અલગ જ છે. પુત્રનું મોત થતાં પરિવારજનોમાં શોક ફેલાયો છે. પરિવારજનોએ રખડતા શ્વાનનો આતંક દૂર કરવાની માગ કરી છે. જામકંડોરણા ગામના ઈન્દિરા નગર વિસ્તારમાં શ્રમજીવીઓની વસાહત આવેલ છે. આ વસાહતમાં શ્રમજીવીઓ ઝુંપડા બાંધીને પરીવાર સાથે રહે છે. જેમાં ગતરોજ રામજીભાઈ રાઠોડ નામના શ્રમજીવીના ત્રણ પુત્રો યુવરાજ, રાજ અને રવિ ત્યાં બાજુમાં જ આવેલ ખુલ્લા મેદાનમાં કુદરતી હાજતે ગયેલા હતાં. ત્યારે આ ખુલ્લા પ્લોટમાં મૃત પશુઓની ખાલ ઉતારવાનો વ્યવસાય થતો હોવાથી અહીં ૫૦ થી ૬૦ જેટલા શ્વાનો પણ રહે છે. આ શ્વાનોમાંથી પાંચ થી છ જેટલા સ્વાનોના ટોળાએ આ ત્રણ ભાઈઓ પર હુમલો કર્યો. જેમાં યુવરાજ અને રાજ બંને ભાઈઓ ભાગવામાં સફળ થઈ ગયા જ્યારે રવિ કૂતરાંઓના ટોળાની ઝપટે ચડી જતા રવીને શ્વાનોએ ચારે બાજુથી બચકા ભરવા લાગ્યા અને લોહીલુહાણ કરી દીધો. સ્વાનના હુમલાથી ભાગેલ બે ભાઈઓ ઘરે પહોંચી ઘરે વાત કરતા પરિવારજનો રવીને બચાવવા સ્થળ પર પહોચતા શ્વાનો રવિને બચકા ભરી રહ્યાં હતા અને રવિ લોહીલુહાણ હાલતમાં પડ્યો હતો. પરિવારજનોએ રવિને શ્વાનો પાસેથી ખેંચી લોહી લુહાણ હાલતમાં સારવાર માટે સરકારી હોસ્પીટલ લઈ જતા ત્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. શ્વાનના હુમલા અંગે મૃતક રવિના પિતાએ સહિત સ્થાનિકોએ આક્ષેપ કરેલ કે અમારા વિસ્તાર પાસે મૃત પશુઓની ખાલ ઉતારવાનો વ્યવસાય ચાલુ હોય તેને કારણે અહીં ૫૦ થી ૬૦ જેટલા શ્વાનો રહે છે, અને શ્વાનોના ત્રાસ વિશે તેમજ મૃત પશુની ખાલનો વ્યવસાય અન્ય જગ્યાએ ખસેડવા અમે પ્રસાસનને રજુઆત કરેલ છે, પરંતુ પ્રશાસને કઈ ધ્યાન ન આપ્યું જેને કારણે મારે પુત્ર ગુમાવવાનો વારો આવ્યો છે. શ્વાન પકડવાની કે ખસીકરણ કરવાની કોઈ કામગીરી ન થતી હોવાના આક્ષેપ સ્થાનિકોએ કર્યા હતા.શ્વાનના હુમલાના અનેક બનાવો સામે આવી રહ્યાં છે ત્યારે તંત્ર દ્વારા રખડતા શ્વાનને ખસીકરણ અથવા શ્વાન પકડવા જરૂરી છે. જેથી કરીને લોકોને શ્વાનના ત્રાસમાંથી મુક્તિ મળે પરંતુ તંત્ર કોઈ કામગીરી ન કરતું હોવાથી લોકો શ્વાનનો ભોગ બની રહી રહ્યા છે. ત્યારે લોકોને શ્વાન ત્રાસ માંથી મુક્તિ ક્યારે મળશે તે સમય જ બતાવશે.

## વિશેષ

### રાષ્ટ્ર પ્રથમનો ભાવ બાળકો-યુવાઓમાં જાગૃત કરતો દિવસ "વીર બાલ દિવસ" છે : મુખ્યમંત્રી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વીર બાલ દિવસની અમદાવાદના થલતેજ ગુરુદ્વારાની ઉજવણીમાં સહભાગી થયા

### રાષ્ટ્ર અને ધર્મરક્ષા માટે બલિદાન આપનારા શીખ બાળની સ્મૃતિ સદાકાળ ચિરંજીવ રાખવા વડાપ્રધાન નરેન્દ્રની પ્રેરણાથી દેશભરમાં ૨૦૨૨થી ૨૬ ડિસેમ્બરે "વીર બાલ દિવસ"ની ઉજવણી થાય છે









। (માહિતી) અમદાવાદ ।

શીખ સંપ્રદાયના ગુરુ ગોવિંદસિંહજી ના બે નાના પુત્રોએ રાષ્ટ્ર અને ધર્મ રક્ષા માટે આપેલા બલિદાનની સ્મૃતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૨૨ થી તા. ૨૬ ડિસેમ્બરને દેશભરમાં વીર બાલ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે કહ્યું કે, દેશના સ્વાભિમાન અને સ્વધર્મ રક્ષા માટે પરંપરાનું મહત્વનું યોગદાન ત્યાગ તપસ્યા અને બલિદાનથી ભરેલું છે. તેમણે ઉમેર્યું કે, વીર બાલ દિવસ દેશના યુવાનો અને બાળકોમાં રાષ્ટ્ર પ્રથમનો ભાવ પ્રેરિત કરનારો મહત્વપૂર્ણ દિવસ છે. વીર બાલ દિવસ એ સંસ્કૃતિ અને માતૃભૂમિના રક્ષણ તથા સ્વાભિમાન ખાતર ધર્મ પરિવર્તન સામે ઝુકવાના બદલે પોતાના પ્રાણની આહુતિ આપવાની આપણી શૌર્યગાથાનું પ્રતીક છે એમ પણ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં દશકોથી ચાલતી આવતી પરંપરાને ભારતીય સભ્યતા સાથે સુસંગત રીતે જોડી છે. દેશના બાળકોની વિશેષ ઉપલબ્ધિઓ, સાહસ અને શૌર્યને બિરદાવવા દર વર્ષે ૨૬મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય બાળ પુરસ્કાર આપવામાં આવે છે. પરંતુ વડાપ્રધાનશ્રીએ આ વર્ષથી વીર બાલ દિવસે આ પુરસ્કાર આપવાની નવી પ્રથા શરૂ કરી છે. મુખ્યમંત્રી શ્રી ગુરુદ્વારામાં યોજાયેલા શબદ કીર્તનમાં જોડાયા હતા અને ભક્તિભાવ પૂર્વક ગુરુ ગ્રંથ સાહેબના દર્શન પૂજન તેમણે કર્યા હતા. એટલું જ નહીં, થલતેજ ગુરુદ્વારામાં કરવામાં આવતી લંગર સેવામાં જોડાઈને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભોજન પ્રસાદ પણ પીરસ્યો હતો. આ પ્રસંગે શહેરના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, ધારાસભ્યશ્રીઓ શ્રી અમિતભાઈ શાહ, શ્રી જીતુભાઈ પટેલ, શ્રી અમુલભાઈ ભટ્ટ, શ્રીમતી દર્શનાબહેન વાઘેલા, ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, સ્ટે. ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી તથા પ્રદેશ અને શહેર સંગઠનના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં શીખ સમુદાયના ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજીત ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૦૩, ૯૯૯૮૯૮૫૦૯૯૨




નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે યોજાયેલ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ દિવસ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પુરસ્કાર વિજેતાઓ સાથે વાર્તાલાપ કર્યો.

### POK જ ગુમ થતાં ભાજપ ભડક્યો

# કોંગ્રેસના અધિવેશનમાં ભારતનો ખોટો નકશો છપાતા વિવાદ સર્જાયો

## ભાજપે પલટવાર કર્યો છે-આકરા પ્રહારો કરીને કોંગ્રેસને નવી મુસ્લિમ લીગ ગણાવી દીધી હતી

। (એજન્સી) બેલગાવી, તા.૨૬ ।

કર્ણાટકના બેલગાવીમાં કોંગ્રેસ વર્કિંગ કમિટિ (CWC)ની બેઠક યોજાવા જઈ રહી છે. ત્યારે આ પહેલા નેતાઓના સ્વાગત માટે પોસ્ટર અને બેનરો લગાવવામાં આવ્યા છે, જેના કારણે હવે વિવાદ છેડાઈ ગયો છે. આરોપ છે કે, પાર્ટીના કાર્યકરોએ બેનરો અને ફ્લેક્સમાં ભારતના નકશાને વિકૃત રૂપે રજૂ કર્યો છે. બેલાગવી શહેરના પ્રવેશદ્વાર પર લગાવવામાં આવેલા આ બેનરોમાં છપાયેલા ભારતના નકશામાંથી પાકિસ્તાનના કબજા વાળું કાશ્મીર (PoK) અને અક્સાઈ ચીનના વિસ્તારોને ગાયબ કરી દેવામાં આવ્યા છે. આ મામલે હવે ભાજપે પલટવાર કર્યો છે અને આકરા પ્રહારો કરીને કોંગ્રેસને નવી મુસ્લિમ લીગ ગણાવી દીધી છે. તમને જણાવી દઈએ કે, કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)ની બેઠક ૨૬ અને ૨૭ ડિસેમ્બરના રોજ બેલગાવીમાં યોજાવા જઈ રહી છે. કોંગ્રેસ



પાર્ટી આ વર્ષ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશનની શતાબ્દી તરીકે ઉજવણી કરી રહી છે, જેની સ્થાપના ૧૯૨૪માં થઈ હતી. આ કાર્યક્રમમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત પાર્ટીના તમામ દિગ્ગજ નેતાઓ હાજરી આપશે. ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ પર ભારતના નકશાને વિકૃત કરવાનો આરોપ લગાવ્યો છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય સંજય પાટીલે કહ્યું કે, આ કોંગ્રેસની વાસ્તવિક માનસિકતા દર્શાવે છે. આ જ કારણોસર કોંગ્રેસે કલમ ૩૭૦ હટાવવાનું સમર્થન નથી કર્યું.

## ન્યૂઝ બ્રિફ

### કાયદો અને વ્યવસ્થા સાથે કોઈ સમાધાન નહીં કરાય



। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૬ ।

અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા ૨'ના પ્રીમિયર દરમિયાન સંધ્યા થિયેટરમાં નાસભાગના વિવાદ વચ્ચે તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓ ઝસ રેવન્ત રેડ્ડીને મળ્યા હતા. આ પછી રેવન્ત રેડ્ડીનું આ મામલે પહેલું નિવેદન બહાર આવ્યું છે. સંધ્યા થિયેટર નાસભાગને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે ઝસ રેવન્ત રેડ્ડીએ ટોલીવુડ કલાકારોને કડક સૂચના આપતા કહ્યું કે, "કાયદો અને વ્યવસ્થા સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં." CM રેવન્ત રેડ્ડી અને ટોલીવુડ ઉદ્યોગના નિર્દેશકો, નિર્માતાઓ અને કલાકારો વચ્ચે ૨૬ ડિસેમ્બરે હૈદરાબાદના બંજારા હિલ્સમાં તેલંગાણા રાજ્ય પોલીસ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ફિલ્મ નિર્માતા સુરેશ બાબુ, કેએલ નારાયણ, દામોધર, અલ્લુ અરવિંદ, બીવીએસએન પ્રસાદ, ચિન્ના બાબુ, સુધાકર રેડ્ડી, ફિલ્મ દિગ્દર્શકો કોર્ટલા શિવા, અનિલ રવિપુડી, કે રાઘવેન્દ્ર રાવ, પ્રશાંત વર્મા, નાગાર્જુન, શિવા બાલાજી અને વેંકટેશ પહોંચ્યા હતા. 'પુષ્પા ૨'ના પ્રીમિયર દરમિયાન સંધ્યા થિયેટરમાં થયેલી નાસભાગ બાદ અલ્લુ અર્જુન ચર્ચામાં છે. હવે અલ્લુ અર્જુન સિવાય પણ ઘણા મોટા નામો સીએમ રેવન્તને મળ્યા અને આ બાબતે વાત કરી. ટોલીવુડ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ તેલંગાણા ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન (FDC)ના પ્રમુખ દિલ રાજુ કરી રહ્યા છે. આ દરમિયાન નાગાર્જુન, વરુણ તેજ, સાંઈ ધરમ તેજ, કલ્યાણ રામ, શિવ બાલાજી, અદાવી શેષ અને નીતિન જેવા સ્ટાર્સ પણ હાજર હતા.

### ૬ વર્ષના બાળકનું કારની એરબેગના કારણે મોત થયું



। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

નવી મુંબઈના વાશીમાં એક ૬ વર્ષના બાળકનું કારની એરબેગના કારણે મોત થઈ ગયું. કાર દુર્ઘટનાના કારણે અચાનક એરબેગ ખુલી ગઈ અને ઝટકો લાગવાથી બાળકનું મોત થયું હોવાનું કહેવાય છે. ત્યારબાદ હવે બાળકને કારમાં આગળ બેસાડવા અંગે સવાલ ઊભા થઈ રહ્યા છે. બનાવની વિગત કઈક એવી છે કે માવજી અરોઠિયા મંગળવારે રાતે બાળકોને પાણીપુરી ખવડાવવા માટે લઈ જઈ રહ્યા હતા. જેમાં હર્ષ પણ સામેલ હતો. હર્ષ ડ્રાઈવર સીટની બાજુવાળી સીટ પર બેઠો હતો. રાતે લગભગ ૧૧.૩૦ વાગે વાશીના સેક્ટર ૨૮માં બ્લ્યુ ડાયમંડ હોટલ જંકશન પાસે હતા. તેમની કારની આગળ એક SUV કાર ચાલતી હતી. પૂર પાટ ઝડપે જઈ રહેલી કાર અચાનક ડિવાઈડર સાથે ભટકાઈ. પાછળ આવી રહેલી વેગનાર કાર કે જેમાં હર્ષ બેઠો હતો તેનું બોનેટ એસયુવી સાથે અથડાયું. ઝટકો લાગતા જ અચાનક એરબેગ ખુલી ગઈ અને હર્ષ ગંભીર રીતે ઘાયલ થયો. તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી દીધો.

# આમ આદમી પાર્ટીનું અલ્ટિમેટમ : ૨૪ કલાકમાં કાર્યવાહી નહીં થાય તો કોંગ્રેસને I.N.D.I.A.થી બહાર કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે તણાવ વધી ગયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે આમ આદમી પાર્ટી (AAP) કોંગ્રેસને ઈન્ડિયા ગઠબંધનમાંથી બહાર કરવા માંગે છે. આ માટે તે અન્ય પક્ષો સાથે વાત કરશે. દિલ્હીના મુખ્યમંત્રી આતિશી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંહે આજે પત્રકાર પરિષદ કરીને કોંગ્રેસને ૨૪ કલાકનું અલ્ટિમેટમ આપ્યું છે.

જો કોંગ્રેસ અજય માકન સામે કાર્યવાહી નહીં કરે તો AAP નેતાઓ I.N.D.I.A.ના અન્ય નેતાઓ સાથે વાત કરીને કોંગ્રેસને ગઠબંધનથી બાકાત કરવાની અપીલ કરશે. AAP નેતાઓમાં કોંગ્રેસને લઈને ભારે નારાજગી છે. જેના કારણે AAP કોંગ્રેસને ઈન્ડિયા ગઠબંધનમાંથી બહાર કરવા માટે અન્ય પક્ષો સાથે વાત કરશે. AAPનો આરોપ છે કે કોંગ્રેસ ભાજપ સાથે મળીને કામ કરી રહી છે. AAP નેતાઓ કોંગ્રેસ



નેતાઓના સતત નિવેદનોથી નારાજ છે. તેમજ બુધવારે જ દિલ્હી યુથ કોંગ્રેસે અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ FIR દાખલ કરી હતી. જેના કારણે AAP નેતાઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આટલું જ નહીં કોંગ્રેસ નેતા અજય માકને કેજરીવાલ વિરુદ્ધ આપેલા નિવેદનથી પણ AAP નેતાઓમાં ભારે નારાજગી છે.

દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ કહ્યું છે, કે કોંગ્રેસ નેતાઓના નિવેદનથી સાફ દેખાઈ રહ્યું છે કે કોંગ્રેસે હવે ભાજપ સાથે જ સાંઠગાંઠ કરી લીધી છે. કોંગ્રેસ નેતા અજય માકને કેજરીવાલ માટે એન્ટિ નેશનલ શબ્દપ્રયોગ કર્યો. શું કોંગ્રેસે ભાજપ સાથે ક્યારેય આવા શબ્દો કહ્યા છે? સંજય સિંહે પણ કહ્યું છે, કે દિલ્હીની અંદર કોંગ્રેસ ભાજપના પક્ષમાં ઊભી થઈ ગઈ છે. કોંગ્રેસ દરેક એવા કામ કરી રહી છે જેનાથી ભાજપને જ ફાયદો થાય. કોંગ્રેસ નેતા અજય માકન તો ભાજપની જ સ્ક્રિપ્ટ વાંચી રહ્યા છે. ભાજપ ના કહેવાય પર કોંગ્રેસ નેતાઓ AAP પર નિશાન સાધી રહ્યા છે.

દિલ્હી યુથ કોંગ્રેસના અધ્યક્ષ અક્ષય લાકરાએ ૨૫ ડિસેમ્બરની સાંજે સંસદ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. લાકરાએ આરોપ લગાવ્યો હતો કે AAPએ તેની યોજનાઓ દ્વારા લોકોને ગેરમાર્ગે દોર્યા છે અને છેતર્યા છે. તેમજ AAPની યોજનાઓની પ્રામાણિકતા પર પણ સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસે આ મુદ્દાને લઈને કેજરીવાલ સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## ભાજપે ગત વર્ષની સરખામણીમાં ત્રણ ગણો વધુ ફાળો મેળવ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

હરિયાણા-મહારાષ્ટ્રમાં કોંગ્રેસને ધૂળ ચટાડ્યા બાદ ભાજપે એક અન્ય મામલે પણ કોંગ્રેસને પછાડી છે. ભાજપે ગત વર્ષની સરખામણીમાં ત્રણ ગણો વધુ ફાળો મેળવ્યો છે. પાર્ટીને ૨૦૨૩-૨૪માં ૨,૨૪૪ કરોડ રૂપિયા રાજકીય ફાળા તરીકે મળ્યા છે. આ ફાળાનો આશય ૨૦ હજાર રૂપિયાથી વધુ રકમ વ્યક્તિઓ, ટ્રસ્ટો અને કોરપોરેટ હાઉસીસ તરફથી પ્રાપ્ત થવાનો છે. આ સમયગાળામાં જ કોંગ્રેસની વાત કરીએ તો તેને ૨૦૨૩માં આ પ્રકારે ૨૮૮.૯ કરોડ રૂપિયા મળ્યા. જો કે ૨૦૨૨માં તેને ૭૯.૯ કરોડ રૂપિયા મળ્યા હતા. આ રીતે જોઈએ તો કોંગ્રેસને મળેલા ફાળામાં પણ વધારો થયો છે. પરંતુ ભાજપ સાથે સરખામણી કરીએ તો તે ઘણી પાછળ છે. ચૂંટણી પંચની વેબસાઈટ પર વિગતો જાહેર કરવામાં આવી છે. જેમાં ખાસ વાત એ છે કે ભાપને એક જ ઈલેક્ટોરલ ટ્રસ્ટ તરફથી એક તૃતિયાંશ અને તેની પાસેથી જ કોંગ્રેસને લગભગ અડધો ફાળો મળ્યો છે.

ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ મુજબ ભાજપને પ્રુડેન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટ તરફથી ૨૦૨૩-૨૪ માટે ૭૨૩.૬ કરોડ રૂપિયા મળ્યા છે. જે તેને મળેલા કુલ ફાળા ૨,૨૪૪ કરોડના લગભગ એક તૃતિયાંશ છે. એ જ રીતે કોંગ્રેસને મળેલા ફાળાના કુલ ૨૮૮.૯ કરોડ રૂપિયામાંથી લગભગ અડધી રકમ ૧૫૬.૪ કરોડ એકલા પ્રુડેન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટ તરફથી મળ્યા છે. ગત વર્ષે પણ આ ટ્રસ્ટ તરફથી ભાજપ અને કોંગ્રેસને લઈને લગભગ આ જ પેટર્ન જોવા મળી હતી. બધુ મળીને બંને પાર્ટીઓની સરખામણી કરીએ તો ભાજપને મળેલા ફાળામાં ૨૧૨ ટકાનો વધારો જોવા મળ્યો છે. જો કે આ અપ્રત્યાશિત એટલા માટે નથી કારણ કે તે સામાન્ય ચૂંટણીઓ પહેલાનું વર્ષ હતું. એ જ રીતે જ્યારે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીનું વર્ષ હતું તે પહેલા ૨૦૧૮-૧૯માં ભાજપને આ જ રીતે ૭૪૨ કરોડ અને કોંગ્રેસને ૧૪૬.૮ કરોડ રૂપિયા મળ્યા હતા. ભાજપને ફાળા તરીકે ત્રણ કરોડ રૂપિયા ફ્યુચર ગેમિંગ એન્ડ હોટલ સર્વિસિસ તરફથી પણ મળ્યા છે. આ કંપનીના ચીફ સેન્ટિયાગો માર્ટિન છે. જેને લોટરી કિંગ કહેવામાં આવે છે. આ કંપનીએ સૌથી વધુ ફાળો તૃણમૂલ કોંગ્રેસને આપ્યો હતો. હાલ મની લોન્ડરિંગના કેસમાં તે ઈડી અને આવકવેરા ડિપાર્ટમેન્ટના રડાર પર છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ રદ કરી હતી. આથી હવે ફાળો સીધી રીતે કે ઈલેક્ટોરલ ટ્રસ્ટ રૂટથી જ આપી શકાય છે.

### દિલ્હીમાં ભાજપ નેતાની મુશ્કેલી વધી

# ચૂંટણી પહેલા એએપીના સાંસદે EDમાં કરી ફરિયાદ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દિલ્હી ચૂંટણી પહેલા મતના બદલામાં મહિલાઓને પૈસા આપવાના આરોપ માં ઘેરાયેલા પ્રવેશ વર્માની મુશ્કેલી વધી છે. હવે આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે ED ઑફિસ પહોંચીને પ્રવેશ વર્મા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. દિલ્હી મુખ્યમંત્રી આતિશીએ ભાજપ નેતા પ્રવેશ વર્મા પર મતના બદલામાં પૈસા વહેંચવાનો આરોપ લગાવ્યો હતો. ફરિયાદ દાખલ કરાવ્યા બાદ AAP સાંસદ સંજય સિંહે કહ્યું કે, ED ઑફિસે ફરિયાદ પત્ર સ્વીકાર કરી લીધો છે. પરંતુ કોઈ અધિકારીએ અમને કાર્યવાહીનું આશ્વાસન નથી આપ્યું. ઈડી શું કરશે, આ અંગે હું ન કહી શકું. તેમણે ફરિયાદની સત્તાવાર રસીદ આપી દીધી છે. જણાવી દઈએ કે, બુધવારથી આમ આદમી પાર્ટી આ મુદ્દાને લઈને ભાજપને ઘેરી રહી છે અને ચૂંટણીમાં રોકડની એન્ટ્રીને



લઈને રાજનીતિ પણ ખૂબ થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ ભાજપ નેતા પ્રવેશ વર્મા પર કેશ વહેંચવાનો આરોપ લગાવ્યો હતો. આતિશીએ કહ્યું હતું કે, 'ભાજપ નવી દિલ્હી વિધાનસભામાં લોકોના વોટર કાર્ડ જોઈ-જોઈને રૂપિયા વહેંચી રહી છે. ભાજપના પ્રવેશ વર્મા રંગે હાથ પૈસા વહેંચતા પકડાઈ ગયા છે.' મુખ્યમંત્રી આતિશીએ એક ફોટો જાહેર કરીને દાવો કર્યો કે, 'નવી દિલ્હીમાં આવેલા ભાજપ નેતા પ્રવેશ વર્માના સરકારી આવાસ ૨૦ વિન્ડસર પ્લેસ પર મહિલાઓને ૧૧૦૦ રૂપિયા વહેંચવામાં આવી રહ્યા છે.'

### પેપરલીક બાદ આંદોલન અને લાઠીચાર્જનો મામલો

# કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે એકલવ્યની જેમ અંગૂઠો કાપ્યો

। (એજન્સી) પટણા, તા.૨૬ ।

બિહાર લોક સેવા આયોગ (BPSC)ની પરીક્ષામાં પ્રશ્નપત્ર લીક થયા બાદ ભારે હોબાળો જોવા મળી રહ્યો છે. આ ઘટનાના કારણે વિદ્યાર્થીઓ અને સરકાર વચ્ચે તણાવ વધી ગયો છે. ૧૩ ડિસેમ્બરે યોજાનાર પ્રારંભિક પરીક્ષા વખતે પેપર લીકના અહેવાલો બાદ વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરા મજબૂર થયા છે. પરીક્ષાર્થીઓ પરીક્ષા રદ કરવાની અને ફરી પરીક્ષા યોજવાની માંગ કરી રહ્યા છે. ગઈકાલે (૨૫ ડિસેમ્બર) પટણામાં પોલીસે BPSC ઉમેદવારો પર લાઠીચાર્જ કર્યો હતો. હવે આ મામલાને રાહુલ ગાંધીએ ગંભીરતાથી લીધી છે અને તેમણે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. વાસ્તવમાં પેપર લીક થવા મામલે વિદ્યાર્થીઓએ બીપીએસસી ઓફિસને



ઘેરવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. સોશિયલ મીડિયા પર આ ઘટનાના અનેક વીડિયો વાયરલ થયા છે. પોલીસે માત્ર વિદ્યાર્થીઓ જ નહીં મહિલા દેખાવકારો પર પણ કડકાઈથી કાર્યવાહી કરી હતી. દેખાવકારોએ આક્ષેપ કર્યો છે કે, તેમની સાથે આતંકવાદી જેવો વ્યવહાર કરાયો. અમે અમારી માંગણીઓ માટે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા હતા. પોલીસ કોઈપણ માહિતી વગર આવી અને અમારા પર લાઠીચાર્જ કર્યો છે.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે આયોજિત 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર'ના વિતરણ સમારોહ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ઉપસ્થિત રહ્યા હતાં.

### આનંદીબેન પટેલે આપ્યું મોટું નિવેદન

# ઉત્તર પ્રદેશ હજુ પણ સંપૂર્ણ રીતે સુરક્ષિત થયું નથી

। (એજન્સી) લખનૌ, તા.૨૬ ।

ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે આજે લખનૌમાં પત્રકારો સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન, કાયદો અને વ્યવસ્થા પર પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં, તેમણે કહ્યું કે ઉત્તર પ્રદેશ યુપી હજુ પણ સંપૂર્ણ રીતે સુરક્ષિત નથી. ૧૦૦% સલામત નથી, પરંતુ પ્રયાસો ચાલુ છે. કાયદો અને વ્યવસ્થામાં સુધારા માટે હજુ ઘણો અવકાશ છે. દરમિયાન બુલડોઝરની કાર્યવાહી અંગે આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે બુલડોઝર અંગે સુપ્રીમ કોર્ટનો નિર્ણય આવી ગયો છે અને સરકાર તે નિર્ણય મુજબ કામ કરી રહી



છે. રાજ્યપાલે જ્યારે મંદિર-મસ્જિદ વિવાદ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કંઈપણ કહેવાનો ઈનકાર કર્યો હતો જે રાજ્યમાં દિવસેને દિવસે વધી રહ્યો છે. તેણીએ કહ્યું કે તે આ મામલે કોઈ અભિપ્રાય આપશે નહીં. આ પહેલા ઉત્તર પ્રદેશમાં આવેલા ફેરફારો વિશે વાત કરતા મહામહિમ આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે થોડા વર્ષો પહેલા સુધી છોકરીઓ સાંજે ૫ વાગ્યા પછી બહાર જતી ન હતી.

## તંત્રી લેખ...

### ગાઝામાંથી સૈન્ય નહીં હટાવીએ, હમાસને ફરી ક્યારેય સત્તા નહીં મળે

ઈઝરાયલના રક્ષા મંત્રી ઈઝરાયલ કાટ્ઝે જણાવ્યું હતું કે, ગાઝામાં તેના સૈનિક તૈનાત રહેશે અને પેલેસ્ટાઈન ક્ષેત્ર પર સુરક્ષા નિયંત્રણ જળવાઈ રહેશે. તેમના નિવેદનથી ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ વિરામ માટે ચાલી રહેલી ચર્ચાઓ સફળ થશે. ગાઝા-મિસ્ત્ર સરહદ પર એક બફર જોનની મુલાકાત દરમિયાન કાટ્ઝે કહ્યું કે, ગાઝામાં સુરક્ષા નિયંત્રણ આઈડીએફ (ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ)ના હાથમાં જ રહેશે. ઈઝરાયલના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ગાઝા પટ્ટીમાં જ સુરક્ષા ક્ષેત્રો, બફર ક્ષેત્રો નિયંત્રણની સ્થિતિમાં રહેશે. અહીં કોઈ હમાસની સરકાર કે હમાસની સેના આવશે નહીં. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલય અને હમાસે એક-બીજા પર ગાઝા યુદ્ધ વિરામ કરારમાં વિલંબ કરવાનો આરોપ મૂક્યો છે. જો કે, બંને દેશો અમુક શરતો સાથે યુદ્ધ વિરામ ઈચ્છે છે. કતર અને મિસ્ત્રની મધ્યસ્થીમાં દોહામાં થયેલી વાતચીત બાદ હમાસે જણાવ્યું હતું કે, ચર્ચા પ્રગતિશીલ રહી છે. પરંતુ ઈઝરાયલે ગાઝામાંથી સેના પરત બોલાવવા, કેદીઓને અને વિસ્થાપિતોના પુનઃસ્થાપન, યુદ્ધ વિરામ જેવી કેટલીક શરતો મૂકી છે. આ શરતોના લીધે યુદ્ધ વિરામમાં વિલંબ આવી રહ્યો છે. ઈઝરાયલે યુદ્ધ વિરામ માટે યોજાયેલી બેઠકો અધવચ્ચે અટકાવી હતી. આમ કરવા પાછળનું કારણ આપતાં ઈઝરાયલ સરકારે જણાવ્યું કે, અમારા બંધકોની મુક્તિ માટે ચર્ચા કરવા ઈઝરાયલ આંતરિક વિચારવિમર્શ કરવા માગે છે. જેથી તેણે પોતાની ટીમ પાછી બોલાવી હતી. વિચારવિમર્શ બાદ યુદ્ધ વિરામ મુદ્દે ફરી ચર્ચાઓ કરીશું. આ ટીમમાં મોસાદના વરિષ્ઠ અધિકારી, શિન બેત સુરક્ષા એજન્સી અને ઈઝરાયલ ડિફેન્સ ફોર્સના વડા સામેલ હતા. હમાસ સંપૂર્ણપણે યુદ્ધનો અંત લાવવા માગે છે. જો કે, ઈઝરાયલ કેટલીક શરતો સાથે યુદ્ધ વિરામ ઈચ્છે છે. યુદ્ધ વિરામ બાદ પેલેસ્ટાઈન ક્ષેત્રમાં સેના ઉપસ્થિત રાખવા પર ઈઝરાયલ દબાણ કરી રહ્યું છે.

### કૂટનીતિક સફળતાઓના નામે રહ્યું આ વર્ષ...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઐતિહાસિક કુવૈત યાત્રા સાથે આ વર્ષનો અંત થઈ રહ્યો છે. છેલ્લા ૪૩ વર્ષમાં કોઈ ભારતીય વડાપ્રધાનની આ પહેલી કુવૈત યાત્રા હતી. કુવૈતના અમીર શેખ મેશલ અલ-અહમદ અલ-જબર અલ સબાએ પોતાના દેશના સર્વોચ્ચ સન્માન 'ધ ઓર્ડર ઓફ મુબારક અલ કબીર'થી વડાપ્રધાન મોદીને સન્માનિત કર્યા. આ યાત્રામાં બંને દેશોએ વેપાર, રોકાણ, ઊર્જા, રક્ષા, સુરક્ષા, સ્વાસ્થ્ય, શિક્ષણ ટેક્નોલોજી, સંસ્કૃતિ સહિત વિવિધ ક્ષેત્રોમાં પોતાના દ્વિપક્ષીય સંબંધોને મજબૂતી આપતાં તેને એક 'રણનીતિક ભાગીદારી'માં બદલી નાખી. દેખીતું છે તેનાથી મધ્ય-પૂર્વ (ભારતથી પશ્ચિમ એશિયા)માં નવી દિલ્હીની પહોંચ વધુ મજબૂત થઈ છે. એવા સમયમાં જ્યારે પશ્ચિમ એશિયા તણાવપૂર્ણ મુદ્દાઓમાં ગૂંચવાયુંછે અને એક ક્ષેત્રીય યુદ્ઘના આરે છે, ત્યારે ત્યાંના તમામ મુખ્ય હિતધારકો - ખાડીના દેશો, ઈઝરાયલ અને ઈરાન સાથે નવી દિલ્હીના ઘનિષ્ઠ સંબંધ સાધવાની ક્ષમતા ભારતની કૂટનીતિક સફળતા વિશે ઘણું બધું કહે છે. ૨૦૨૦ના ગલવાન સંકટ અને ત્યારબાદ બેજિંગની આક્રમકતાથી પેદા થયેલ ગતિરોધથી બહાર નીકળવામાં આપણે આ વર્ષે સફળ રહ્યા. બેજિંગને એ માનવા મજબૂર કરાયું કે તેની નાહકની કાર્યવાહીઓને કારણે જ પરસ્પરના સંબંધો પાટા પરથી ઉતરી ગયા. નવી દિલ્હી માટે આ એક મહત્તવપૂર્ણ કૂટનીતિક જીત રહી. ૨૦૨૦થી જ ભારતની સ્પષ્ટ સ્થિતિ હતી કે જ્યાં સુધી વાસ્તવિક નિયંત્રણ રેખા પર યથાસ્થિતિ બહાલ નથી થઈ જતી, ત્યાં સુધી દ્વિપક્ષીય સંબંધોના સામાન્ય થવાની કોઈ સંભાવના નથી. એ સુખદ છે કે જ્યાં ભારતીય સેનાએ સીમા પર પોતાની સ્થિતિ જાળવી રાખી, ત્યાં જ આપણી કૂટનીતિ પણ સાહસિક મુદ્રાવાળી રહી. પરિણામે ચીને પોતાનું વલણ બદલવું પડ્યું. ઓક્ટોબરમાં ચીન અને ભારતે લાંબા સમયથી વિવાદિત સીમાના એક હિસ્સામાં પેટ્રોલિંગ માટે સમજૂતી કરી. આ સમજૂતીએ હિમાલયના ઊંચા પહાડો પર ચાલ વર્ષથી ચાલ્યા આવતા તણાવને હાલમાં ખતમ કરી દીધો. તેનાથી ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની રાષ્ટ્રપતિ જિનપિંગને રશિયામાં મળવા અને પાંચ વર્ષમાં પહેલી વાર આમને સામને વાત કરવાનો મોકો પણ આપ્યો. ઉલ્લેખનીય છે કે ૨૦૨૦માં ગલવાર્નઘટીમાં એક લોહિયાળ અથડામણમાં કેટલાય સૈનિક માર્યા ગયા હતા. જેને કારણે બંને એશિયાઈ તાકાતોના દ્વિપક્ષીય સંબંધોમાં તણાવ અને ગતિરોધ પેદા થઈ ગયો હતો. ચીની આક્રમકતાએ ભારતીય જનતામાં રોષ પેદા કર્યો, તેથી મોદી સરકારે સખત સંદેશ આપવા માટે તમામ ઉપાયો સાથે ત્યાંની સીધી ઉડાનો ર્દદ કરી દીધી હતી અને સોશ્યલ મીડિયા એપ 'ટિકટોક' પર પણ પ્રતિબંધ લગાવી દીધો હતો. આશાછે કે નવા વર્ષમાં પરસ્પર સંબંધો ફરીથી પાટા પર આવી જશે. જોકે ચીન અને ભારતના પરસ્પર સંબંધોમાં પડકારોની ભરમાર છે અને બેજિંગની મહત્ત્વાકાંક્ષાઓ ક્ષેત્રીય અને વૈશ્વિક સ્તર પર ભારતની કાર્યક્ષમતાને પ્રભાવિત કરતી રહે છે. સીમા પર હજુ પણ એવા કેટલાય બિંદુ છે, જેને જિનપિંગની આક્રમક શાસન-નીતિ હવા આપી શકે છે. જોકે વડાપ્રધાન મોદીએ ચીનની વિસ્તારવાદી નીતિ વિરુદ્ઘ એક મજબૂત વલણ અપનાવ્યું છે અને આ મામલે તેઓ પૂર્વવર્તી વડાપ્રધાનો કરતાં ક્યાંય મજબૂત જણાય છે, તેમ છતાં ચીન પર નિર્ભર ભારતની અર્થવ્યવસ્થા એક કમજોર કડી બનેલી છે. છેલ્લા પાંચ વર્ષોમાં ચીન સાથે આપણી આયાત વધી છે, જ્યારે નિકાસ ઓછી થઈ છે. તેનું હલ આપણે શોધવું પડશે. ચીનના સામનામાં ભારતની મદદ કરનારી બે તાકાતો અમેરિકા અને રશિયા છે. આ બંને દેશો સાથે ભાગીદારી વિકસિત કરવામાં ભારત પ્રભાવી રૂપે સફળ રહ્યું છે, જ્યારે યુક્રેન પર રશિયન આક્રમણ બાદથી જ તે બંને દેશ એકબીજા વિરુદ્ઘ છે. આ વર્ષે ભારત-અમેરિકા સંબંધ આગળ વધ્યા છે, જોકે આપણા પડોશી દેશોની ઉથલપાથળ, એક ખાલિસ્તાની આતંકીની હત્યામાં કથિત સંડોવણીમાં ભારતીય સુરક્ષા એજન્ટો સામેલ હોવાના આરોપોને કારણે સંબંધોમાં ખટાશ પણ આવી. જોકે આશા એ જ છે કે વ્હાઈટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પની વાપસીની સાથે પરસ્પર હિતોને ફરીથી ધ્યાનમાં રાખવામાં આવશે. રહી વાત રશિયા સાથે સંબંધોની, તો સામાન્ય ચૂંટણીમાં સતત ત્રીજી જીત નોંધાવ્યા બાદ વડાપ્રધાને પહેલી વિદેશ યાત્રા માટે રશિયાને જ પસંદ કર્યું. એનાથી દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત થયા. રશિયા અને યુક્રેન વચ્ચે સમાન અંતર રાખવા અને રાજકીય વાર્તા માટે આહ્વાન કરવા સંબંધી વલણનો આપણને ફાયદો મળ્યો છે. જો ટ્રમ્પ યુક્રેન યુદ્ઘને સમાપ્ત કરવામાં સફળ થઈ જાય અને એવું કરીને તે ચીન અને રશિયા વચ્ચે કંઈક અંતર રાખવામાં સફળ થઈ જાય તો નવી દિલ્હીને બહુ વધારે અનુકૂળ માહોલ મળી શકે છે.

---

**આપણી સંસ્કૃતિ અને એમાં પણ ખાસ કરીને ગુજરાતી સંસ્કૃતિમાં બાળકના જન્મ પછી છઠ્ઠી માંડવાનો રિવાજ છે**

# પ્રારબ્ધ એટલે ધન દોલત નહીં પણ ઈશ્વર સન્મુખ થવા માટે કોઈ સાધુ નો સંગ થવો



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**પરમેશ્વર એટલે ઈશ્વર સમગ્ર અસ્તિત્વની જેના હાથમાં દોર છે તે, પરંતુ તે નિષ્પક્ષ અને નિર્દોષ છે, એટલે પ્રકૃતિના કાર્યમાં મોટેભાગે વિક્ષેપ કરતા નથી, અને પરમ હંસ એટલે સદગુરુ, જે સાધક શિષ્યના ઉજ્વળ ભવિષ્ય માટે પણ ક્યારેક ક્યારેક કોઈ કઠીન પરીક્ષાઓમાંથી એને પસાર કરે છે, અને પરમહંસની મરજી પાસે પરમેશ્વર અને પ્રકૃતિ પણ મૌન રહે છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. લગભગ બધાનાં જીવન કોઈ ને કોઈ સમસ્યાથી ઘેરાયેલા હોયને એક પોઈન્ટ પર બધાં વિચારતા હોય કે, શું આ મારું પ્રારબ્ધ છે કે પછી પરમેશ્વરની કે પરમહંસ માંથી કોઈની મરજી છે? અથવા તો એ બધાં એક જ છે ? થોડું સુક્ષ્મ છે. પ્રારબ્ધ એટલે, સકલ અસ્તિત્વ રુપ પ્રકૃતિના નીતિ નિયમ મુજબ જીવાયું છે કે, નથી જીવાયું! એ મુજબ અસ્તિત્વ આપણું પ્રારબ્ધને લખે છે. પરમેશ્વર એટલે ઈશ્વર સમગ્ર અસ્તિત્વની જેના હાથમાં દોર છે તે, પરંતુ તે નિષ્પક્ષ અને નિર્દોષ છે, એટલે પ્રકૃતિના કાર્યમાં મોટેભાગે વિક્ષેપ કરતા નથી, અને પરમ હંસ એટલે સદગુરુ, જે સાધક શિષ્યના ઉજ્જ્વળ ભવિષ્ય માટે પણ ક્યારેક ક્યારેક કોઈ કઠીન પરીક્ષાઓમાંથી એને પસાર કરે છે, અને પરમહંસની મરજી પાસે પરમેશ્વર અને પ્રકૃતિ પણ મૌન રહે છે. એટલે કે ક્યારેક-ક્યારેક ભવભવના બંધનો છોડાવવા માટેની કોઈ પરીક્ષા પણ હોઈ શકે. ખેર જીવે તો પોતાની રીતે આશ્વાસન લઈ લીધું કે, જેના ખભા મજબુત હોય તેના માથે જ આ ત્રણે ભાર નાખે છે. પરંતુ આખરે આ નસીબ કે પ્રારબ્ધ એ શું છે? સદીઓથી માનવી આ ઉલઝનમાં ઉલજતો જોવા મળે છે. ક્યારેક ક્યારેક એ કર્મને નામે ડરતો જોવા મળે છે, તો ક્યારેક ક્યારેક પ્રારબ્ધને કારણે ઉન્મુક્ત થઈને ફરતો પણ જોવા મળે છે. સમાજમાં ઘણી બધી માનસિકતાવાળા લોકો વસતા હોય છે, અને એમાંના ઘણા લોકો પ્રારબ્ધવાદી હોય છે. એટલે કે નસીબને રોનારા હોય, જ્યારે ઘણા પુરુષાર્થથી પ્રારબ્ધને બદલી શકવાની ક્ષમતા વાળા પણ હોય છે. પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે માનવીને પ્રાથમિક જરૂરિયાત રૂપે થોડા ઘણા વસ્તુ પદાર્થની જરૂર પડે છે, અને એ આસાનીથી મળી જાય તેને આપણે ઉજળું પ્રારબ્ધ કહેતા હોઈએ છીએ, અને આસાનીથી ન મળે તેને નસીબ ફૂટલાં કહેતા હોઈએ છીએ. પરંતુ ભૌતિક પદાર્થો હોવા એ પ્રારબ્ધ નથી. તો પછી પ્રારબ્ધ એટલે શું? પ્રારબ્ધ એટલે મૃત્યુ પહેલા પરમેશ્વરને ઓળખી લેવો, અને તેની ઉદારતાને કારણે આપણું અસ્તિત્વ ટકી રહ્યું છે, એની અનુભૂતિ કરવી, અને આ કાર્ય પાર પાડવા માટે થઈને સમયની કસોટીઓ રૂપે કંઈક મોડ આવે છે. એટલે કે આમ જુઓ તો મોકો મળે છે, પરંતુ આપણે તેનો અર્થ જુદો કરી, અને એ તક ગુમાવી બેસીએ છીએ. જ્યારે સૌથી વધુ ધીરજની જરૂર હોય, ત્યારે આપણે અધીરા થઈએ છીએ. તો આ વાતનો સંદર્ભ લઈને આજે આપણે તરાને કી તર્જ જીવન કા અર્ક માં આગળ ચિંતન કરીશું.

હાથો કી ચંદ લકીરો કાં,(૨)
સબ ખેલ હૈ તકદીરો કા,(૨)
તકદીર હૈ ક્યાં મેં ક્યાં જાનૂં,(૨)
મેં આશિક હું તદબીરો કા,(૨)
લાલા કામ બડે,
ઓ શોક તુઝે તકરીરો કા,(૨)
મેં માલિક અપની કિસ્મત કાં,(૨)
મેં બંદા અપની હિમ્મત કાં,(૨)

૧૯૮૨ માં બનેલી વિધાતા ફિલ્મનું આ ગીત છે, ફિલ્મમાં દિલીપકુમાર, શમ્મી કપૂર, સંજીવ કુમાર, સંજય દત્ત, પદ્મિની કોલ્હાપુરે, એ અભિનય આપ્યો હતો, અને આ ગીતના ગાયક સુરેશ વાડકર છે, અને શબ્દો છે આનંદ બક્ષી સાહેબનાં. ફિલ્મનું સંગીત આનંદજી વીરજી શાહ, અને કલ્યાણજી વીરજી શાહનું છે. ફિલ્મની વાતમાં આપણે જવું નથી, આપણે ફક્ત ગીતના બોલને પકડીએ તો શું હાથોની ચંદ લકીરો પર જ આપણું જીવન ઘડાય છે, કે કંઈક બીજું પણ પ્રબળ પરિબળ છે ખરું? જવાબ છે હા, માનવીનું ધ્યેય કે માનવીનું લક્ષ્ય એ એક બીજું પ્રબળ પરિબળ છે. સમાજમાં એવા તો કેટલાય દાખલાઓ છે, કે જે જન્મથી આર્થિક રીતે તો સદ્ધર નથી, શારીરિક રીતે પણ સક્ષમ નથી, છતાં તેમણે બહુ મોટી મોટી સિદ્ધિઓ હાંસલ કરી છે, એ બતાવે છે કે આપણા લક્ષ્યની શુદ્ધતા જીવનના તમામ રંગો બદલી શકે છે. લક્ષ્ય અન્યને હાનિ પહોંચાડે તેવું ન હોવું જોઈએ. એટલે કે આજકાલ વૈજ્ઞાનિક રીતે સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે ન જાણે કેટલા બધા જીવ સાથે ચેડા કરવામાં આવે છે, જે લક્ષ્યની શુદ્ધતા નથી. સમગ્ર માનવજાતના વિકાસ માટે આ એક બહુ યાદ રાખવા જેવી વાત છે, કે વિશ્વમાં માનવ જાતિના સ્વાસ્થ્ય માટે કરાતી શોધ, માનવીને સંવેદનહીન બનાવતી જાય છે, એ એક સૌથી મોટો પડકાર છે, અને એને કારણે પ્રકૃતિ અસંતુલિત થઈ રહી છે, અને આપણે સૌ જાણે અજાણે આ કર્મ જાળના બંધનમાં બંધાઈ રહ્યાં છીએ. આપણી સંસ્કૃતિ અને એમાં પણ ખાસ કરીને ગુજરાતી સંસ્કૃતિમાં બાળકના જન્મ પછી છઠ્ઠી માંડવાનો રિવાજ છે, અને છઠ્ઠીએ વિધાતા બાળકના લેખ લખે છે, એવી એક માન્યતા પણ છે. હવે બહુ સ્વાભાવિક રીતે જ છ દિવસના બાળકનું કોઈ કર્મ તો હોતું નથી, એટલે જો વિધાતા લેખ લખતી હોય તો, પૂર્વજન્મનાં કર્મફળ મુજબ આ લેખ હોય, અને તેનો જન્મ થઈ ચૂક્યો છે, એટલે અડધું કર્મફળ તો તેણે મેળવી લીધું છે. એટલે કે તેનો કોના ઘરે જન્મ થયો છે, શ્રીમંત! મધ્યમ! કે શ્રમિક વર્ગ! એ પરથી નક્કી થાય છે. પરંતુ જન્મનાર બાળક શું ફક્ત આ પ્રકારના પ્રારબ્ધ પર જ આધારિત હોય છે? પહેલી વાત તો જીવનમાં સુખ સગવડ અને એશોઆરામ માટે જ જન્મ છે? કે પછી કંઈક વિશેષ કરવા માટે મનુષ્ય દેહ મળ્યો છે? એ નક્કી કરવું પડે. પ્રકૃતિ, પરમેશ્વર તરફ જીવને સન્મુખ કરનાર પરમ હંસ સાથે ભેટો થવો, એ માનવીનું સૌથી મોટું પ્રારબ્ધ બળ છે. સમયે આ સત્ય સમજાઈ જાય તો માનસિકતા માંથી ધનદોલત વાળા પ્રારબ્ધને એક બાજુ કરી શકાય. અસ્તિત્વે તેને અહીં શું કામ જન્મ આપ્યો? પ્રકૃતિ કે પરમેશ્વરનો આભાર માનતું કોઈ કર્મ કર્યું? એવો કોઈ પ્રશ્ન થાય તો તે અસ્તિત્વમાં પરમેશ્વરની ખોજ કે તેની માટેની જીજ્ઞાસા ઉદભવે છે, અને એ બહુ જરૂરી છે. સન્યાસ લીધા વગર સંસારને એક બાજુએ રાખીને દિવસમાં એકાદ કલાક માટે આવું કંઈક વિચારવું જરૂરી છે. પરંતુ આપણાં અજ્ઞાનને કારણે બેંકોમાં અને કબાટોમાં રૂપિયા-પૈસાની થપ્પીઓ ગોઠવાતી હોય તે જ નસીબદાર છે, એવી એક ભ્રામકતા છે, એને કારણે આપણે આ માનવ જન્મનું મૂલ્ય કરી શકતાં નથી. કવિએ પોતાનાં ગીતમાં આગળ લખ્યું છે, કે આ હાથોની ચંદ લકીરોને હું બદલી શકું એમ છું, મારી કિસ્મતનો હું માલિક છું,કારણ કે હું હિમ્મત ધરાવું છું, એટલે કે માનવજીવન માટેની જરૂરિયાતો તો હું પુરુષાર્થથી મેળવી લઈશ, અને એની માટે યુક્તિ-પ્રયુક્તિ ઉપાય બધું જ હું કરી શકીશ, તકરીર એટલે કે ભાષણબાજી પણ મને સારી આવડે છે, એટલે સમાજને પ્રભાવિત પણ હું કરી લઈશ, પણ આ બધા કંઈ લકીરોના ખેલ નથી, કારણકે પ્રારબ્ધ શું છે એ હું શું જાણું? કવિને કદાચ પ્રારબ્ધ શું છે? એની જાણ નથી, પરંતુ આપણને તો હવે પ્રારબ્ધ શું છે! એની જાણ સદગુરુ કૃપા એ થઈ ગઈ છે. કે જીવન જરૂરિયાતની સાધન સંપન્નતા કે એશોઆરામ માત્ર, એટલું જ પ્રારબ્ધમાં આવતું નથી. પ્રારબ્ધ એટલે પ્રકૃતિ અને પરમેશ્વર તરફ સન્મુખ થવા માટેની સુવિધા ઊભી થવી એ છે. કોઈ પરમહંસ સ્વરૂપ સદગુરૂનો જીવનમાં સત્સંગ થાય, તેનું નિત્ય સાનિધ્ય પ્રાપ્ત થાય, અને ઓછામાં ઓછી મહેનતે, આ સત્ય સમજાય. એટલે કે સંસારમાં રહીને જ આપણે ઈશ્વરને જાણી શકીએ, જોઈ શકીએ, અને માણી શકીએ, તો આપણે નસીબદાર છીએ એવું કહી શકાય. આપણે સૌ પ્રારબ્ધના નવા અર્થ સાથે, પરમેશ્વર અને પ્રકૃતિની સન્મુખ થઈએ, અને તેને અનુભવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના, ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**કાળના મુખમાંથી છૂટવા કાળના પણ કાળ શ્રીકૃષ્ણ ને શરણે જાવ, જે સર્વસ્વ ભગવાન ઉપર છોડે છે તેની ચિંતા ભગવાન પોતે કરે છે**

# જે દિવસે મન શુદ્ધ છે, એવી સાક્ષી આત્મા આપે તે દિવસ માનજો કે તમે સંત છો, મૃત્યુના સ્મરણથી મન સુધરે છે, મૃત્યુના વિસ્મરણથી મન બગડે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જન્મ પણ દુઃખ છે, વૃદ્ધાવસ્થા પણ દુઃખ, સ્ત્રી પણ દુઃખ છે, પણ એથી મોટું દુઃખ મરણ છે, માટે - વેળાસર ચેતી જાઓ, આ દુઃખોને રોજ યાદ કરો. રોજ વિચારો કે, આજે યમદૂત મને લેવા આવે તો હું ક્યાં જઇશ, નરકમાં, સ્વર્ગમાં કે વૈકુંઠમાં? મૃત્યુનું નિવારણ કદી શક્ય નથી તો શા માટે કરા છો? કેટલાક બહુ ડાહ્યા હોય છે.**

આપણે ભગવદ્ ગીતા જ્ઞાન થકી કંઈક મેળવવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો આચાર- વિચાર શુદ્ધ હશે, ત્યાં ભક્તિને પુષ્ટિ મળશે. જીવન વિલાસમય થયું એટલે જ ભક્તિ નો વિનાશ થયો છે. ભાગવતશાસ્ત્ર મનુષ્યને કાળના મુખમાંથી છોડાવે છે, મનુષ્યને સાવધાન કરે છે.કાળના મુખમાંથી છૂટવા કાળના પણ કાળ શ્રીકૃષ્ણ ને શરણે જાવ. જે સર્વસ્વ ભગવાન ઉપર છોડે છે તેની ચિંતા ભગવાન પોતે કરે છે. પિતામહ ભીષ્મ મહાભારતના યુદ્ધમાં દુર્યોધનના ટોણાં સાંભળી પ્રતિજ્ઞા કરે છે કે, આવતીકાલે હું અર્જુનને મારીશ અથવા હું મરીશ આથી બધા ગભરાયા. કારણ ભીષ્મ પ્રતિજ્ઞા એટલે શું તે બધા જાણતા હતા. શ્રીકૃષ્ણ ભગવાનને પણ ચેન નથી.રાત્રે નિદ્રા ન આવી. અત્યારે અર્જુનની શું હાલત થશે એવો વિચાર આવતાં તેઓ અર્જુનના તંબૂમાં ગયા. જઈને જુએ છે તો અર્જુન તો શાંતિથી ઊંઘતો હતો. ભગવાને વિચાર્યું કે, ભીષ્મે આવી ભીષણ પ્રતિજ્ઞા કરી છે, છતાં આ શાંતિથી સૂતો છે. તેમણે અર્જુનને જગાડીને પૂછ્યું,તે ભીષ્મની પ્રતિજ્ઞા સાંભળી અર્જુન કહે, હા સાંભળી શ્રીકૃષ્ણ કહે, અને છતાં તું આમ નિરાંતે ઊંઘે છે? તને મૃત્યુની બીક નથી, ચિંતા નથી? અર્જુન કહે, મારી ચિંતા કરનારો જાગે છે, એ જાણું છું એટલે હું નિરાંતે ઊંઘું છું. તે મારી ચિંતા કરશે. હું શા માટે ચિંતા કરું? અર્જુનની પેઠે બધું ઈશ્વર પર છોડો મનુષ્યની ચિંતા જ્યાં સુધી ઈશ્વરને માથે ન છોડાય, ત્યાં સુધી તે નિશ્ચિંત થતો નથી. પ્રથમ સ્કંધમાં અધિકાર કથા કહી છે. અધિકાર સિદ્ધ થાય તો સંત મળે છે. અધિકાર વિના સંત મળે, તો તેના તરફ સદભાવ જાગતો નથી.સંતને શોધવાની જરૂર નથી. શોધવાથી પ્રભુ કૃપા થશે નહીં. મન દુર્જન હશે ત્યાં સુધી સંત મળશે નહીં. સંત થશો તો સંત મળી આવશે. કેમ જોવું તે શીખવે એ સંત. સંત જોવાની દૃષ્ટિ આપે છે. સંસારના પદાર્થને જોવામાં આનંદ છે, ભોગવવામાં નથી. સંસાર એ ઈશ્વરનું સ્વરૂપ છે.તેથી જગતને ઈશ્વરમય નિહાળો, મહાપ્રભુજીએ વૈષ્ણવનું લક્ષણ બતાવ્યું છે કે,જેના દર્શનથી શ્રી કૃષ્ણ યાદ આવે તે વૈષ્ણવ. જેના સંગથી પ્રભુ યાદ આવે તે વૈષ્ણવા શ્રીકૃષ્ણ-શુકદેવના દર્શનથી અપ્સરાઓમાં વૈરાગ્ય આવ્યો હતો અને શ્રીકૃષ્ણકથા પાછળ તેઓ પાગલ બની હતી. એનું નામ સંતદર્શન એવા સંતો જગતમાં છે. સદગુરુનો અભાવ નથી પણ સશિષ્યનો અભાવ છે.જેનો અધિકાર સિદ્ધ થયો છે તેને સંતપુરુષ મળી આવે છે. મનુષ્ય સંત બને છેત્યારે તેને સંત મળે છે સાંગોમાં પણ એકાદ દોષ રહેલો હશે.આ બ્રહ્માજીની સૃષ્ટિ ગુણ દોષથી ભરેલી છે.જગતમાં સર્વ પ્રકારે કોઈ સુખી થઈ શકતો નથી. સંસારના પ્રત્યેક પદાર્થમાં દોષ અને ગુણ પણ છે..દૃષ્ટિને



એવી ગુણમય બનાવજો કે, કોઈના દોષ દેખાય નહીં. તમારી દૃષ્ટિ ગુણદોષથી ભરેલી હશે ત્યાં સુધી સંતમાં પણ તમને દોષ દેખાશે માટે જ્ઞાન દૃષ્ટિથી જુઓ. બધું જગત બ્રહ્મ મય દેખાશે. જેની દૃષ્ટિ ગુણમય છે તે જ સંત છે. અભિમાન આવે એટલે પતન થાય છે.સતત દીનતા આવે એ જરૂરનું છે.મા બાળકને શણગારી બીજા લોકોની નજર ન લાગે એટલા માટે તેના ગાલ ઉપર મેસનું ટપકું કરે છે તેમ કદાચ ઈશ્વર પણ સંતોમાં તે ભક્તોમાં એકાદ દોષ રાખતો હશે. મનુષ્યમાં કોઈ દોષ ન રહે તો તેના મનમાં અભિમાન આવી જાય. માટે કોઈના દોષ જોશો નહીં. કોઈના પાપનો વિચાર કરશો નહીં કે વાણીથી તેનો ઉચ્ચાર કરશો નહીં. ઘર છોડવાથી સંત થવાય છે એવું નથી. ઘરમાં રહીને સંત થઈ શકાય છે. ઘરમાં રહીને ઈશ્વરને પ્રાપ્ત કરી શકાય છે. તુકારામ મહારાજ, એકનાથ, ગોપીઓ વગેરેએ ઘરમાં રહીને પ્રભુને પ્રાપ્ત કર્યા છે. ભગવાં કપડાં પહેરવાથી સંત થવાતું નથી.પરીક્ષિત રાજા એ મનને સુધાર્યું એટલે તેને શુકદેવજી મળ્યા. માનવજીવનનું લક્ષ્ય શું? પરમાત્મા.પરમાત્માનું દર્શન મિલન સંસારમાં જે આ લક્ષ્યને યાદ રાખે તે સંત. પ્રતિક્ષણે જે સાવધાન તે સંત.જેણે પોતાનું મન સુધાર્યું એ સંત છે. મનને સુધારશો તો તમે સંત થશો. મનને સુધારવાની જરૂર છે.જગત બગડ્યું નથી,આપણું મન બગડ્યું છે. મન ઉપર વિશ્વાસ ન રાખશો. મન ઉપર અંકુશ રાખો. આત્માએ મનનો સાક્ષી છે,દૃષ્ટા છે.જે દિવસે મન શુદ્ધ છે, એવી સાક્ષી આત્મા આપે તે દિવસ માનજો કે તમે સંત છો. મૃત્યુના સ્મરણથી મન સુધરે છે.મૃત્યુના વિસ્મરણથી મન બગડે છે. જે ઘડીએ પરીક્ષિત રાજાએ સાંભળ્યું કે, સાતમા દિવસે હું મરવાનો છું તે જ ઘડીએ તેના વિલાસી જીવનનો અંત આવ્યો. પરીક્ષિતને મૃત્યુની બીક લાગી અને તેનું જીવન સુધર્યું. મરણનું દુઃખ ભયંકર છે. જીવ શરીર છોડે છે, ત્યારે હજાર વીંછી એક સાથે ડંખ મારે ને જેટલી વેદના થાય તેટલી વેદના થાય છે. જન્મ પણ દુઃખ છે. વૃદ્ધાવસ્થા પણ દુઃખ, સ્ત્રી પણ દુઃખ છે, પણ એથી મોટું દુઃખ મરણ છે.માટે - વેળાસર ચેતી જાઓ. આ દુઃખોને રોજ યાદ કરો. રોજ વિચારો કે, આજે યમદૂત મને લેવા આવે તો હું ક્યાં જઈશ. નરકમાં, સ્વર્ગમાં કે વૈકુંઠમાં? મૃત્યુનું નિવારણ કદી શક્ય નથી તો શા માટે કરા છો? કેટલાક બહુ ડાહ્યા હોય છે. બશેર શાક લેવું હોય તો આખી બજાર ફરી શું લેવું તેનો વિચાર કરે છે, પણ મૃત્યુનો વિચાર કરો છો? મૃત્યુને રોજ યાદ કરો, તો તમારું પાપ છૂટી જશે અને પાપ છૂટી જાય,ત્યારે માનજોકે તમે સંત છો મનુષ્ય માને છે કે,હું પાપ કરું છું તે કોઈ જોતું નથી.પણ પાપ પુણ્યના અનેક સાક્ષીઓ છે. સૂર્ય,ચંદ્ર,ધરતી,વાયુ બધા સાક્ષીઓ છે. સૂર્ય,ચંદ્ર,ધરતી,વાયુ બધા સાક્ષી ઓ છે. ભગવાનના સેવકો જ્યાં જાવ ત્યાં સાથે જ છે.સદગુરુ શંકરાચાર્ય સ્વામી દુઃખ પામી કહે છે કે, મનુષ્ય મરવાનું છે તે જાણે છે. એક દિવસ આ બધું છોડીને જવાનું છે તે પણ જાણે છે. તેમ છતાં મનુષ્ય પાપ કરે છે! તે તેમને આશ્ચર્ય થાય છે.છેવટે એ મરણને શરણ થાય છે, તો પણ તે પાપી આચરણ છોડતો નથી.માટે તમારા જીવનને સાચવજો. પરીક્ષિતને અધિકાર સિદ્ધ થયા પછી શુકદેવજી ત્યાં પધાર્યા છે. શુકદેવજીને આમંત્રણ આપવું પડ્યું નથી. અમે આમંત્રણ આપે આ શુકદેવ આવે તેવા નથી. પરીક્ષિત રાજા જ્યાં સુધી મહેલો માં વિલાસી જીવન ગાળતા હતા ત્યાં સુધી શુકદેવજીના આવ્યા પણ તક્ષકના ભયથી સંસાર છોડ્યો કે તરત શુકદેવજી પધાર્યા પરીક્ષિત રાજાને ખાતરી હતી કે, સાત દિવસ પછી મરવાનો છું. આપણને એ પણ ખબર નથી. જીવન પાણીનો પરપોટો છે. પાણીના પરપોટાને ફૂટી જતાં વાર લાગતી નથી, તેમ જીવનનો અંત આવતાં પણ વાર લાગતી નથી. પ્રથમ સ્કંધમાં શ્રીમદ્ ભાગવતનું જ્ઞાન પામવાનો અધિકારી કોણ, એ જ્ઞાન આપવાનો અધિકારી કોણ વગેરે બતાવ્યું છે. પ્રથમ સ્કંધમાં ત્રણ પ્રકરણ છે: ઉત્તમાધિકાર, મધ્યમાધિકાર અને ત્રીજું કનિષ્ઠાધિકાર પ્રકરણ. શુકદેવજી-પરીક્ષિત ઉત્તમ વક્તા- શ્રોતા, નારદ-વ્યાસ મધ્યમ શ્રોતા વક્તા અને સૂત-શૌનકજી કનિષ્ઠ વક્તા-શ્રોતા.વ્યાસજી સમાજને સુધારવાની ભાવનાથી કથા કરે છે એટલે કે મધ્યમ વક્તા. બીજાને સુધારવાની ભાવના પ્રભુ ભજન માં વિઘ્ન કરે છે.બીજાને સુધારવાની ભાંજગડમાં પડતા નહીં તમે પોતાને સુધાર જો. કથા કરતી વખતે શુકદેવજી ને ખબર નથી કે, મારી કથા સાંભળવા સામે કોણ કોણ બેઠા છે? શુકદેવજીની કથાથી ઘણાનાં જીવન સુધરે છે, પણ તેનો વિચાર શુકદેવજી કરતા નથી. શંકરાચાર્યે કહ્યું છે કે,બ્રહ્મ જ્ઞાની મહાત્માઓ એક ક્ષણ પણ બ્રહ્મનું ચિંતન છોડી શકતા નથી. આવી દશા શુકદેવજીની છે. જગતમાં બ્રહ્મ જ્ઞાની મળી શકે,પણ બ્રહ્મ દૃષ્ટિ રાખીને ફરનારા શુકદેવજી જેવા નથી મળતા. કહેણી અને કરણી એક ન હોય, વાણી અને વર્તન એક ન હોય, ત્યાં સુધી શબ્દમાં શક્તિ આવતી નથી.

# ‘બેબી જહોન’ પર છવાયો સલમાન ખાનનો જ જાદુ

## કાલિસ દ્વારા નિર્દેશિત અને એટલા અને જ્યોતિ દેશપાંડે દ્વારા નિર્મિત આ ફિલ્મે બહાર આવતાની સાથે જ સ્ક્રીન પર હલચલ મચાવી

ક્રિસમસના અવસર પર ૨૫મી ડિસેમ્બરે રિલીઝ થયેલી ‘બેબી જોન’માં સલમાન ખાનના કેમિયોએ ધૂમ મચાવી હતી. તેની એન્ટ્રી અને એક્શન સીન વાયરલ થયા છે. લોકો ફિલ્મમાં વરુણ ધવન અને જેકી શ્રોફની વાત નથી કરી રહ્યા પરંતુ સલમાન ખાનના વખાણ કરી રહ્યા છે.વરુણ ધવન, વામિકા ગબ્બી, જેકી શ્રોફ અને કીર્તિ સુરેશ અભિનીત ફિલ્મ ‘બેબી જોન’ ૨૫મી ડિસેમ્બરે ક્રિસમસના અવસર પર સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી.

કાલિસ દ્વારા નિર્દેશિત અને એટલા અને જ્યોતિ દેશપાંડે દ્વારા નિર્મિત આ ફિલ્મે બહાર આવતાની સાથે જ સ્ક્રીન પર હલચલ મચાવી દીધી હતી. કાલિસ દ્વારા નિર્દેશિત અને એટલા અને જ્યોતિ દેશપાંડે દ્વારા નિર્મિત આ ફિલ્મે બહાર આવતાની સાથે જ સ્ક્રીન પર હલચલ મચાવી દીધી હતી, જો કે લોકો તેમાં સ્ટાર કાસ્ટ વિશે પણ વાત નથી કરી રહ્યા. ચર્ચા માત્ર એક જ વ્યક્તિની છે અને તે છે સલમાન ખાન.સોશિયલ મીડિયા પર સલમાન ખાનના કેમિયોની ચર્ચા છે.



**વરુણ ધવન અને જેકી શ્રોફ ફિક્કા પડ્યાં**

તેના એક્શન સીનની ક્લિપ વાયરલ થઈ રહી છે. લોકો તેના લુક અને તેની એન્ટ્રીના દીવાના બની રહ્યા છે. જેકી શ્રોફ અને વરુણ ધવનના કામ વિશે કોઈ વાત નથી કરી રહ્યું. એક્સ હેન્ડલ પર માત્ર ભાઈજાનના વખાણ થઈ રહ્યા છે.એક યુઝરે લખ્યું કે બેબી જહોનમાં સલમાન ખાનનો શાનદાર કેમિયો છે. તેણે અભિનેતાની એન્ટ્રી સીનનો આખો વીડિયો રેકોર્ડ કર્યો અને તેને સોશિયલ મીડિયા પર શેર કર્યો, જે હવે વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેના મોઢા પર કપડું બાંધેલું છે અને હાથમાં દોરડું બાંધેલું છે.

આ હોવા છતાં, તે ઉડતો અને તેના દુશ્મનોને મારતો જોવા મળે છે. જેમ અલ્લુ અર્જુને ‘પુષ્પા ૨’ના ક્લાઈમેક્સ સીનમાં કર્યુ હતું.વરુણ ધવન અને જેકી શ્રોફનો કોઈ ઉલ્લેખ નથી. જણાવી દઈએ કે બેબી જોનમાં સલમાન ખાનનું નામ એજન્ટ ભાઈજાન છે. કાલિસ દ્વારા નિર્દેશિત અને એટલા અને જ્યોતિ દેશપાંડે દ્વારા નિર્મિત આ ફિલ્મે બહાર આવતાની સાથે જ સ્ક્રીન પર હલચલ મચાવી દીધી હતી જે વરુણ ધવનના પાત્રને બચાવવા એન્ટ્રી કરે છે. વરુણ ધવન અને જેકી શ્રોફ પણ તેની સામે ફિક્કા પડ્યાં તેણે આ ફિલ્મ માટે એક રૂપિયો પણ ચાર્જ કર્યો નથી. મફતમાં કામ કર્યુ છે. લોકો તેના સ્વેગને ખૂબ પસંદ કરી રહ્યા છે.

### રોમેન્ટિક કોમેડીમાં જાન્હવી-સિદ્ધાર્થ રંગ જમાવશે

# ‘પરમ સુંદરી’માં નોર્થનો સ્વેગ અને સાઉથની ગ્રેસ




**ભારતીય ફિલ્મ જગતમાં એક્શન અને હોરર ફિલ્મો બાદ હવે રોમેન્ટિક કોમેડીનું આગમન થઈ રહ્યું છે**

ભારતીય ફિલ્મ જગતમાં એક્શન અને હોરર ફિલ્મો બાદ હવે રોમેન્ટિક કોમેડીનું આગમન થઈ રહ્યું છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સાઉથ અને નોર્થની ટેલેન્ટ એકબીજાની પૂરક બનીને કામ કરી રહી છે ત્યારે ફિલ્મની સ્ટોરીમાં પણ સાઉથ અને નોર્થનો પ્રેમ છલકાવા માંડ્યો છે. દાયકાઓ સુધી ઓડિયન્સ અને ફિલ્મ મેકર્સની પસંદગી રહેલી રોમ-કોમ જોનરને અજમાવવાની સાથે નોર્થના સ્વેગ અને સાઉથની ગ્રેસ ધરાવતી ‘પરમ સુંદરી’ એનાઉન્સ થઈ છે. પ્રોડક્શન હાઉસ મેડ્ડોક ફિલ્મ્સે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરી આ ફિલ્મનો પરિચય આપ્યો હતો. જેમાં જણાવાયુ હતું કે, નોર્થ કા સ્વેગ, સાઉથ કી ગ્રેસ- બે દુનિયા અથડાઈ અને રાખ ઊડી. દિનેશ વિજાન રજૂ કરે છે-પરમ સુંદરી. તુષાર જલોટાના ડાયરેક્શનમાં બની રહેલી ફિલ્મ ૨૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. અત્યંત શિષ્ટ સિદ્ધાર્થ મલહોત્રા પરમ બન્યો છે અને ચંચળ જાન્હવીએ સુંદરીનો રોલ કર્યો છે. સિદ્ધાર્થને નોર્થના યુવક તરીકે દર્શાવાયો છે, જેની પોતાની અલગ સ્ટાઈલ છે. જ્યારે સાઉથની સુંદરીની નજાકત મન પીગળાવી દે તેવી છે. સિદ્ધાર્થ મલહોત્રા છેલ્લે પ્રાઈમ વીડિયોની સિરીઝ ‘ઈન્ડિયન પોલીસ ફોર્સ’માં જોવા મળ્યો હતો. રાશિ ખન્ના, શિલ્પા શેટ્ટી અને વિવેક ઓબેરોય સાથેની આ સિરીઝને રોહિત શેટ્ટીએ ડાયરેક્ટ કરી હતી. જાન્હવીની છેલ્લી ફિલ્મ દેવરા: પાર્ટ ૧ હતી. જુનિયર એનટીઆરનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મ બોક્સઓફિસ પર ખાસ ચાલી ન હતી.

### લક્ષ્ય સાથે ત્રીજી ફિલ્મની તૈયારી

# લક્ષ્ય ‘કિલ’ પછી કરણ સાથે ફરી વખત એક્શન કરશે




**આ ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, લક્ષ્ય ધર્મા સાથે વધુ એક એક્શન ફિલ્મ કરી રહ્યો છે**

લક્ષ્યએ જુલાઈ ૨૦૨૪માં નિખિલ નાગેશ ભટ્ટે ડિરેક્ટ કરેલી ફિલ્મ ‘કિલ’ સાથે ડેબ્યુ કર્યુ. આ એક્શન ફિલ્મ ધર્મા પ્રોડક્શનમાં કરણ જોહર અને ગુનીત મોંગા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી હતી. આ ફિલ્મને ઈન્ટરનેશનલ લેવલ ઘણી સરાહના મળી હતી. ઈન્ટરનેશનલ ફેસ્ટિવલ્સમાં આ ફિલ્મને સારો પ્રતિસાદ મળ્યો હતો. આ ફિલ્મ પછી તરત કરણે લક્ષ્ય અને અનન્યા સાથે એક રોમેન્ટિક કોમેડી ફિલ્મ ‘ચાંદ મેરા દિલ’ની જાહેરાત કરી હતી. હાલ આ ફિલ્મનું શૂટિંગ ચાલુ છે અને ૨૦૨૫માં રિલીઝ થવાની છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે લક્ષ્ય હવે ધર્મા સાથે ત્રીજી ફિલ્મમાં પણ કામ કરશે.આ ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, લક્ષ્ય ધર્મા સાથે વધુ એક એક્શન ફિલ્મ કરી રહ્યો છે. સૂત્રએ જણાવ્યું, ‘‘કરણ જોહરના પ્રોડક્શનની આધુનિક એક્શન ફિલ્મમાં લક્ષ્ય લીડ રોલ કરશે. ‘ચાંદ મેરા દિલ’નું શૂટ પૂરું થાય પછી, આ ફિલ્મ ૨૦૨૫માં ઉનાળા આસપાસ ફ્લોર પર જશે. ‘કિલ’ની જેમ આ ફિલ્મ પણ એક એક્શન થ્રિલર ફિલ્મ છે.’’ આ ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ ચાલે છે પરંતુ હજુ ફિલ્મનું નામ નક્કી થયું નથી. હજુ ફિલ્મ પ્રી પ્રોડક્શનના તબક્કામાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર,‘‘હજુ સુધી આ ફિલ્મના ડિરેક્ટરનું નામ જાહેર કરાયું નથી પરંતુ ધર્માની ટીમે શાંતિથી આ ફિલ્મનું કામ શરૂ કરી દિધું છે. આ ફિલ્મ માટેનું કાસ્ટિંગ પણ ટૂંક સમયમાં શરૂ થઈ જશે. દરેકને આ ફિલ્મની વાર્તા ઘણી ગમી છે અને આ એક ઈમોશનલ ડ્રામા હશે.’’ આ ઉપરાંત ધર્મા પ્રોડક્શન અક્ષય કુમારની કોર્ટરૂમ ડ્રામા ફિલ્મને રિલીઝ કરવાની પણ તૈયારી કરી રહ્યું છે. આ ફિલ્મ માર્ચ મહિનામાં રિલીઝ થશે. ત્યાર બાદ વરુણ ધવન અને જહાન્વી કપૂરની ‘સન્ની સંસ્કારી કી તુલસી કુમારી’ રિલીઝ થશે અને તેના પછી ૨૦૨૫માં ધર્મા પ્રોડક્શન દ્વારા ‘ધડક ૨’ પણ રિલીઝ કરવામાં આવશે.

# પુષ્પા-૨ના નિર્માતાઓ દ્વારા મોટી જાહેરાત

## જાણીતા નિર્માતા અલ્લુ અરવિંદે બુધવારે તેજાને મળ્યા બાદ આ જાહેરાત કરી

પુષ્પા-૨ના નિર્માતા અને ફિલ્મના અભિનેતા અલ્લુ અર્જુને કહ્યું છે કે તેઓ નાસભાગનો ભોગ બનેલા પરિવારને ૨ કરોડ રૂપિયાની સહાય આપશે. અલ્લુ અર્જુનના પિતા અને જાણીતા નિર્માતા અલ્લુ અરવિંદે બુધવારે તેજાને મળ્યા બાદ આ જાહેરાત કરી હતી, અલ્લુ અર્જુને આ સહાયમાં ૧ કરોડ રૂપિયા આપ્યા છે, જ્યારે ફિલ્મ Mythri Movies ના નિર્માતાએ ૫૦ લાખ રૂપિયાની મદદ કરી છે. આ નાસભાગમાં એક મહિલાનું મોત થયું હતું અને તેનો પુત્ર હોસ્પિટલમાં દાખલ છે.અલ્લુ અર્જુન અને ‘પુષ્પા ૨’ના નિર્માતાઓએ ૪ ડિસેમ્બરે સંધ્યા થિયેટરમાં ફિલ્મના પ્રીમિયર શો દરમિયાન માર્યા ગયેલી મહિલા અને તેના પુત્રના પરિવારને ૨ કરોડ રૂપિયાના વળતરની જાહેરાત કરી છે. વાસ્તવમાં અલ્લુ અર્જુનના પિતા અને જાણીતા નિર્માતા અલ્લુ અરવિંદે બુધવારે તેજાને મળ્યા બાદ આ જાહેરાત કરી હતી. તેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પીડિતાને મળ્યા બાદ અલ્લુ અરવિંદે મીડિયાને જણાવ્યું કે ચેક તેલંગાણા સ્ટેટ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશનના અધ્યક્ષ દિલ રાજુને સોંપવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે અલ્લુ અરવિંદે કહ્યું કે છોકરા અને તેના પરિવારની મદદ કરવા માટે ફિલ્મ યુનિટે ૨ કરોડ રૂપિયાની આર્થિક મદદ કરવાનો નિર્ણય કર્યો છે. અલ્લુ અર્જુને આ સહાયમાં ૧ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે, જ્યારે ફિલ્મના નિર્માતા મિથરી મૂવીઝે ૫૦ લાખ રૂપિયાનું દાન આપ્યું છે. ફિલ્મના નિર્દેશક સુકુમારે પણ પરિવારને ૫૦ લાખ રૂપિયા આપ્યા છે.





### એક સાથે ત્રણ ફિલ્મોમાં કામ કરી રહ્યો છે

# પ્રભાસની બધી જ ફિલ્મોની તારીખો અને કાર્યક્રમ બદલાશે

પ્રભાસ એક સાથે ત્રણ ફિલ્મોમાં કામ કરી રહ્યો છે અને તેની આગામી ત્રણ ફિલ્મોની જાહેરાત થઈ ચૂકી છે. એ સતત કામ કરી રહ્યો છે, પરંતુ તકલીફ એ છે કે તે સતત કામ કરતો હોવાથી અને એક સાથે એકથી વધુ ફિલ્મોનું કામ કરતો હોવાથી તેની એક પણ ફિલ્મ સમયસર પૂરી થતી નથી, તેની દરેક ફિલ્મનું કામ પાછું ઠેલાતું રહે છે અને તેના કોઈ પણ ફિલ્મ સમયસર પૂરી થતી નથી. સાઉથની ઈન્ડસ્ટ્રીમાંથી આવતા કેટલાંક અહેવાલો અનુસાર, હાલ તે જે ફિલ્મ ‘રાજા સાબ’ માટે કામ કરી રહ્યો છે, તે ફિલ્મ પણ હવે પોસ્ટપોન થઈ ગઈ છે અને આ ફિલ્મ એપ્રિલ ૨૦૨૫માં રિલીઝ થશે નહીં. જોકે, ફિલ્મના મેકર્સ દ્વારા ફિલ્મના શૂટમાં કોઈ પ્રકારના વિલંબનો ઈનકાર કરવામાં આવ્યો છે. જોકે, તેમણે ફિલ્મ સમયસર રિલીઝ નહીં થાય એ અંગે તેમણે કોઈ રદિયો પણ આપ્યો નથી. તેમણે એવું કહ્યું છે કે તેમની ફિલ્મનું ૮૦ ટકા કામ પૂરું થઈ ગયું છે. પ્રભાસની ‘સ્પિરિટ’ના ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાએ પણ તેમનું મુવી લોંચ પોસ્ટપોન કર્યુ છે. આ પહેલાં તેઓ જાન્યુઆરી ૨૦૨૫માં ફિલ્મ લોંચ કરવા માગતા હતા. પરંતુ હવે આ ફિલ્મનું કામ શરૂ થવામાં સમય લાગશે. કારણ કે પ્રભાસ ‘રાજાસાબ’નું કામ પૂરું કરે પછી જ તે સંદીપ રેડ્ડી વાંગાનું કામ શરૂ કરી શકશે. તેના કારણે હવે આગામી ફિલ્મો ‘ફૌજી’ અને ‘સ્પિરિટ’ની રિલીઝ ડેટમાં પણ ફેરફાર થશે.

# નિર્દેશક એમટી વાસુદેવન નાયરનું નિધન

મલયાલમ લેખક એમટી વાસુદેવન નાયરનું ૯૧ વર્ષની વયે નિધન થયું છે. શ્વાસ લેવામાં તકલીફ સહિત વિવિધ શારીરિક સમસ્યાઓના કારણે ૧૫ ડિસેમ્બરે તેમને કોઝિકોડની ખાનગી હોસ્પિટલ બેબી મેમોરિયલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મંગળવારે સવારે જારી કરાયેલા મેડિકલ અપડેટ મુજબ એમટી વાસુદેવન નાયરની તબિયત નાજુક હતી. મંગળવારે સવારે જારી કરાયેલા મેડિકલ અપડેટ મુજબ એમટી વાસુદેવન નાયરની તબિયત નાજુક હતી. તબીબી વ્યાવસાયિકોના જણાવ્યા અનુસાર, તેમની તબીબી સ્થિતિમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નહતો. ૧૫ ડિસેમ્બરની રાત્રે શ્વાસ લેવામાં તકલીફને કારણે કોઝિકોડની બેબી મેમોરિયલ હોસ્પિટલમાં દાખલ કરાયેલા એમટીને પણ હોસ્પિટલમાં દાખલ થવા દરમિયાન હાર્ટ એટેક આવ્યો હતો. પદ્મ ભૂષણ પુરસ્કારથી સન્માનિત નાયરને મલયાલમ સાહિત્ય અને સિનેમાનું પ્રતીક માનવામાં આવે છે. તેમણે પટકથા લખવા માટે ચાર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો જીત્યા અને સાત ફિલ્મોનું દિગ્દર્શન કર્યુ, જ્યારે તેમણે લગભગ ૫૪ ફિલ્મોની વાર્તાઓ લખી છે.તેમની વાર્તાઓ હવે પુસ્તક સ્વરૂપે ઉપલબ્ધ છે, જે મહત્ત્વાકાંક્ષી ફિલ્મ નિર્માતાઓ માટે આવશ્યક માનવામાં આવે છે. નાયરને વર્ષોથી કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર, કેરળ સાહિત્ય અકાદમી પુરસ્કાર, વાયલાર પુરસ્કાર, વલ્લથોલ પુરસ્કાર, એઝુથાચન પુરસ્કાર, માતૃભૂમિ સાહિત્ય પુરસ્કાર અને O.N.V સહિત અનેક પ્રતિષ્ઠિત પુરસ્કારો પ્રાપ્ત થયા છે. સાહિત્ય પુરસ્કારોનો સમાવેશ થાય છે. ૨૦૧૩માં, તેમને મલયાલમ સિનેમામાં આજીવન સિદ્ધિ માટે J.C. એવોર્ડ મળ્યો હતો. ડેનિયલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ૨૦૨૨ માં તેમને કેરળ જ્યોતિ એવોર્ડ મળ્યો, જે કેરળ સરકાર દ્વારા આપવામાં આવતો સર્વોચ્ચ નાગરિક સન્માન છે.૧૯૯૫માં, નાયરને સાહિત્યમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે, ભારતના સર્વોચ્ચ સાહિત્યિક સન્માન જ્ઞાનપીઠથી નવાજવામાં આવ્યા હતા. તેમણે ઘણા વર્ષો સુધી માતૃભૂમિ સાપ્તાહિકના તંત્રી તરીકે પણ સેવા આપી હતી.



# દિલજીત અને ધિલ્લોંને બાદશાહની સલાહ-અમે કરેલી ભૂલ તમે ન કરો

## દિલજિતે એપી ધિલ્લોં અને કરણ ઔજલાને પોતાની ટૂર માટે શુભેચ્છાઓ આપી હતી

દિલજિત દોસાંજ એક પછી એક નવા નવા વિવાદમાં આવતો રહે છે. હવે આ વિવાદમાં એક નવું નામ ઉમેરાયું છે. પંજાબી ગાયક એપી ધિલ્લોં અને દિલજિત દોસાંજ વચ્ચેના ઘર્ષણ અંગે તો તેમના ફૅન્સ જાણે છે. ત્યારે રવિવારે આ વિવાદમાં રેપર બાદશાહનું પણ નામ જોડાયું છે. બાદશાહે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં એક સલાહ આપી હતી, જેને તેના ફૅન્સ દિલજિત અને ધિલ્લોંને આપેલી સલાહ ગણાવી રહ્યા છે. બાદશાહે લખ્યું હતું,‘‘અમે જે ભૂલો કરી છે એ ભૂલો ન કરશો. આ દુનિયા આપણા માટે જ છે. જેમ કહેવાયું છે, ‘‘જો તમારે ઝડપથી આગળ વધવું હશે તો એકલા જવું પડશે અને જો તમારે દૂર જવું હશે તો એક સાથે ચાલવું પડશે.’’આપણે એકસાથે હોઈશું તો જ ખડા રહી શકીશું.’’ સાથે તેણે હાથ જોડેલા ઈમોજી પણ મુક્યાં હતાં.આ પોસ્ટનો સંદર્ભ એપી ધિલ્લોંની બ્રાઉન્પ્રિન્ટ ટુર સાથે જોડાયેલો છે. એપી ધિલ્લોંએ ટુરમાં એવો દાવો કર્યો હતો કે દિલજિતે તેને ઈન્સ્ટાગ્રામ પર બ્લોક કરી દીધો છે. દિલજિતે વળતો જવાબ આપ્યો હતો કે એણે ક્યારેય કોઈને બ્લોક કર્યા નથી. દિલજિતે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શેર કરીને કહ્યું હતું, ‘‘મેં તને ક્યારેય બ્લોક કર્યો નથી. મારે સરકાર સાથે કોઈ તકલીફ હોઈ શકે, પણ કલાકારો સાથે નહીં.’’ તો બીજી તરફ એપી ધિલ્લોંએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયોમાં દર્શાવ્યું હતું કે, તે પહેલાં દિલજિત દોસાંજ દ્વારા બ્લોક થયેલો હતો. તેણે જાહેરમાં આ વાત કરી પછી તેને અનબ્લોક કરવામાં આવ્યો હતો. ૮ ડિસેમ્બરે ઈન્દોરમાં કોન્સર્ટ દરમિયાન દિલજિતે એપી ધિલ્લોં અને કરણ ઔજલાને પોતાની ટૂર માટે શુભેચ્છાઓ આપી હતી. જેના જવાબમાં ધિલ્લોંએ દિલજિતે બ્લોક કર્યો હોવાનો દાવો કરતાં વિવાદ શરૂ થયો હતો.



# ઐશ્વર્યાના રાય બચ્ચને જોધાબાઈ કોસ્ચ્યુમ્સને ઓસ્કાર એકેડેમીનાં મ્યુઝિયમમાં સ્થાન મળ્યું

## ૨૦૦૮માં જોધા અકબરમાં લાલ ચણિયાચોળી પહેર્યા હતાં જે જોઈને જ આંખને ગમી જાય

એક તરફ ઓસ્કારની રેસમાંથી ભારતની ફિલ્મો બહાર થવાની વાતથી ઓસ્કારની ચર્ચા છે, ત્યારે ઓસ્કારના એકેડેમી ઓફ ધ મોશન પિક્સર આર્ટ્સ એન્ડ સાયન્સીસ દ્વારા ઐશ્વર્યાની તસવીર અને વીડિયો શેર કરવામાં આવી છે. તેમના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર ઐશ્વર્યાની ૨૦૦૮ની ફિલ્મ ‘જોધા અકબર’ના વીડિયો સાથે એક ખાસ જાહેરાત કરી છે. એકેડેમી દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે જોધાબાઈના લગ્નના દૃશ્યમાં ઐશ્વર્યાએ પહેરેલાં ચણિયાચોળી એકેડેમી મ્યુઝિયમના એક્ઝિબીશનનો ભાગ હશે. ‘‘એક એવા ચણિયાચોળી જે એક રાણીને શોભે, જે મોટા પડદા માટે ડિઝાઈન કરવામાં આવ્યા હતા. ૨૦૦૮માં જોધા અકબરમાં ઐશ્વર્યા રાય બચ્ચને લાલ ચણિયાચોળી પહેર્યા હતાં જે જોઈને જ આંખને ગમી જાય. ઝરદોસી એમ્બ્રોઈડરી, સદીઓ જૂની કારીગરી અને ખરેખર છૂપા રત્ન સમાન. જો નજીકથી જોશો તો તમને એક મોર જોવા મળશે, ભારતનું રાષ્ટ્રિય પક્ષી, જે સંપુર્ણ ઘરેણાથી બન્યો છે. નીતા લીલાએએ માત્ર એક ચણિયાચોળી નહીં પણ એક પરંપરા ડિઝાઈન કરી છે. એકેડેમી મ્યુઝિયમના કલર ઈન મોશન એક્શિબિશનમાં ઈતિહાસમાં પ્રવેશ કરો.’’ આ પોસ્ટ સાથે એકેડમી દ્વારા જે વીડિયો શેર કરવામાં આવ્યો, તે આશુતોષ ગોવારીકરની ફિલ્મનો છે, જેમાં મુઘલ બાદશાહનો રોલ કરી રહેલો હિતિક રોશન પણ દેખાય છે.



**ઓસ્કારના ઇન્સ્ટાગ્રામ પેજ પર ઐશ્વર્યાના લૂકની તસવીર શેર થઈ**

જેમાં મ્યુઝિયમમાં પૂતળાને પહેરાવવામાં આવેલાં ચણિયાચોળી ઐશ્વર્યાએ પહેરેલાં જોઈ શકાય છે. આ બાબતે ઐશ્વર્યાના ફૅન્સે એકેડેમીના પેજ પર આ પોસ્ટ જોઈને ખુબ પ્રેમ વરસાવ્યો છે. ઘણા લોકોએ બોલિવૂડના એસ્થેટિક્સના ખુબ વખાણ કર્યા હતા. તો કોઈએ ઐશ્વર્યની આ રીતે નોંધ લેવાઈ તે બાબતે ખુશી વ્યક્ત કરી હતી. આ વખતે જે રીતે ઐશ્વર્યાના વીડિયો પોસ્ટ થયા છે તે રીતે પહેલાં દીપિકા પાદૂકોણના બાજીરાવ મસ્તાનીના અને શાહરુખ ખાનના દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે અને કભી ખુશી કભી ગમના વીડિયો પણ શેર કરવામાં આવ્યા હતા.

# ઝાલોદ સ્વર્ણિમ સર્કલ પરથી આદિવાસી સમાજની ઓળખની પ્રતિમા હટાવતા પૂર્વ કાઉન્સિલર દ્વારા વિરોધ કરાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ સ્વર્ણિમ સર્કલ ખાતે નગરપાલિકા દ્વારા નગરના વિકાસના પ્રોજેક્ટ તેમજ નગરને વધુ સુંદર બનાવવા માટે વિવિધ સર્કલોનુ પુનઃ નવીનીકરણ તેમજ લાઈટો સાથે સજ્જ સુંદર બનાવવા માટેની કામગીરી કરવામાં આવી રહેલ છે. ઝાલોદ સ્વર્ણિમ સર્કલ ખાતે આદિવાસી ઓળખ અને સંસ્કૃતિને ઉજાગર કરતી પ્રતિમા આવેલ હતી, હાલમાં સાંભળ્યા મળ્યા મુજબ સ્વર્ણિમ સર્કલ ખાતે આદિવાસી સમાજના ભગવાન એવા બીરસા મુંડાની પ્રતિમા મુકવામાં આવનાર છે.


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર લલકાભાઈ દ્વારા સ્વર્ણિમ સર્કલ પર થી આદિવાસી સમાજની પ્રતિમા હટાવવા માટે વિરોધ કરાયો હતો તેમજ તેઓ નગરપાલિકામાં આદિવાસી સમાજના પૂર્વ કાઉન્સિલર હોવા છતાંય આ સ્વર્ણિમ સર્કલના નવીનીકરણ અંગે તેઓને અને આદિવાસી સમાજને અંધારામાં રાખ્યા હોવાનું તેઓ જણાવે છે. પૂર્વ કાઉન્સિલર લલકાભાઈ નું કહેવું છે કે અહીંયા નગરપાલિકા દ્વારા નવીનીકરણ હેઠળ બીરસા મુંડાની પ્રતિમા મૂકે છે તેનો વિરોધ નથી પરંતુ આ સર્કલ પર આદિવાસી સમાજની ઓળખ સમા પ્રતિમાને જે તે સ્થાન પર રહેવા દઈ ભગવાન બીરસા મુંડાની પ્રતિમા અન્ય સર્કલ પર મૂકવામાં આવતું તો આદિવાસી સમાજનું ગૌરવ હજુ વધુ વધતું જેથી લલકાભાઈ નું કહેવું છે કે આદિવાસી સમાજની ઓળખ ધરાવતો ઝાલોદ તાલુકામાં આદિવાસી સંસ્કૃતિની ઓળખમા વધારો થવો જોઈએ જેથી આદિવાસી સમાજના લોકોમાં પોતાની સંસ્કૃતિ વધુ ઉજાગર થાય.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આજ રોજ ગરાડુ મુખ્ય પ્રાથમિક શાળામાં ડી.ઈ.ઓ મહિસાગર નૈલેશકુમાર ડી. મુનીયા અને બી.આર સી ઝાલોદ કલ્પેશકુમાર ડી. મુનીયા દ્વારા તેમના પિતાશ્રીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યું અને તિથિ ભોજન આપવામાં આવ્યુ.

### હનુમાન ચાલીસાના પાઠનું પઠન પણ કરવામાં આવ્યું

# ઝાલોદ હિન્દુ સમાજ દ્વારા તુલસી દિવસની ઉજવણી કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

તારીખ ૨૫-૧૨-૨૦૨૪ બુધવારના રોજ હિન્દુ સમાજ દ્વારા મીઠાચોક વિસ્તારમાં આવેલ ખુલ્લા પ્રાંગણમાં તુલસી દિવસ નિમિત્તે તુલસીની પૂજા અર્ચના કરવામાં આવી હતી. આજના પવિત્ર દિવસે ઉપસ્થિત સહુ લોકોએ સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતી તુલસી માતાની પૂજા કરી હતી. તુલસીને માઁ નુ સ્વરૂપ આપનાર સનાતન ધર્મમા તેની ખૂબ જ મહિમા વર્ણવવામા આવી છે.

તુલસી માતાનું પૂજન ઘણા હિન્દુ ઘરોમાં રોજ કરવામાં આવે છે. તુલસીનો છોડ ઘરમાં રાખવાથી સુખ, સમૃદ્ધિ આવે છે. તુલસી દિવસ મનાવવાની શરૂઆત સાધુ સંતો દ્વારા ૨૦૧૪ માં કરવામાં આવી હતી. હિન્દુ સમાજને એક રાખવા તેમજ દરેક હિન્દુઓ આ દિવસે ફક્ત સનાતન ધર્મ અને સંસ્કૃતિની જ વાત દરેક હિંદુઓ કરે તેમજ પોતાના હિન્દુ ધર્મ થી હિન્દુ સમાજ વિખૂટો ન પડે તેવા પવિત્ર ઉદ્દેશ સાથે તુલસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સહુ પ્રથમ મીઠાચોકના પ્રાંગણમાં તુલસી માતાની પૂજા, ભગવાન શ્રી રામ અને હનુમાનજી ની પૂજા દીવો પ્રાગટ્ય કરી શાસ્ત્રોક્ત વિધિ મુજબ મહંત શ્રી દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત સહુ લોકોએ પણ તુલસી માતાની પૂજા કરી હતી. ઉપસ્થિત સહુ ઉપસ્થિત હિન્દુ સમાજના લોકો દ્વારા ભજન અને હનુમાન ચાલીસાની રમઝટ બોલાવી હતી. થોડીક વારમાં તો ઉપસ્થિત સહુ લોકો ભક્તિના રસમા લીન થઈ ગયા હતા. મોટા પ્રમાણમા હિન્દુ સમાજની ઉપસ્થિતિ હિન્દુ સમાજની એકતા દર્શાવતી હતી. છેલ્લે આરતી કરી તુલસી દિવસનું સમાપન કર્યુ હતું. જતા જતા સહુ લોકોએ છેલ્લે જય શ્રી રામના નારા તેમજ સનાતન ધર્મ કી જય જેવા નાદ થી વાતાવરણ ગુંજાવી દીધું હતું.

# ઝાલોદ સ્વર્ણિમ સર્કલથી તાલુકા શાળા સુધી જતા બિસ્માર રસ્તામા ખાયકી થયાના ગંભીર આક્ષેપો લગાવતા નગરપાલિકા પૂર્વ કાઉન્સિલર

### ઘર વપરાશના પાણીની મુખ્ય ગટર લાઈન સાફ સફાઈના અભાવે રોડ પર રેલાતું ગંદુ પાણી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ સ્વર્ણિમ સર્કલની પાસે કોળીવાડા વિસ્તાર તરફ જવાનો માર્ગ આવેલ છે. આ માર્ગ થી કોળીવાડા ખાતે આવેલ કાલકામાતા મંદિર અને તાલુકા શાળા આવેલ છે. સ્વર્ણિમ સર્કલ થી ભરાતા જ એક ગટર લાઈનના પાણી નિકાલ માટે નગર પાલિકા દ્વારા એક મહિના ઉપરાંત થી રસ્તા વચ્ચે આવેલ ગટર લાઈન ખુલ્લી કરેલ છે. આ ગટર લાઈન જલ્દીથી ન થતાં સ્થાનિક રહેવાસીઓમા ભારે રોષની લાગણી જોવા મળી રહેલ છે. અહીંયા આ મુખ્ય માર્ગ હોવાથી આ રોડ પર આવેલ ગટર લાઈન સત્વરે પાલિકા પૂરું કરે તેવી માંગ અહીં રહેતા સ્થાનિક લોકો કરી રહેલ છે. તેમજ આ રસ્તા પર જતા ખૂણામાં હાથલારીઓ મુકવામાં આવેલ છે તેને લીધે અહીંયા ગંદકી રહે છે તેમજ આ હાથલારી પાસે અજાણ્યા લોકો લઘુશંકા કરવા પણ ઉપયોગ કરે છે તો સ્થાનિક રહેવાસીઓ દ્વારા આ માર્ગ ખુલ્લો કરી અને ગટર લાઈનનુ કામ સત્વરે પૂરું કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આ વિસ્તારમાં આવેલ રોડ નગરપાલિકા દ્વારા અંદાજીત એક વર્ષ અગાઉ જ બનાવવામાં આવેલ હતો પરંતુ નબળી કામગીરી હોવાથી આ રોડ બે મહિનામાં જ તૂટી જવા પામ્યો હતો. પૂર્વ કાઉન્સિલર લલકાભાઈ દ્વારા આ રોડમા ભ્રષ્ટાચાર હોવાના ગંભીર આક્ષેપો મૂક્યા હતા. આ રસ્તો બિસ્માર હોવાથી કેટલાક વાહન ચાલકો રસ્તાને લઈ સ્લીપ ખાઈ પડી ગયેલા હોવાના બનાવો પણ બનેલ છે તેમજ નજીકમાં શાળા તેમજ મંદિર પણ આવેલ છે તો અહીંયા થી પસાર થતા લોકોની સંખ્યા પણ વધુ હોય છે તો આ ભ્રષ્ટાચાર થી બનેલ રસ્તો પૂનઃ નવો બનાવી આપવાની માંગ પૂર્વ કાઉન્સિલર દ્વારા કરવામાં આવી હતી.સાથે સાથે નગરના વેરાના રૂપિયાનો યોગ્ય જગ્યાએ વાપરવામાં આવતા નથી તેવા આક્ષેપો કરવામાં આવેલ છે.

# ઝાલોદ તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે જઇ ગરાડુની મહિલાના હેલ્થ વિષે જાણકારી લીધી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ તાલુકાના ગરાડુ વિસ્તારમા રહેતી મહિલાને જોખમી સગર્ભાબેનની મુલાકાત ઝાલોદ તાલુકાના હેલ્થ ઓફિસર દ્વારા લેવામાં આવી હતી તેમજ તે મહિલાના આરોગ્ય વિષે ડોક્ટર્સ જોડે પરામર્શ કરી મહિલાની તકેદારી વિશે સંપૂર્ણ જાણકારી મેળવી હતી.

# ડોમેસ્ટિક એરપોર્ટના સર્વે મુદ્દે ઝાલોદ આપ પાર્ટી મેદાને/ કામ બંધ કરાવવા મુખ્યમંત્રીશ્રી સુધી પાર્ટીએ કરી રજૂઆત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ આપ પાર્ટીએ પોતાની રજૂઆતમા જણાવ્યુ હતુ કે,હાલ જે ડોમેસ્ટિક એરપોર્ટની કામગીરી ઝાલોદ તાલુકામાં કરવામા આવનાર છે. જેનો હાલ ઝાલોદ તાલુકાના ગુલતોરા, શારદા, ટાઢાગોળા, છાયણ આમ કુલ ચાર ગામના રહીશો દ્વારા વિરોધ કરવામાં આવેલ છે. છતાં ત્યાંની જંગલની જમીનમાં સર્વે કરીને કામ કરવાના ઈરાદાએ ભવિષ્યમાં ત્યાં ના સ્થાનિક લોકોની જમીન એરપોર્ટનો વિકાસ કરીને પચાવી પાડવાની ભીતિ સેવાઈ રહી છે.

જયારે અમારો સમાજ એટલો સક્ષમ નથી કે, એરપોર્ટનો લાભ લઈ શકે. માટે આ સરકારશ્રીને અમારી વિનતી છે કે, આ પ્રકારના વિકાસની અમારા વિસ્તારને જરૂર નથી. જો સરકાર વિકાસ કરવામાં કે ખરેખર આદિવાસી વિસ્તારનો વિકાસ ઈચ્છતી હોય તો પહેલા ખેતી માટે સિંચાઈ, યુવાઓ માટે રોજગારી અને મજૂરી કામઅર્થે અલગ અલગ શહેરોમાં ગયેલાઓને રહેવાની સગવડ પૂરી પાડે તેવી માંગ કરાઈ હતી. જો આ ડોમેસ્ટિક એરપોર્ટનો પ્લાન રોકવામાં નહિ આવે તો આવનાર સમયમાં મોટા આંદોલનો થશે અને વિરોધ પ્રદર્શન કરીને ધરણા કરાશે તેવી ચિમકી ઉચ્ચારાઈ હતી. જેની સરકારશ્રીએ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ગંભીર નોંધ લેવા વિનંતી કરાઈ હતી. એક મહિના પહેલાં દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના નેશનલ હાઈવે ૫૬ને અડીને આવેલાં ૪ ગામમાં ડોમેસ્ટિક એરપોર્ટ બનાવવા માટે ભૌગોલિક પરિસ્થિતિ જાણવા માટે સરવે કરવા માટે ૪૧૯૦ એકર જમીનનો નકશો તૈયાર કરવામાં આવ્યો છે. આ સરવેની કામગીરીને લઈ ૫ ગામ (શારદા, ટાઢાગોળા, ગુલતોરા, કાળી અને છાયણ ગામ) ખેડૂતો વિરોધ કરી રહ્યા છે.ત્યારે ખેડુતોને ભય છે કે તેઓ ખેતી ઉપર જ નિર્ભય હોવાથી ખેતીથી વંચિત થઈ જશે અને ભુખમરી જેવી સમસ્યામા જીવવા મજબુર બની જશે

સર્વેને લઈ ખેડૂતો કેમ વિફર્યા? તેમની માંગ શું છે? સરકાર વળતર આપે છતાં કેમ ખેડૂતો માનવા તૈયાર નથી.? જેવા અનેક ગંભીર પ્રશ્નો હાલ યથાવત સ્થિતીમા જણાય આવે છે.

# દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના ડુમકા ખાતે જનજાતિ કલ્યાણ આશ્રમ ખાતે મફત સારવાર મેડિકલ કેમ્પ રાખવામા આવ્યો

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૬ ।

દાહોદ જીલ્લા ના અતિપછાત ગણાતા ધાનપુર તાલુકા ના ડુમકા વિસ્તાર ના આદિવાસી સમાજ મા પ્રથમ વાર ધાનપુર તાલુકા ના ડુમકા ગામ મા કેમ્પ નું આયોજન કરવામાં આવેલ જેમાં ઝાઈડસ હોસ્પિટલ દાહોદ ના ઉપક્રમે આયોજન કરવામાં આવેલ જેમાં ખુબ મોટી સંખ્યા મા આજુબાજુનાં ગરીબ દર્દીઓ એ લાભ લીધેલ જેમાં બી.પી. ડાયાબીટીસ. ઓક્સિજન થાઈરોડ શરદી વગેરે તમામ રોગ ની દવાઓ વિના મૂલ્યે સારવાર કરવામા આવેલ..જેમા અમદાવાદ ના નિષ્ણાંત ડોક્ટરો ની ટીમ દ્વારા સારવાર આપેલ આવેલ..

જેમા ઉપસ્થિત જીલ્લા ઉપપ્રમુખ પસાયા સોમભાઈ જનજાતિય કલ્યાણ આશ્રમ દાહોદ જનજાતિય કમિટી ના ડામોર કનુભાઈ સભ્યએ દાહોદ જીલ્લા જીલ્લા સહમંત્રીં રાઠોડ રતનંસિહ. ડુમકા સરપંચ પસાયા શંકરભાઈ તથા જીલ્લા રમત ગમત વિકાસ અધિકારી પંચમહાલ શ્રી પ્રતાપ પસાયા તથા ધાનપુર તાલુકા સેવા ભાવી આગેવાનો દ્વારા આ કેમ્પ નું આયોજન કરી ગરીબ આદિવાસી પ્રજા ને વિના મૂલ્યે સેવા આપી.

# જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરેના અધ્યક્ષસ્થાને યોજાયો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

### ૨૩ જેટલી અરજીનો સ્થળ પર જ ત્વરિત નિકાલ કરી સમસ્યાનું નિરાકરણ લાવતાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી

। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદ ખાતે ડિસેમ્બર મહિનાનો જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ કલેકટર કચેરી ખાતે યોજાયો હતો. આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.



જિલ્લા કક્ષાના આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં કુલ ૨૩ જેટલા અરજદારો હાજર રહ્યા હતા. તમામ અરજદારોની સમસ્યાને ડીડીઓશ્રીએ ધ્યાનપૂર્વક સાંભળી હતી. આ ઉપરાંત તેમણે વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને ચોક્કસ સમયમાં પ્રશ્નોના નિકાલ લાવવાની સૂચના પણ આપી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તમામ અરજદારોની સમસ્યા સાંભળી નિયત સમયમાં હકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી પણ આપી હતી. આ સ્વાગત કાર્યક્રમમાં ૨૩ જેટલા અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે, વરસાદી પાણીના નિકાલ માટે કેનાલ બનાવવા, જમીન કપાતના વળતરની રકમ ચૂકવવા બાબત, ગેરકાયદેસર બાંધકામ અને દબાણ દૂર કરવા, પેવર બ્લોકના સમારકામ, ૭/૧૨માં થયેલ ક્ષતિ સુધારવા બાબત, એસ.ટી. સ્ટોપ આપવા બાબત જેવા અનેક પ્રશ્નોનો જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેએ સ્થળ પર જ ત્વરિત નિકાલ કર્યો હતો. પોતાની સમસ્યાનું નિરાકરણ આવતા તમામ અરજદારોના ચહેરા પર સ્મિત જોવા મળ્યું હતું. અને તમામ અરજદારો એ સ્વાગત કાર્યક્રમની પહેલને બિરદાવી સરકાર તથા જિલ્લા વહીવટી તંત્રનો આભાર માન્યો હતો.

# દેવગઢ બારીઆ પી.ઈસ.આઈ.તથા ટાઉન પોલીસ સ્ટાફ દ્વારા રસ્તા મા થતા અડચણ રૂપ ટ્રાફિક હટાવાયું



તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૬ ।

દેવગઢ બારીઆ નગર માં દિવસે ને દિવસે ટ્રાફિક સમસ્યા ખુબ જ વધી રહી છે જેના કારણે આવતા જતાં વાહનો અને રાહદારીઓ ખુબ જ મુશ્કેલીઓ નો સામનો કરવો પડી રહ્યો છે જેમાં આજ રોજ દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન ના પી. એસ.આઈ ડી. એસ. લાડ સાહેબ ટાઉન જમાદાર મુકેશભાઈ પટેલ જમાદાર સુભાષભાઈ જમાદાર હિતેશભાઈ પટેલ જમાદાર રાકેશભાઈ પારગી સાથે રહી આજ રોજ દેવગઢ બારીઆ નગર ના બસ સ્ટેશન ટાવર રોડ સુથારવાડા વિસ્તાર ના અડચણ રૂપ દુકાન આગળ પાર્કિંગ કરેલા વાહન માટે દુકાન માલિકો ને વાહન વ્યવસ્થિત પાર્કિંગ કરાવવા માટે સૂચન અને માર્ગદર્શન આપ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો. એવું કરવલાનું ટાળજો કેમ કે તે આ વાત કોઈક અન્યને જણાવી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં. પ્રેમ પ્રકરણમાં બળપૂર્વક કામ લેવાનું ટાળો. આજે કાર્યક્ષેત્ર માં તમારા કોઈ જુના કામ ની પ્રશંસા થયી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. સપનામાંના ભયને છોડો અને તમારા રૉમેન્ટિક સાથીદારની સંગત માણશો. દિવાસ્વપ્નો જોવાથી તમારી પડતી થશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દ્દઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારી પત્નીની સિદ્ધિને બિરદાવો અને તેની સફળતા અને સારા ભાગ્યનો આનંદ માણો. તેને બિરદાવવામાં ઉદારતા અને નિષ્ઠા દાખવો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ. બિઝનેસમેન્સ માટે સારો દિવસ કેમ કે તેમને અચાનક કેટલોક અણધાર્યો લાભ થશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમે જે રીતે અનુભવો છો તેના પર અંકુશ લાવવો રહ્યો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે. સ્પર્ધા ઊભી થવાથી કામનું સમયપત્રક વધુ દોડધામભર્યું બની જશે. તમે ખાલી સમય માં મૂવી જોઈ શકો છો, તમને આ ફિલ્મ ગમશે નહીં અને તમને લાગશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? તમારા મિત્રો તથા પરિવારના સભ્યો સાથે એક સાંજનું આયોજન કરો. તમારા પ્રિયપાત્ર સાથે કેટલાક મતભેદોસ થઈ શકે છે-તમારી પરિસ્થિતિથી તમારા સાથીદારને વાકેફ કરાવવામાં તમને ખાસ્સી મુશ્કેલી પડશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. તમારા પ્રેમી કે પ્રેમિકાને ન ગમતા હોય તેવા કપડાં પહેરવાનું ટાળો કેમ કે એનાથી તેમની લાગણી દુભાઈ શકે છે. તમારા એક સારા કામને કારણે, કામના સ્થળે તમારા શત્રુઓ આજે તમારા મિત્ર બની શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો. રૉમાન્સ માટે સારો દિવસ.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.

### ૨૭ ડિસેમ્બરથી ફરી વરસાદની શક્યતા । વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પહાડો પર ભારે હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદનો સિલસિલો શરૂ થયો

# સમગ્ર ઉ. ભારતમાં શીત લહેરના કારણે લોકોની હાલત ખરાબ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દેશભરમાં ઠંડી દરરોજ નવા રેકોર્ડ તોડી રહી છે. સમગ્ર ઉત્તર ભારતમાં શીતલહેરના કારણે લોકોની હાલત ખરાબ છે. આમ છતાં ધુમ્મસ બિલકુલ દેખાતો નથી. હવે હવામાન વિભાગે આનું ચોંકાવનારું કારણ આપ્યું છે. હવામાન શાસ્ત્રીઓના મતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદને કારણે ધુમ્મસ દેખાતો નથી અથવા તો ઓછો છે. પરંતુ આ વરસાદથી ઠંડીમાં ચોક્કસ વધારો થયો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર સોમવાર અને મંગળવારે હળવા વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો અને ઠંડીમાં પણ વધારો થયો હતો. આગામી દિવસોમાં ઠંડીમાં વધુ વધારો થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. બુધવારે લખનૌમાં ૦.૫ મીમી વરસાદ નોંધાયો હતો. જેના કારણે દિવસનું તાપમાન ૧.૫ ડિગ્રી સેલ્સિયસ ઘટીને ૧૪ ડિગ્રી નોંધાયું હતું. બપોરના સમયે આછો તડકો પડતાં વાતાવરણ ખુશનુમા બની ગયું હતું. જેના કારણે લોકોએ ક્રિસમસના અવસર પર હવામાનની મજા માણી હતી. ગોમતીનગરના રહેવાસી દેવેન્દ્ર વર્માએ જણાવ્યું કે, વરસાદ પછી સૂરજ બહાર આવતાં ક્રિસમસની ઉજવણીની મજા



બમણી થઈ જાય છે. પૃથ્વી પરના સ્વર્ગ ગણાતા એવા જમ્મુ કાશ્મીરમાં ક્રિસમસની પૂર્વસંધ્યા પર મંગળવારે ભદ્રવાહમાં એટલો બરફ વરસ્યો કે રજાઓનો આનંદ માણવા આવેલાં લોકો માટે આ પૈસા વસૂલ ટ્રીપ બની ગઈ. બરફવર્ષા જોઈને તેઓ બોલી ઉઠ્યા કે અમારી બરફ જોવાની ઈચ્છા પૂરી થઈ ગઈ. જમ્મુ કાશ્મીરના ભદ્રવાહ વિસ્તારના પહાડી વિસ્તારમાં ભારે હિમવર્ષાના પગલે નયનરમ્ય દ્રશ્યો જોવા મળ્યા હતા. પહાડો બરફમય બની ગયા છે અને આજુબાજુ જ્યાં નજર કરો ત્યાં સફેદ બરફની ચાદર છવાઈ ગઈ છે. જેને જોઈને પ્રવાસીઓના દિલ ગાર્ડન ગાર્ડન થઈ ગયા છે. પહાડો પર સતત હિમવર્ષાથી ઠંડીમાં પણ વધારો થયો છે. જેના કારણે પહાડોથી લઈને મેદાની પ્રદેશ સુધી ઠંડા પવનો લોકોને ધ્રૂજાવી રહ્યા છે. હવામાન શાસ્ત્રી અતુલ કુમાર સિંહે જણાવ્યું કે, ઉત્તરપ્રદેશમાં ૨૭ ડિસેમ્બરથી ફરી વરસાદ શરૂ થવાની સંભાવના છે. આ સાથે તાપમાનમાં વધુ ઘટાડો જોવા મળી શકે છે. તેમણે કહ્યું કે, ૨૯ ડિસેમ્બર પછી ઠંડી વધુ તીવ્ર બની શકે છે. જેના કારણે દિવસ દરમિયાન શીત લહેરની અસર જોવા મળી શકે છે.

હવામાન વિભાગે ખેડૂતોને સતર્ક રહેવાની સલાહ આપી છે. સંભવિત વરસાદ અને બરફ વર્ષાના કારણે પાકને નુકસાન થઈ શકે છે. વિભાગે ખેડૂતોને તેમના પાકને બચાવવા માટે જરૂરી પગલાં લેવાની ચેતવણી આપી છે.

### અમ્પાયરે વચ્ચે પડવું પડ્યું

## મેલબર્ન ટેસ્ટમાં જોરદાર ગરમા ગરમી, કોહલીએ કોન્સ્ટસને માર્યો ખભો

### આઈસીસીએ પાંચ કલાકમાં જ કોહલી સામે કાર્યવાહી કરી છે : આઈસીસીએ મેચ ફીના ૨૦% દંડ ફટકાર્યો

। (એજન્સી) મેલબોર્ન, તા.૨૬ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટેસ્ટ સિરીઝની ચોથી મેત મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાઈ રહી છે. મેચના પહેલા દિવસની રમત પૂરી થઈ ત્યાં સુધીમાં ઓસ્ટ્રેલિયાએ પોતાની પહેલી ઈનિંગમાં ૬ વિકેટના ભોગે ૩૧૧ રન કરી લીધા. સ્ટીવ સ્મિથ ૬૮ રન અને પેટ કમિન્સ ૮ રન કરીને ક્રિઝ પર હતા. મેચમાં ઓસ્ટ્રેલિયાની ટીમના કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. મેચના પહેલા જ દિવસે બબાલ જોવા મળી. જેમાં ૧૯ વર્ષના ડેબ્યુટેન્ટ સેમ કોન્સ્ટાસ અને ભારતીય ધૂરંધર ખેલાડી વિરાટ કોહલી વચ્ચે ગરમા ગરમી જોવા મળી. ઓસ્ટ્રેલિયા માટે ૧૯ વર્ષનો વિસ્ફોટક ઓપનર સેમ કોન્સ્ટસે ટેસ્ટ ક્રિકેટ દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં જોરદાર શરૂઆત કરી. સેમે નાથન મેકસ્વીનીની જગ્યા લીધી. આ મેચ દરમિયાન સેમ કોન્સ્ટસે ભારતીય ફાસ્ટ બોલરોને ખુબ પરેશાન કર્યા. આ ઘટના ઓસ્ટ્રેલિયાની ઈનિંગની ૧૧મી ઓવરની છે. વિરાટ કોહલી અને સેમ કોન્સ્ટસ વચ્ચે આ દરમિયાન ભિડંત થઈ અને કોહલીએ જાણી જોઈને સેમ કોન્સ્ટસ સાથે ખભો અથડાવ્યો.

# ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીન લેન્ડ ‘ખરીદવાની’ વાત કરતાં ડેન્માર્કે સલામતી મજબૂત કરી

### જાન્યુઆરી ૨૦ તારીખના રોજ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ પદના શપથગ્રહણ કરવાના છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

અમેરિકાના નવનિર્વાચિત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વધુ એક વખત વિવાદમાં ફસાયા છે. પહેલાં તેઓએ કેનેડાને યુ.એસ. સાથે જોડી દેવાની વ્યંગમાં વાત કરી, પછી પનામા-કેનાલ ફરી હાથ કરવાની ગંભીર રીતે રજૂઆત કરી અને હવે ડેન્માર્ક પાસેથી ગ્રીન લેન્ડ ‘ખરીદી’ લેવાની વાત વહેતી મુકી તેઓ એક વધુ વિવાદમાં ફસાયા છે.જાન્યુઆરી ૨૦ તારીખના રોજ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ પદના શપથગ્રહણ કરવાના છે. પદગ્રહણ કર્યા પછી તેઓ ગ્રીન લેન્ડ હસ્તગત કરવા પ્રયત્ન પણ કરશ તેવી આશંકાથી ડેન્માર્કે ત્યાં વધુ સૈનિકો ગોઠવી દેવાનું શરૂ કર્યું છે. ગ્રીન લેન્ડ સ્થિત ત્રણ વિમાનગૃહો પર ક્ષ-૩૫ પ્રકારનાં વિમાનો



મુક્યાં છે. સૈનિકોની આવ-જા માટે સ્લેજ આ બર્ફીલા ધ્રુવીય દેશમાં અનિર્વાય છે. તેથી સ્લેજ પણ વધારી છે અને સ્લેજ ડોગ્સ પણ વધાર્યા છે. તેમજ ડેન્માર્કે તેનો સંરક્ષણ ખર્ચ ત્રણ ગણો કરી અમેરિકન ડોલર ૧.૫ બિલિયન સુધી ઉંચે લઈ ગયું છે.વાસ્તવિકતા તે છે કે, દુનિયાનો સૌથી મોટો ટાપુ ગ્રીન લેન્ડ ડેન્માર્કનો છે તેને સંપૂર્ણ આંતરિક સ્વાયત્તતા અપાઈ છે. માત્ર વિદેશનીતિ અને સંરક્ષણનીતિ ડેન્માર્કના હાથમાં છે. ડેનીશ ડિફેન્સ મિનિસ્ટર ટ્રોએલ્સ એલ. પૌલસેને બીવીસીને જણાવ્યું હતું કે, ‘અમે સંરક્ષણ ખર્ચ તો વધાર્યો જ છે, પરંતુ ટ્રમ્પ દ્વારા કરાયેલાં આ વિધાનો માત્ર વિધિની વક્રતા જ દર્શાવે છે.’ ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે ટાપુનો કબ્જો લેવો અને તેની માલિકી હોવી તે અમેરિકા માટે અનિવાર્ય જરૂરિયાત છે.પૌલસેને વધુમાં જણાવ્યું હતું કે, અમારાં નવા સંરક્ષણ બજેટમાં બે નવા ઈન્સ્પેકશન શિપ્સ, બે લોન્ગરેન્જ ડ્રોન્સ અને બે વધારાની ‘સ્લેજ ડોગ ટુકડીઓ’ સમાવિષ્ટ છે.

## ગોવામાં પ્રવાસીઓની બોટ પલટી, એકનું મોત, ૨૦ ઘાયલ

। ગોવા, તા.૨૬ ।

ઉત્તર ગોવાના કેલંગુટ બીચ પર પ્રવાસીઓથી ભરેલી બોટ પલટી ગઈ હતી. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે. પોલીસે બોટમાં સવાર ૨૦ લોકોને બચાવી લીધા છે.ઉત્તર ગોવાના કેલંગુટ બીચ પર પ્રવાસીઓથી ભરેલી બોટ પલટી ગઈ હતી. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે. પોલીસે બોટમાં સવાર ૨૦ લોકોને બચાવી લીધા છે.તેમણે જણાવ્યું કે આ ઘટના લગભગ બપોરે ૧.૩૦ વાગ્યે બની હતી. ઉત્તર ગોવાના કેલંગુટ બીચ પર બુધવારે એક પ્રવાસી બોટ પલટી જવાથી એક વ્યક્તિનું મોત થયું હતું અને લગભગ ૨૦ અન્ય ઘાયલ થયા હતા, પોલીસે જણાવ્યું હતું. બોટમાં સવાર મુસાફરોમાં છ વર્ષના બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, “જે બોટમાં તેઓ મુસાફરી કરી રહ્યા હતા તે ૫૪ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને અન્ય ૨૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા અને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.” તેમણે કહ્યું કે બે મુસાફરો સિવાય બાકીના બધાએ લાઈફ સેવિંગ જેકેટ પહેર્યા હતા. સરકાર દ્વારા નિયુક્ત જીવન રક્ષક એજન્સી દ્રષ્ટિ મરીનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે હોડી બીચથી લગભગ ૬૦ મીટર દૂર પલટી ગઈ હતી.

### રોહિતએ ઓસ્ટ્રેલિયન બેટરને ખખડાવ્યો

## મેચમાં કોહલીએ જ નહીં રોહિતે પણ પિત્તો ગુમાવ્યો

### બેટ્સમેન માર્નસ લાબુશેન રન લેતી વખતે પીચ પર દોડવા લાગ્યો, જેના કારણે રોહિત શર્માએ પિત્તો ગુમાવી દીધો

। (એજન્સી) મેલબોર્ન, તા.૨૬ ।

બોર્ડર ગાવસ્કર ટ્રોફીની ચોથી બોક્સિંગ ડે ટેસ્ટ મેલબોર્નમાં રમાઈ રહી છે. આ બોક્સિંગ ડે ટેસ્ટ મેચના પહેલા જ દિવસે બંને દેશોના ખેલાડીઓ વચ્ચે ગરમાગરમીનો માહોલ જોવા મળ્યો હતો. મેલબોર્ન ટેસ્ટના પ્રથમ દિવસે ભારતીય કેપ્ટન રોહિત શર્માએ મેદાન પર જ ઑસ્ટ્રેલિયાના બેટ્સમેન માર્નસ લાબુશેનને ખખડાવ્યો હતો. ઑસ્ટ્રેલિયન બેટ્સમેન માર્નસ લાબુશેન રન લેતી વખતે પીચ પર દોડવા લાગ્યો, જેના કારણે ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ પિત્તો ગુમાવી દીધો હતો. આ પહેલા વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલિયન ઓપનર બેટ્સમેન સાથે ખભો અથડાવી દીધો હતો. આ ગેરવર્તૂણક બદલ કોહલીને તેની મેચ ફીના ૨૦ ટકા પેનલ્ટી ફટકારવામાં આવી છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં રોહિત શર્મા માર્નસ લાબુશેનને ખખડાવી રહ્યો છે. ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ મેચની ટેસ્ટ સીરિઝ હાલમાં ૧-૧ની બરાબરી પર છે.

# મોસ્ટ વોન્ટેડ આતંકી મસૂદ અઝહરને હાર્ટએટેક આવ્યો

### ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અને જૈશ નેતા મૌલાના મસૂદ અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતમાં છુપાયેલો હતો

। (એજન્સી) કરાંચી, તા.૨૬ ।

ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અને જૈશના નેતા મૌલાના મસૂદ અઝહરને હાર્ટ એટેક આવ્યો છે. તે અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતમાં છુપાયેલો હતો. અહીં જ તેમને હાર્ટ એટેક આવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હુમલા બાદ તરત જ મસૂદ અઝહરને અફઘાનિસ્તાનથી પાકિસ્તાન લઈ જવામાં આવ્યો હતો. તેમને કરાચીની સંયુક્ત સૈન્ય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, કાર્ડિયોલોજિસ્ટ ઈસ્લામાબાદથી કરાચી પહોંચી રહ્યા છે. મસૂદ અઝહરને ખોસ્ત પ્રાંતના ગોરબાઝ વિસ્તારમાંથી પાકિસ્તાન મોકલવામાં આવ્યો હતો. તેમને ટૂંક સમયમાં રાવલપિંડીની મોટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી શકે છે. પાકિસ્તાનની આ કાર્યવાહી સ્પષ્ટપણે દર્શાવે છે કે તેણે આતંકવાદી મસૂદ અઝહરને મુક્તિ આપી દીધી છે. તમને જણાવી દઈએ કે આતંકી મૌલાના મસૂદ અઝહર આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો સંસ્થાપક છે.



તે ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી છે. સપ્ટેમ્બર ૨૦૧૯માં ભારતે UAPA હેઠળ અઝહર અને લશ્કર-એ-તૈયબાના સ્થાપક અને પાકિસ્તાની આતંકવાદી હાફિઝ મુહમ્મદ સઈદને ‘આતંકવાદી’ જાહેર કર્યો હતો. તમને જણાવી દઈએ કે ડિસેમ્બર ૧૯૯૯માં કાઠમંડુથી કંદહાર જતી ફ્લાઈટને હાઈજેક કરવામાં આવી હતી, જેમાં મુસાફરોના બદલામાં આતંકી મસૂદને મુક્ત કરવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૬૮માં જન્મેલા આતંકવાદી મસૂદ અઝહરે પાકિસ્તાનમાં બેસીને ઘણી ભારત વિરોધી ગતિવિધિઓ કરી છે. તેના જૈશ-એ-મોહમ્મદ નામના આતંકી સંગઠને માત્ર ભારતમાં જ નહીં પરંતુ ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં પણ આતંકી હુમલા કર્યા છે. પાકિસ્તાન વર્ષોથી મસૂદ અઝહર તેમના દેશમાં હોવાની વાત સ્વીકારવાનો ઈકાર કરી રહ્યું હતું, જોકે થોડા સમય પહેલા પાકિસ્તાને સ્વીકાર્યું હતું કે તે તેમના દેશમાં છે અને તેની તબિયત ખરાબ છે. આતંકવાદી મસૂદ અઝહરનો જન્મ ૧૯૬૮માં થયો હતો. તેનું પૂરું નામ મૌલાન મસૂદ અઝહર છે. પાકિસ્તાનમાં બેસીને તેણે ભારતમાં અનેક આતંકી ઘટનાઓને અંજામ આપ્યો છે. તે ‘જૈશ-એ-મોહમ્મદ’ નામના આતંકવાદી સંગઠનનો સ્થાપક છે. આ આતંકવાદી સંગઠને માત્ર ભારતમાં જ નહીં પરંતુ અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને કેનેડામાં પણ પોતાની આતંકી ગતિવિધિઓ કરી છે. યુનાઈટેડ નેશન્સ આ સંસ્થાને પહેલા જ બ્લેકલિસ્ટ કરી ચૂક્યું છે. પરંતુ તમામ પ્રતિબંધો છતાં આ આતંકવાદી સંગઠન પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં વર્ષોથી ફૂલીફાલી રહ્યું હતું. મસૂદ અઝહર તેની ભારત વિરોધી પ્રવૃત્તિઓ માટે જાણીતો છે. વર્ષો સુધી પાકિસ્તાને મસૂદ અઝહર તેના દેશમાં હોવાનું માનવાનો ઈનકાર કર્યો હતો.

## ચૂંટણી પૂર્વે દિલ્હીમાં આપ-ભાજપ વચ્ચે ઘમસાણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દિલ્હી વિધાનસભાની ચૂંટણીની તારીખ હજી જાહેર પણ નથી થઈ તે પહેલાં જ દિલ્હીની શાસક આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે સામસામે આક્ષેપબાજી શરૂ થઈ ગઈ છે. દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ ભાજપ પર મહિલાઓને રોકડ રકમ વહેંચી લલચાવવાનો આક્ષેપ મુકી તેમની ધરપકડની માગ કરતા દેશની રાજધાનીના રાજકીય માહોલમાં ગરમાવો જોવા મળ્યો હતો. આતિશીએ એક પ્રેસ કોન્ફરન્સ કરી જણાવ્યું હતું કે, ભાજપના પૂર્વ સાંસદ પ્રવેશ વર્માના વિન્ડસર પ્લેસ ખાતે આવેલા નિવાસસ્થાને દરેક ગરીબ મહિલાને ૧૧૦૦ રોકડાં અપાઈ રહ્યાં છે અને તેમના મતદાર કાર્ડની વિગતો નોંધવામાં આવી રહી છે. જોકે વર્માએ તેમની સામે દિલ્હીના મુખ્યમંત્રીએ કરેલાં આક્ષેપોને ફગાવી દીધાં હતાં. આતિશીએ જણાવ્યું હતું કે, વર્માના બંગલામાં કરોડો રૂપિયા રાખવામાં આવ્યાં છે. જેમાંથી ‘આપ’ના વડા અરવિંદ કેજરીવાલના મતવિસ્તાર નવી દિલ્હીના મહિલા મતદારોને નાણાં વહેંચવામાં આવી રહ્યાં છે. દિલ્હી પોલીસ, સીબીઆઈ તથા ઈડીએ વર્માના બંગલા પર દરોડા પાડવા જોઈએ. વર્માની ધરપકડ માટે આમ આદમી પાર્ટી પોલીસ અને ચૂંટણી પંચમાં ફરિયાદ કરશે. આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે પણ આતિશીના આક્ષેપોને સમર્થન આપતાં જણાવ્યું હતું કે, તેમના મતવિસ્તારના લોકોને નાણાં વિતરીત કરાઈ રહ્યાં છે. વર્માએ જણાવ્યું હતું કે, તેમના પિતા અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી દિવંગત સાહિબ સિંહ વર્મા દ્વારા શરૂ કરાયેલ સ્વૈચ્છિક સંસ્થા ‘રાષ્ટ્રીય સ્વાભિમાન’ના અભિયાન હેઠળ આ નાણાં વિતરીત કરાયાં હતાં.

## આમ આદમી પાર્ટી સાથે કરાયેલું જોડાણ ભૂલ હતીઃ કોંગ્રેસ

। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૬ ।

લોકસભાની ચૂંટણી દરમિયાન કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે શરૂ થયેલો વિવાદ હવે વધુ ઉગ્ર બન્યો છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી અગાઉ દિલ્હી કોંગ્રેસના નેતા અજય માકને આમ આદમી પાર્ટી સરકાર સાથેના જોડાણને ‘ભૂલ’ ગણાવી હતી. માકને જણાવ્યું હતું કે હવે આ ભૂલ સુધારવી જરૂરી છે. દિલ્હીમાં ૧૨ સૂત્રીય ‘શ્વેતપત્ર’ જાહેર કરતાં કોંગ્રેસે આમ આદમી પાર્ટી(આપ) અને ભાજપ પર પ્રદૂષણ, નાગરિક સુવિધાઓ અને કાયદો-



વ્યવસ્થા જેવા વિવિધ મુદ્દાઓ પર તેમના કથિત અધુરા વચનો અને ગેરવ્યવસ્થાને લઈને નિશાન તાક્યું છે. એક પત્રકાર પરિષદમાં ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના ખજાનચી અજય માકને આપ સંયોજક અરવિંદ કેજરીવાલ પર નિશાન તાકીને કહ્યું કે તેમની પાર્ટી જનલોકપાલ આંદોલનના બળ પર સત્તામાં આવી, પરંતુ ભ્રષ્ટાચાર વિરોધી લોકપાલ સ્થાપિત કરવામાં નિષ્ફળ રહી છે. આ પ્રસંગે, તેમણે ‘મૌકા મૌકા, હર બાર ધોખા’ શીર્ષક સાથે શ્વેતપત્ર જાહેર કરીને કહ્યું કે, જો દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું એક શબ્દમાં વર્ણન કરવામાં આવે તો એ ફક્ત ફર્જીવાલ છે. આખા દેશમાં છેતરપિંડીનો જો કોઈ રાજા છે તો એ કેજરીવાલ છે, અને એટલા માટે અમે કેજરીવાલ સરકાર અને કેન્દ્રની ભાજપ સરકારની સામે શ્વેતપત્ર લઈને આવ્યા છીએ.

**વિશેષ** | ઉમિયા માતાજીના પ્રાગટ્યની ઉજવણી : જન્મોત્સવ સાથે સમાજોત્કર્ષનું પર્વ : રાજયપાલ આચાર્ય દેવવ્રતજી

# શ્રી ઉમિયાધામ, સીદસર ખાતે આયોજિત વિરાટ કૃષિ સંમેલનમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીનું સંબોધન

। (માહિતી) ગાંધીનગર ।

જામજોધપુર તાલુકાના ઉમિયાધામ, સીદસર ખાતે સવા શતાબ્દી મહોત્સવની ઉજવણી અંતર્ગત યોજાયેલા વિરાટ કૃષિ સંમેલનમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં માતૃશક્તિનું અનેરું સ્થાન છે. વીરતા, વિદ્યા અને ધનના આદર્શ માતા દુર્ગા, સરસ્વતી અને લક્ષ્મીજી છે. ‘માતૃદેવો ભવઃ’ ની આપણી સંસ્કૃતિ સંદેશ આપે છે કે, માતાનું સાંન્નિધ્ય, આશીર્વાદ અને કૃપા સંતાનની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરે છે અને તેને સુખથી સંતૃપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. સિદસર ખાતે માતાજીના પ્રાગટ્યના ૧૨૫ વર્ષ થયા છે ત્યારે આ માત્ર જન્મોત્સવ નહીં પરંતુ સમાજોત્કર્ષનું પર્વ છે. સમાજની આવનાર પેઢીઓમાં સંસ્કાર સિંચન અને વિદ્યાદાન હેતુ રાજકોટ, અમદાવાદમાં વિવિધ શૈક્ષણિક સંકુલો સ્થાપિત કરવામાં આવી રહ્યા છે, ત્યારે આ ઉત્સવ નિમિત્તે આયોજિત સંમેલનોમાં વિચાર-વિમર્શ દ્વારા કુરીવાજ નિર્મૂલન અને સમાજ ઉત્કર્ષ માટે આ સમાજની પ્રતિબદ્ધતા જોવા મળે છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, અનેક ધાર્મિક, સામાજિક સંસ્થાઓના પરિશ્રમથી ગુજરાતમાં સદભાવના, વ્યસનમુક્તિ, મદદની ભાવનાનું વાતાવરણ જોવા મળે છે. આ શ્રેષ્ઠ કર્મોથી જ સમાજ આગળ આવશે. હાલના સમયમાં આ મૂલ્યો જાળવવા અને વિસ્તારવા માટે આધ્યાત્મિકતા તરફ વળવું જરૂરી બન્યું છે. માત્ર શાસ્ત્ર વાંચન નહીં પરંતુ આધ્યાત્મિકતાને જીવનમાં ઉતારવી વધારે આવશ્યક છે. ધનની દાન, ભોગ અને નાશ એમ ત્રણ પ્રકારની ગતિ પૈકી દાન ગતિ શ્રેષ્ઠ છે. તેમા પણ વિદ્યા દાન શ્રેષ્ઠ છે, તે ધનને પવિત્ર કરનારું છે. દાન આ જન્મમાં સારું



કર્મ કર્યાના સંતોષનો અનુભવ કરાવે છે અને આવતા જન્મમાં આ પુણ્ય સુખ આપે છે. વિદ્યા સંકુલો માટે કરોડો રૂપિયાનું દાન કરનાર દાતાઓને મારા નમન છે. પ્રાકૃતિક કૃષિ અભિયાનને રાજ્ય સરકારે વિશેષ ઝુંબેશના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં અમલી બનાવ્યું છે તેમ જણાવતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, નિરોગી કાયા એ ઈશ્વરના આશીર્વાદ છે. જો શરીર જ સ્વસ્થ નહીં હોય તો સંપત્તિ, વૈભવ બધું નિરર્થક છે. આજે જંતુનાશક દવાઓના પરિણામે ખેત ઉત્પાદનો કેન્સર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર જેવા અનેક રોગોનું કારણ બન્યા છે. જેઓને કોઈ જ વ્યસન નથી તેવા લોકો પણ આજે કેન્સર જેવા ગંભીર રોગોના ભોગ બની રહ્યા છે. આ તમામ રોગોના મૂળમાં ખોરાકના માધ્યમથી શરીરમાં જતા ઝેરી પદાર્થો છે. આજે જંતુનાશક દવાઓથી ધરતી ઝેરયુક્ત અને તેના ઉત્પાદનો બિનઆરોગ્યપ્રદ બન્યા છે. ધાન્યોમાંથી પોષક તત્વો વિલુપ્ત થયા છે, ત્યારે જો આવનારી પેઢીને સશક્ત અને નિરોગી રાખવી હશે તો પ્રાકૃતિક કૃષિ જ એકમાત્ર વિકલ્પ છે. પ્રાકૃતિક કૃષિના પાંચ સિદ્ધાંતો અપનાવવાથી પાક ઉત્પાદનમાં કોઈ જ ઘટાડો થતો નથી કે કોઈ પણ પ્રકારનું નુકશાન થતું નથી પરંતુ જમીન ફળદ્રુપ બને છે અને ઉત્પાદનોમાં નોંધપાત્ર વધારો થાય છે, તેમ જણાવી કાર્યક્રમમાં લોકો સમક્ષ વીડિયો સંદેશના માધ્યમથી રાજયપાલશ્રીએ પોતાનો કૃષિ અનુભવ રજૂ કર્યો હતો. ઓર્ગેનિક કાર્બન એ ખેડૂતના ખેતરનો પ્રાણ છે. જો જમીનનો ઓર્ગેનિક કાર્બન ૦.૫ ટકાથી નીચે જાય તો એ જમીન બંજર-વેરાન થઈ ચૂકી છે એમ કહી શકાય. ગુજરાતનો ઓર્ગેનિક કાર્બન ૦.૨ ટકા છે. એટલે કે આપણી જમીન બંજરની કેટેગરીમાં આવે છે એ સ્પષ્ટ છે. જો આ જ પ્રમાણે યુરિયા, ડી.એ.પી.નો ઉપયોગ કરતા રહીશું તો આગામી ૪૦ થી ૫૦ વર્ષમાં આપણી કૃષિની જમીન પથ્થર સમાન બની જશે એમાં શંકાને કોઈ સ્થાન નથી તેમ સીદસર ખાતે રાજ્યપાલશ્રીએ કહ્યું હતું. રાજ્યપાલશ્રીએ પાણીની બચત, પર્યાવરણની રક્ષા, જમીન અને દેશી ગાયની રક્ષા, રોગમુક્ત સ્વસ્થ જીવન અને ખેતી-ખેડૂતના સર્વાંગી કલ્યાણ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવા રાજ્યના ખેડૂતોમાં જાગૃતિ આવે તેવા પ્રયાસો પર ભાર મૂક્યો હતો.

**ગુજરાતમાં બેવડી ઋતુનો માર** I મણીનગરમાં પણ કમોસમી વરસાદ પડ્યો જેના કારણે કાંકરિયા કાર્નિવલમાં આવેલા લોકોને ભીના થવું પડ્યું

# અમદાવાદના ઘણા વિસ્તારમાં વરસાદ થયો, કાંકરિયા કાર્નિવલની મજા બગડી



I (એજન્સી) અમદાવાદ, તા.૨૬ I

રાજ્યમાં હાલ હવામાનમાં પલટો આવ્યો છે. હવામાન વિભાગ દ્વારા અગાઉથી જ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી ત્યારે અમદાવાદ શહેરમાં હવે કમોસમી વરસાદે માજા મૂકી છે.

શહેરના મણિનગર વિસ્તારમાં અચાનકથી કમોસમી વરસાદ પડ્યો છે. જેમાં કાંકરિયામાં કાર્નિવલમાં પણ કમોસમી વરસાદને કારણે લોકોના રંગમાં ભંગ પડ્યો હતો. સાથે જ અમદાવાદના ઈસનપુર તેમજ કાલુપુર વિસ્તારમાં પણ કમોસમી વરસાદ પડ્યો છે. ગુરૂવારે સવારથી જ અમદાવાદમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું હતું. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાના કારણે વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, આગામી ૩ દિવસ ગુજરાતમાં માવઠું પડવાની શક્યતા છે. કાંકરિયા કાર્નિવલમાં વરસાદ પડતા ત્યાં આવેલા લોકોની મજા બગડી હતી. એક તરફ ઠંડી અને બીજી તરફ અચાનકથી વરસાદ પડતા લોકો મૂંઝવણમાં મુકાઈ ગયા હતા. લોકોને ન છૂટકે ભીના થવું પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી.અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં કમોસમી વરસાદનું અચાનક મોડી સાંજે આગમન થયું છે. મણિનગર, કાંકરિયા, અમરાઈવાડીમાં વરસાદી છાંટા પડ્યા. તો સીટીએમ, ઈસનપુર, જશોદાનગરમાં વરસાદી છાંટા અનુભવાયા. પૂર્વ વિસ્તારમાં માવઠું થતા જનજીવન ખોરવાયું છે. માવઠાના કારણે કાંકરિયા કાર્નિવલ માણવા પહોંચેલા લોકો ઘર તરફ પાછા ફર્યા હતા. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આવતીકાલે પણ કમોસમી વરસાદ આવી શકે છે. તો બીજી તરફ, પાટનગર ગાંધીનગરમાં પણ કમોસમી વરસાદ નોંધાયો છે.

## RJ સિમરનનું મોત, ગુરુગ્રામમાં આવેલા તેના ફ્લેટમાંથી લટકતી લાશ મળી

I (એજન્સી) ગુરુગ્રામ, તા.૨૬ I

ઈન્ન સિમરનનું ગુરુગ્રામમાં મોત થઈ ગયું છે. તેના મોતના સમાચાર આવતા ચારેતરફ શોકનો માહોલ છવાઈ ગયો છે. સૂચના મળ્યા બાદ ગુરુગ્રામ પોલીસ તપાસમાં લાગી ગઈ છે. તેના ઈન્સ્ટાગ્રામ પર ૬ લાખથી વધારે ફોલોઅર્સ છે. તે પહેલા એક ફેમસ રેડિયો જોકી રહી ચૂકી છે. હાલમાં તે ફ્રીલાન્સર હોવાનું કહેવાતું હતું. જાણકારી અનુસાર, તેનું મોત તેના જ ફ્લેટમાં થયું છે. શરૂઆત તપાસમાં આ આત્મહત્યાનો કેસ લાગી રહ્યો છે. તેની લાશ ફાંસીના ફંદે લટકતી જોવા મળી હતી. હાલમાં તેની બોડી પરિવારને સોંપી દેવામાં આવી છે. તે જમ્મુની રહેવાસી હતી. તે તેના એક મિત્ર સાથે અહીં રહેતી હતી. તેણે જ પોલીસને સૂચના આપી હતી. સેક્ટર ૪૭માં પોતાના જ ફ્લેટમાંથી તેની લાશ મળી છે. હાલમાં પોલીસ તપાસ કરી રહી છે. મોત પાછળનું કારણ પોલીસ જાણવામાં લાગેલી છે. આરજે સિમરન રેડિયોની દુનિયાનું ફેમસ નામ હતી. તેના અવાજના લોકો દિવાના હતા અને તેણે ફેન્સના દિલોમાં ખાસ જગ્યા બનાવી હતી. તે સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહેતી હતી.

## પાલનપુરમાં ગીઝર ગેસના કારણે ૧૩ વર્ષીય કિશોરીનું મોત

I (એજન્સી) પાલનપુર, તા.૨૬ I

બનાસકાંઠામાં ગેસ ગીઝરે લીધો ૧૩ વર્ષીય કિશોરીએ જીવ ગુમાવ્યો હોવાની ઘટના સામે આવી છે. બનાસકાંઠાના પાલનપુરની તિરૂપતિ રાજનગર સોસાયટીમાં ગેસ ગીઝરને કારણે ગૂંગળાઈ જતા કિશોરીનું મોત નિપજ્યું છે. સવારના સમયે કિશોરીએ ગરમ પાણી માટે ગેસ ગીઝર ચાલુ કરીને સ્નાન કરી રહી હતી. સમય વીતવા છતાં કિશોર બહાર ન નીકળતા પરિજનોએ બુમાબુમ કરી હતી. બારીના કાચ તોડીને બાથરૂમમાંથી કિશોરીને બેભાન અવસ્થામાં બહાર કાઢવામાં આવી હતી. કિશોરીને હોસ્પિટલ ખસેડાતા તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. ઉલ્લેખનીય છે કે બાથરૂમમાં નહાવા ગયેલી કિશોરી ૧૫ મિનિટ સુધી બહાર નહીં આવતા તેની માતાએ દરવાજો ખખડાવ્યો હતો. જોકે દરવાજો નહીં ખુલતા માતાએ કાચની બારીમાંથી નજર નાંખતા કિશોરી ફર્શ પર પડેલી જોવા મળી હતી. જે બાદ દરવાજો તોડીને તેને બહાર કઢાઈ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. હોસ્પિટલમાં હાજર તબીબે કિશોરીને મૃત જાહેર કરી જેને લઈ પરિજનોમાં શોકનો માહોલ છે. નાગરિકોને પોતાના ઘરમાં ગીઝર માટે યોગ્ય વ્યવસ્થા કરવાની અપીલ કરી રહ્યા છે.

**અમદાવાદના દિવ્યાંગ તરુણ ઓમ વ્યાસે ગુજરાતનું નામ કર્યું રોશન** I લખી-વાંચી ન શકતા ૧૭ વર્ષીય ઓમને સંસ્કૃતના ૨૦૦૦ જેટલા શ્લોકો કંઠસ્થ છે

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ઓમ વ્યાસને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત

I અમદાવાદ, તા.૨૬ I

અમદાવાદના ૧૭ વર્ષીય દિવ્યાંગ તરુણ ઓમ જિજ્ઞેશ વ્યાસે રાષ્ટ્રીય સ્તરે પોતાનું તથા પોતાના પરિવાર સહિત સમગ્ર ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું છે. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના હસ્તે ઓમ વ્યાસને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કરાયો છે.



અમદાવાદના દિવ્યાંગ ઓમ વ્યાસને કળા તેમજ સંસ્કૃતિ ક્ષેત્રે તેની અદ્વિતીય સિદ્ધિઓ માટે આ નેશનલ એવોર્ડ એનાયત કરાયો છે. ઓમ વ્યાસની વિશેષતા વિશે વાત કરીએ તો, ઓમ લખી કે વાંચી શકતો નથી, પરંતુ તેને સંસ્કૃતના ૨૦૦૦ જેટલા શ્લોકો કંઠસ્થ છે. જેમાં સુંદરકાંડ તથા ભગવદ ગીતાના શ્લોકોનો પણ સમાવેશ થાય છે. આશ્ચર્યની વાત એ છે કે, ઓમ માત્ર ભક્તિનાં ગીતો અને શ્લોકોમાં જ રુચિ ધરાવે છે, તેના માટે મનોરંજનનું સાધન એટલે માત્ર આધ્યાત્મિક ભક્તિ ગીતો. ઓમની ઉંમર જેમ જેમ વધતી જાય છે તેમ તેમ તેની અભિરુચિ આધ્યાત્મિક ક્ષેત્રે વધતી જાય છે.

ઓમને સુંદરકાંડના પાઠ તથા ભગવદ ગીતાના શ્લોકો, હનુમાન ચાલીસા, શિવમહિમ્ન સ્ત્રોત, શિવમાનસ પકજા, રામ રક્ષાસ્ત્રોત, શિવ તાંડવ, ગાયત્રી મંત્રી, ગાયત્રી ચાલીસા, સાંઈ ભવાનીના શ્લોકો ઉપરાંત મારી હુંડી સ્વીકારો મહારાજ, શંભુ શરણે પડી વગેરે જેવાં ભજનો કંઠસ્થ છે. અને નવાઈની વાત એ છે કે, આ બધુ ઓમ વ્યાસે માત્ર સાંભળી સાંભળીને કંઠસ્થ કર્યુ છે.

વધુમાં, ઓમ વ્યાસે અત્યાર સુધી અનેક શો પણ કર્યા છે. અને તેમને અનેક એવોર્ડ્સ, મેડલ્સ, ટ્રોફી અને સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા છે. ઓમના આ ટેલેન્ટને કારણે તેનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડસ, એશિયા બુક ઓફ રેકોર્ડસ, ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ જેવી અલગ અલગ ૧૮ રેકોર્ડ બુક્સમાં નામ પણ નોંધાયું છે. ઓમ વ્યાસને વર્ષ ૨૦૧૭માં પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે રાષ્ટ્રીય દિવ્યાંગજન પુરસ્કાર પણ એનાયત કરાયો હતો અને વડાપ્રધાનશ્રી દ્વારા તેમની પ્રશંસા પણ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે વીર બાળ દિવસ નિમિત્તે આયોજિત સમારંભમાં ૧૭ બાળકોને તેમની અસાધારણ સિદ્ધિઓ માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં ગુજરાતના અમદાવાદના રહેવાસી ઓમ જિજ્ઞેશ વ્યાસને પણ બાળ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

**આ ઘટનામાં બે લોકોના મોત થયા**

# બાવળા-બગોદરા હાઈવે પર કુલ ૪ વાહનો અથડાતા ભયંકર બ્લાસ્ટ

I (એજન્સી) અમદાવાદ, તા.૨૬ I

અમદાવાદમાં બાવળા-બગોદરા હાઈવેથી એક દર્દનાક અકસ્માત થયો હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. બાવળા-બગોદરા હાઈવે પર ભમાસરા ગામ પાસે આ ભયંકર અકસ્માત સર્જાયો હતો. બગોદરાથી બાવળા તરફ જતા કાપડના ટ્રકનું ટાયર ફાટતા બાવળા તરફથી બગોદરા તરફ જતા ટ્રક સાથે અથડાઈ હતી. આ ઘટનામાં કુલ ૪ ભારે વાહનો અથડાતા મોટો અકસ્માત સર્જાયો હતો. વિગતો અનુસાર ટ્રક અથડાતા બ્લાસ્ટ થઈને આગ લાગી હતી. આ અકસ્માત અને આગની ઘટનામાં ૧ ટ્રકમાં સવાર ૨ લોકોના અવસાન થયા છે. અમદાવાદમાં બાવળા-બગોદરા હાઈવે પર ભમાસરા ગામ પાસે રાજસ્થાનના જયપુર અકસ્માત જેવી જ ઘટના બનવા પામી છે. અહીં એક કાપડ ભરેલી ટ્રક અને અન્ય એક ટ્રક વચ્ચે ભયંકર અકસ્માત થયો હતો. જોકે અકસ્માત પછી ટ્રકમાં ભયંકર આગ લાગી જતાં ત્યાંથી પસાર થતાં અન્ય વાહનો પણ અસરગ્રસ્ત થયા હતા અને ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. આ આખી ઘટનામાં ૨ ટ્રકના ૨ લોકો ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા છે. સૂત્રોનું માનીએ તો બાવળા તરફથી બગોદરા તરફ જતા ટ્રકોમાં ઘઉં અને ચોખાની બોરીઓ ભરેલી હતી. મોડી રાત્રે સર્જાયેલા અકસ્માતમાં કલાકો સુધી રાત્રે ટ્રાફિકજામ રહ્યો હતો. આ તરફ ઘટનામાં ફાયર બ્રિગેડએ આગ પર કાબુ મેળવ્યો તો પોલીસે ટ્રાફિકજામના પ્રોબ્લમને સોલ્વ કર્યો હતો. આ તરફ હવે સામે આવ્યું છે કે, કાપડ ભરેલી ટ્રક ચોટીલાથી અમદાવાદ જતી હતી. આ ટ્રક ચોટીલામાં રણછોડભાઈ રબારીની કંપનીની ટ્રક હતી. ટ્રકનો જૂનો ડ્રાઈવર પ્રદીપભાઈ રજા પર ગયો હતો તો મૃતક કમલભાઈ તેની જગ્યા પર આવ્યા હતા. નોંધનીય છે કે, અકસ્માતની ઘટનામાં ડ્રાઈવર કમલભાઈનું અવસાન થયું છે જ્યારે અન્ય ૧ મૃતક કોઈ પેસેન્જર હોવાની વાત પણ સામે આવી છે.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતેથી રાજયકક્ષાનો કાર્યક્રમ યોજાશે**

# સ્વામિત્વ યોજના અંતર્ગત વડાપ્રધાનના અધ્યક્ષસ્થાને દેશભરમાં પ્રોપર્ટી કાર્ડ ઈ-વિતરણ કાર્યક્રમ યોજાશે

I અમદાવાદ, તા.૨૬ I

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને ૨૭મી ડિસેમ્બરના રોજ દેશભરમાં સ્વામિત્વ યોજના અંતર્ગત પ્રોપર્ટી કાર્ડ ઈ-વિતરણ કાર્યક્રમ યોજાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતેથી રાજયકક્ષાનો કાર્યક્રમ યોજાશે. વડાપ્રધાનશ્રીના હસ્તે દેશના લગભગ ૪૬,૦૦૦થી વધુ ગામોમાં ૫૦ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું ઈ-વિતરણ કરવામાં આવશે. સાથે જ, વડાપ્રધાનશ્રી દેશમાં યોજનાના લાભાર્થીઓને સાથે સંવાદ પણ સાધશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રી નરેંદ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારતના તમામ ગામડાઓના નાગરિકોને તેમની મિલકતો પરનો કાયદેસર હક સુનિશ્ચિત થાય તે હેતુથી સમગ્ર દેશમાં સ્વામિત્વ યોજના (SVAMITVA -Survey of Villages and Mapping with Improvised Technology in Village Areas) અમલમાં મુકવામાં આવી છે. સ્વામિત્વ યોજના અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧થી રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં નાગરિકોને તેમના રહેણાંકની મિલકતના અધિકાર આપતો પુરાવો એટલે કે પ્રોપર્ટીકાર્ડ બનાવવા માટે ઝડપી અને પારદર્શક રીતે કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં બીજા તબક્કાના રાજ્યોમાં પ્રથમ નંબરે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ ખાતેથી રાજયકક્ષાના કાર્યક્રમમાં પ્રતીકાત્મક રીતે કેટલાંક લાભાર્થીઓને પ્રોપર્ટી કાર્ડ અપાશે. સમાંતરે રાજ્યભરમાં કાર્યક્રમો યોજાશે. જે અંતર્ગત કુલ ૭૨૧ ગામોમાં ૧,૨૦,૦૦૦ પ્રોપર્ટીકાર્ડનું વિતરણ કરવામાં આવશે.અત્રે ઉલ્લેખનીય છે કે, સ્વામિત્વ યોજના અંતર્ગત રાજ્યના કુલ ૩૩ જીલ્લાના ૧૩,૭૧૪ ગામોમાં ડ્રોન દ્વારા માપણીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, જે પૈકીના ૬,૮૫૯ ગામોમાં પ્રમોલગેશનની કામગીરી પુર્ણ કરી કુલ ૧૧,૮૩,૬૦૬ પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરવામાં આવેલ છે.

**પાટણ યુનિવર્સિટીમાં પોલીસ ઘર્ષણનો મામલો**

# ધારાસભ્ય કિરીટ પટેલ સહિત ૨૧ની ધરપકડ કરવામાં આવી

I (એજન્સી) પાટણ, તા.૨૬ I

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં દારૂકાંડ મામલે કોંગ્રેસના કાર્યકરો અને અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. આ કેસમાં કોર્ટ તરફથી જામીન મળવામાં વિલંબ થતાં કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલ અને ચંદનજી ઠાકોર પોલીસ સમક્ષ હાજર થયા હતા. હાલ જ્યુડિશલ કોર્ટમાં જામીન અરજીનો મામલો ચાલી રહ્યો છે. ત્યારે આજે ધારાસભ્ય કિરીટ પટેલ સહિતના આગેવાનો પોલીસ સ્ટેશન હાજર થયા હતા, ત્યારે પોલીસ ૨૧ લોકોની અટકાયત બાદ ધરપકડ કરી છે. પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં દારૂકાંડ મુદ્દે પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ તેમજ કોંગ્રેસ અને NSUIના આગેવાનો દ્વારા ભૂખ હડતાલ, ધરણાં અને પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના આયોજન માટે કોઈપણ જાતની પરવાનગી લીધી ન હતી. જેથી પોલીસ જાહેરનામાનો ભંગ કરવા બદલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી ૧૪ આગેવાનોની અટકાયત કરી હતી. પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં બાસ્કેટ બોલના ખેલાડીઓએ રાતના સમયે હોસ્ટેલમાં દારૂ પાર્ટી કરી હતી. આ દરમિયાન હોસ્ટેલના રેક્ટરે ચેકિંગ કરતાં દારૂની મહેફિલ માણતાં ઝડપાયા હતા અને ખેલાડીઓએ ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. જેના કારણે ભારે હોબાળો મચ્યો હતો.

# અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ફાયર સેફ્ટી, રોડ સેફ્ટી અને સાયબર ક્રાઇમ વિષય પર તાલીમનું આયોજન કરાયું

I અમદાવાદ, તા.૨૬ I

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ફાયર સેફ્ટી, રોડ સેફ્ટી અને સાયબર ક્રાઈમ વિષય પર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારી શ્રી રોહિત ચૌધરી તથા સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.



'સુરક્ષિત વિદ્યાર્થી, સુરક્ષિત શાળા' અંતર્ગત યોજાયેલ તાલીમમાં અમદાવાદ શહેરની શાળાઓના પ્રતિનિધિશ્રીઓ, સ્કૂલ બસ ડ્રાઈવર, સ્કૂલ વાન ડ્રાઈવર, ટ્રાન્સપોર્ટ મેનેજરને ટ્રાફિક અવેરનેસ અને રોડ સેફટી વિષયે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. વધુમાં ફાયર સેફટી વિશે પણ વાકેફ કરી પ્રેક્ટીકલ ડેમો આપી સમજાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત સાયબર ક્રાઈમ વિશે પણ તમામને જાણકારી આપી પ્રેક્ટીકલ ડેમો દેખાડી સાવચેત રહેવાની અપીલ કરાઈ હતી. પ્રથમ તબક્કાની આ તાલીમમાં અમદાવાદ શહેરના વિવિધ શાળાઓના પ્રતિનિધિશ્રીઓ, સ્કૂલ બસ અને વાન ડ્રાઈવર, ટ્રાન્સપોર્ટ મેનેજર મળી ૪૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આગામી દિવસોમાં બીજા અને ત્રીજા તબક્કાની તાલીમનું પણ આયોજન કરાશે તેવું જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવાયું છે.

વધુમાં, આજે અમદાવાદ શહેર જિલ્લા તાબા નીચેની અનુદાનિત માધ્યમિક શાળાઓના ૬ જેટલા સેવકોને જુનિયર ક્લાર્કના પ્રમોશન ઓર્ડર આપવામાં આવ્યા હતા.




સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

